સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૯ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ | સ્થાપક : બાબુભાઈ શાહ | તા. ૧૬-૫-૨૦૨૪ - ગુરૂવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૨૬ | RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT | તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ | sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT


જામનગર રોડનો સાંઢીયા પુલ આજે સવારે એકાએક બંધ કરાતા ટ્રાફિકની અંધાધૂંધી : એક બે દિવસમાં પોલીસનું જાહેરનામું પ્રસિધ્ધ ૯








### ટ્રાફિક ભંગના ગુનામાં પેનલ્ટીનો વધુ એક કોરડો વિંઝાશે

# વાહનની નિયત ક્ષમતા કરતા વધુ લોકોના પ્રવાસ પર હવે 'સ્થળ પર જ દંડ'

**ટુ-થ્રી વ્હીલર માટે રૂા.૫૦ તથા કાર સહિતના અન્ય વાહનો માટે રૂા.૨૦૦નો દંડ: ચુંટણી આચાર સંહિતા ખત્મ થયા બાદ સરકાર નોટીફીકેશન બહાર પાડશે**

અમદાવાદ તા.૧૬

સરકારી કાયદા-નિયમોના ભંગ બદલ દંડ-પેનલ્ટીરૂપે વધુ એક કોરડો વિંઝવાની તૈયારી કરવામાં આવી છે. વાહનોમાં નિર્ધારિત ક્ષમતા કરતા વધુ લોકોના બેસવા પર સ્થળ પર જ હાજર દંડ વસુલાશે. ફોર વ્હીલર માટે રૂા.૨૦૦ અને થ્રી વ્હીલરો માટે દંડની રકમ રૂા.૫૦ હશે.

થ્રી વ્હીલરથી માંડીને કાર-બસ સહિતના વાહનોમાં નિયત ક્ષમતા કરતા વધુ લોકોનો પ્રવાસ સામાન્ય થઈ ગયો છે ત્યારે આ ટ્રેન્ડ રોકવા માટે રાજય સરકારે સ્થળ પર જ દંડ લાગુ કરવાનો નિર્ણય લીધો છે અને તુર્તમાં તે અમલમાં મુકતુ નોટીફીકિશન જારી કરાશે. મોટર વ્હીકલ એકટ હેઠળ કોઈપણ વાહનમાં આરસી બુકમાં નિર્દિષ્ટ સંખ્યા કરતા વધુ લોકો બેસી શકતા નથી. કારમાં પેસેંજર ક્ષમતા પાંચની હોય છે. પરંતુ ઘણા કિસ્સામાં વધુ લોકો મુસાફરી કરતા હોય છે. આ સ્થિતિ રોકવા માટે દંડ-પેનલ્ટીનો કોરડો વિંઝવાનું નકકી થયું છે જે અંતર્ગત થ્રી વ્હીલર માટે રૂા.૫૦ તથા કાર અને અન્ય વાહનો માટે રૂા.૨૦૦ નકકી કરાયા છે.

ગુજરાતમાં તાજેતરમાં સર્જાયેલા અકસ્માતોમાં વાહનોમાં વધુ પ્રવાસીઓ હોવાનુ માલુમ પડયુ હતું અને તેના પગલે સરકારે કડક કાર્યવાહી કરવાનુ નકકી કર્યુ હતું. આરટીઓએ તાજેતરમાં ખાસ અભિયાન પણ ચલાવ્યુ હતું. એક કિસ્સામાં વાહનમાં નિયત કરતા ૧૦ પ્રવાસી વધુ નિકળતા ચાલકને ૨૦૦૦નો દંડ ફટકારાયો હતો. આ કાર્યવાહીને ટ્રાન્સપોર્ટ કમિશ્નર સમક્ષ પડકારવામાં આવી હતી. દંડ ફટકારનાર અધિકારીએ મોટર વ્હીકલ એકટની જોગવાઈ મુજબ જ કાર્યવાહી કરી હોવાની દલીલ કરી હતી પરંતુ સતાવાર નોટીફીકિશન ન હોવાથી દંડ રદ કરવામાં આવ્યો હતો.

અમદાવાદમાં ત્રણ વર્ષ પુર્વે ટ્રાફીક બ્રાંચે વધુ પ્રવાસી ભરનારા વાહનચાલકને મેમો ફટકાર્યો હતો અને કેસ આરટીઓને (અનુસંધાન છઠ્ઠા પાને)

### સર્વોચ્ચ અદાલતની અત્યંત મહત્વપૂર્ણ ટીપ્પણી

# મની લોન્ડરીંગ કેસમાં કોર્ટની મંજુરી વિના ED કોઇની ધરપકડ ન કરી શકે

**સમન્સના ભાગરૂપે આરોપી હાજર થાય તો કસ્ટડી ન ગણાય, જામીન અરજી કરવાની જરૂર નથી**



નવી દિલ્હી, તા.૧૬

દેશમાં ચૂંટણી પૂર્વે જ રાજકીય નેતાઓ પર એન્ફોર્સમેન્ટ વિભાગ (ઇડી)ના દરોડાથી ગરમાયેલા રાજકારણ વચ્ચે સર્વોચ્ચ અદાલતે સરકારી એજન્સીને ઝટકો આપ્યો છે. સુપ્રિમ કોર્ટે મહત્વપૂર્ણ ટીપ્પણીમાં એમ કહ્યું કે મની લોન્ડરીંગ કેસમાં ધરપકડ કરવા માટે કોર્ટની પૂર્વ પરવાનગી જરૂરી છે. ઇડીના દાવા-દરખાસ્તથી કોર્ટને સંતોષ થાય અને છુટ્ટ આપે તો જ સંબંધિત વ્યકિતની ધરપકડ થઇ શકે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે મની લોન્ડરિંગ એક્ટ (PMLA)ની કલમ ૪૪ હેઠળ કરાયેલી ફરિયાદ કોર્ટે ધ્યાને લીધા બાદ ઈડી કોઈ વ્યક્તિની ધરપકડ ના કરી શકે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી કે જો ઈડીને કોઇની ધરપકડની જરૂર હોય તો તેણે પહેલા કોર્ટ સમક્ષ અરજી કરવી પડશે. તેના પછી કોર્ટ કસ્ટડીમાં પૂછપરછની જરૂરિયાતના કારણો વિશે જાણીને સંતુષ્ટ થશે તો ફકત એક વાર આરોપીની કસ્ટડી આપી શકે છે.

જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જ્વલ ભૂયણની બેન્ચે કહ્યું કે 'જો આરોપી સમન્સનું પાલન કરવા માટે વિશેષ કોર્ટમાં હાજર થયો હોય, તો એવું ન માની શકાય કે તે કસ્ટડીમાં છે. અને જો આરોપી સમન્સ બાદ કોર્ટમાં હાજર થયો હોય તો તેને જામીન માટે અરજી કરવાની જરૂર નથી અને ડખક્અ એકટની કલમ ૪૫ની બેવડી (અનુસંધાન છઠ્ઠા પાને)

# કેજરીવાલ કેસમાં EDને સુપ્રિમનો ઝટકો: વિધાનો સામેનો વાંધો સાંભળવાનો ઇન્કાર

**ધારણા આધારિત અરજીમાં કાંઇ ન થઇ શકેઃ ટીપ્પણી**



નવી દિલ્હી, તા.૧૬

શરાબ કાંડમાં જેલમુક્ત થયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે ફરી અદાલતમાં પહોંચેલી ઇડીને સુપ્રિમ કોર્ટે ઝટકો આપ્યો છે. 'વર્તમાન ચૂંટણીમાં લોકો 'આપ'ને મત આપશે તો પોતે બે જુન બાદ ફરી જેલમાં નહીં જાય' તેવા કેજરીવાલના વિધાન સામે ઇડીએ અરજી કરી હતી પરંતુ સુપ્રિમ કોર્ટે તે સાંભળવાનો જ ઇન્કાર કરી દીધો હતો.

સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ સંજીવ (અનુસંધાન છઠ્ઠા પાને)






# ભારત ચંદ્ર પર પહોંચી ગયું, આપણા બાળકો ગટરમાં પડીને મરી રહ્યા છે', પાક. સંસદમાં જ સાંસદે વખાણ કર્યા

**બન્ને દેશોને સાથે આઝાદી મળી, પણ ભારત આજે મહાસત્તા બનવા તરફ જઈ રહ્યું છે : પાક. સાંસદ સૈયદ મુસ્તફા**



કરાચી : પાકિસ્તાનના સાંસદ સૈયદ મુસ્તફા કમલે ભારતની દિલથી પ્રશંસા કરી છે. પાકિસ્તાની સાંસદે કહ્યુ કે એક તરફ કરાચીમાં ખુલ્લી ગટરમાં પડી બાળકો મરી રહ્યા છે, તો બીજી તરફ ભારત ચંદ્ર પર પહોંચી ગયું છે. પાકિસ્તાનની રાજકીય પાર્ટી મુત્તાહિદા કૌમી મૂવમેન્ટ પાકિસ્તાનના સાંસદ સૈયદ મુસ્તફા કમલે ત્યાંની સંસદમાં પોતાના સંબોધનમાં દેશની સરકારોને અરીસો બતાવ્યો.


પાકિસ્તાની સાંસદે ભારતના જોરદાર વખાણ કરતા કહ્યું કે, 'આજે જ્યારે દુનિયા ચંદ્ર તરફ જઈ રહી છે ત્યારે અમારા બાળકો કરાચીમાં ગટરમાં પડીને મરી રહ્યા છે. જ્યારે આપણે આપણા ટીવી સ્ક્રીન પર સમાચાર જોઈએ છીએ કે ભારત ચંદ્ર પર પહોંચી ગયું છે અને માત્ર બે સેકન્ડ પછી સમાચાર આવે છે કે કરાચીમાં ખુલ્લી ગટરમાં પડી જવાથી એક બાળકનું મૃત્યુ થયું છે. કરાચીમાં તાજા પાણીની અછતનો ઉલ્લેખ કરતા નેતાએ કહ્યું, 'કરાચી પાકિસ્તાનનું રેવન્યુ એન્જિન છે. દેશમાં (અનુસંધાન છઠ્ઠા પાને)


**માણસો જોઈએ છે**

હરીપર (પાળ) ખાતે પ્લાસ્ટીક ઈન્જેકશન મોલ્ડીંગ મશીન ઓપરેટ કરી શકે તેવા માણસો

સંપર્ક : ૯૪૨૯૦ ૪૯૦૦૩ (સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮)








### બિહારનાં મદરેસામાં બોમ્બ બ્લાસ્ટ, વિદ્યાર્થીએ બોલ સમજીને ઉપાડ્યો, મૌલાનાએ ફેંકવાનો પ્રયાસ કર્યો પણ વિસ્ફોટ થયો, બંને ઘાયલ



પટના : છપરાના ગડખા પોલીસ સ્ટેશન વિસ્તારના મોતીરાજપુર ગામમાં સ્થિત મદરેસામાં અચાનક બ્લાસ્ટ થયો હતો. જેમાં મદરેસાના મૌલાના અને તેનો વિદ્યાર્થી ગંભીર રીતે ઘાયલ થયા હતા. બ્લાસ્ટના પડઘાથી આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. (અનુસંધાન છઠ્ઠા પાને)



### શહેરી ક્ષેત્રોમાં બેરોજગારી દર માર્ચ ત્રિમાસિકમાં ઘટીને ૬.૭ ટકા

નવી દિલ્હી તા.૧૬

એનએસએસઓ- રાષ્ટ્રીય નમુના સર્વેક્ષણ કાર્યાલય તરફથી બુધવારે જાહેર કરાયેલ ૨૨માં પીરીયાડિક લેબર ફોર્સ સર્વેના અનુસાર શહેરી ક્ષેત્રોમાં મહિલાઓ વચ્ચે બેરોજગારીનો દર આ વર્ષે જાન્યુઆરી-માર્ચમાં ઘટીને ૮.૫ ટકા થઈ ગયો છે. એક વર્ષ પહેલા આ ત્રિમાસિકમાં આ દર ૯.૨ ટકા હતો. દેશમાં શહેરી (અનુસંધાન છઠ્ઠા પાને)


સીરામીક ફેકટરીના **લોડર માં ડિઝલ વપરાશ**

અન્ય કોઈપણ બ્રાન્ડના ટ્રેકટરની સરખામણીએ જોન ડિયર ટ્રેકટરમાં :
-સૌથી ઓછો હા સૌથી ઓછો કામવારીએ ડિઝલ ખર્ચ તથા -સૌથી ઓછો હા સૌથી ઓછો રીપેરીંગ ખર્ચ આવે

**ઉદાહરણ માટેની ફેકટરીની વિગત**

- વજન કાટાંનું માપ...૬૦ મે. ટન
- ચોવીસ કલાકે કાટાંની કુલ સંખ્યા...૧૦
- એક દિવસે કુલ માટી વપરાશ... ૬૦૦ મે. ટન

લોડરથી માટીના કાંટા ભરવા તથા કોલસો ચડાવવા માટેના **ડિઝલ વપરાશ આશરે** આપેલ છે.

| ક્રમ | લોડર મોડલની વિગત | બીએસ | ગેરની સંખ્યા | બકેટ કેપેસીટી કિલો | એક દિવસે ડિઝલ વપરાશ આશરે |
|---|---|---|---|---|---|
| ૧ | પૂર્ણ નવું જોન ડીયર ૫૪૦૫ | ૪ | ૧૨+૪ | ૧૪૦૦ | ૪૫ લીટર |
| ૨ | પૂર્ણ નવું જોન ડીયર ૫૩૧૦ | ૪ | ૧૨+૪ | ૧૧૦૦ | ૫૦ લીટર |
| ૩ | નવું જોન ડીયર ૫૨૧૦ | 3 | ૧૨+૪ | ૧૧૦૦ | ૫૫ લીટર |
| ૪ | ત્રણ ચાર વર્ષ વાપરેલુ જોન ડીયર ૫૩૧૦ | 3 | ૯+3 | ૧૧૦૦ | ૬૦ લીટર |
| ૫ | ત્રણ ચાર વર્ષ જુનું જેસીબી લોડર | 3 | પી.આર | ૨૦૦૦ | ૧૦૦ લીટર આંકડો ખોટો હોઈ શકે |

■ ૧૧૦૦ કિલો બકેટ લોડર વિકલ્પો :

૧. પૂર્ણ નવું ૫૩૧૦ ડિઝલ બચત* ૧૭%
કલ્ચ : પરમા (નરમ)*, સામાન્ય, પાવર રીવર્સર

૨. નવું ૫૨૧૦
કલ્ચ : ફકત સામાન્ય

૩. ૫૦૫૦
કલ્ચ : ફકત સામાન્ય

■ મોટુ ૧૪૦૦ કિલો બકેટ લોડર વિકલ્પ :

પૂર્ણ નવું ૫૪૦૫ ડિઝલ બચત* ૨૫%•

•મોટું તથા ઝડપી લોડર ખુબ વધારે ડિઝલ બચાવશે.

કલ્ચ વિકલ્પો : ૧. સામાન્ય ૨. પરમા (નરમ)* ૩. પાવર રીવર્સર



જોન ડિયર

* પરમા (નરમ) કલ્ચ પ્લેટ આવરદા ૫૦૦૦ કલાકથી વધારે, કંપની વોરંટી ૫૦૦૦ કલાક ● વારેવારે કલ્ચ પ્લેટ રીપેરીંગની ઝંઝટ, ખોટીપો અને વર્ષે રૂા. ૨૦ થી ૯૫ હજારનું કલ્ચ રીપેરીંગ ખર્ચમાંથી મુકિત.● ચાલકને રાહત

* ત્રણ ચાર વર્ષ જુનું ૫૩૧૦ બીએસ-3, ૧૧૦૦ કિલો બકેટ લોડર સામેની સરખામણીમાં બચત

૨ વ્હીલ ડ્રાઈવ લોડરની સામે ૪ વ્હીલ ડ્રાઈવ લોડર હોય તો કામવારી ૧૫ થી ૨૦% વધારે મળે, ડિઝલ બચે.

જોન ડીયર બીએસ-૪ ટ્રેકટરના રેડીએટરમાં જમા થયેલી ધુળ અથવા રૂ ના તાંતણા માત્ર ૪૫ સેકન્ડમાં, રીવર્સ ફેનની સુવિધા હોય તો સ્વીચ દબાવી સાફ કરી શકાય

**સીરામીક ફેકટરીમાં કયું મોડલ 'કયારે' ખરીદવુ !** હાલ વપરાશનું જુનું લોડર આશરે ૧૫ હજાર કલાકના વપરાશ પછી બદલી નવું લોડર વસાવવું આર્થીક ફાયદામાં છે.

| એક મહીને માટી વપરાશ | સાનુકુળ લોડર મોડલ | એક મહીને માટી વપરાશ | સાનુકુળ લોડર મોડલ |
|---|---|---|---|
| ૫ થી ૨૫ હજાર ટન | ૫૨૧૦ (૧૧૦૦ કિલો બકેટ) | ૧૫ થી ૩૫ હજાર ટન | ૫૪૦૫ (૧૪૦૦ કિલો બકેટ) |
| ૧૦ થી ૩૦ હજાર ટન | ૫૩૧૦ (૧૧૦૦ કિલો બકેટ) | ૨૦ થી ૪૦ હજાર ટન | ૫૪૦૫ -૪×૪ (૧૪૦૦ કિલો બકેટ) |

બીએસ ૪ ટ્રેકટરની ટ્રાયલ લેવા પધારો

**સમય ટ્રેકટર્સ**

સાત હનુમાન, નવાગામ, ૯૦૯૯૦ ૮૫૧૦૯, ૯૪૨૬૨ ૨૦૫૦૧

● રાજકોટ ● મોરબી ● વાંકાનેર ● ગોંડલ ● ધોરાજી





# સોફ્ટ લોન, હાર્ડ ડેટ: ચીનની ડેટ ટ્રેપ ડિપ્લોમસીમાં ફસાઈ રહેલું બાંગ્લાદેશ!

**બાંગ્લાદેશનો આર્થિક વિકાસ હાલ એક નિર્ણાયક તબક્કે છે. બાંગ્લાદેશ હાલમાં પ્રભાવશાળી વિકાસ દર ધરાવે છે કે જે ત્યાંનાં ગાર્મેન્ટ ઉદ્યોગના વિકાસ અને યુવા તથા ગતિશીલ વર્કફોર્સને કારણે છે. જો કે કેટલાક પરિબળો એવા પણ છે કે જે લાંબા ગાળે બાંગ્લાદેશને આર્થિક રીતે પાયમાલ કરી શકે છે. જેમાંનું સૌથી મોટું પરિબળ ચીન સાથેની વેપાર ખાધ છે. આ સિવાય વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો અને આયાત ખર્ચમાં વધારો થવાની પરિસ્થિતિ પણ બાંગ્લાદેશની આર્થિક પ્રગતિને ટ્રેક પરથી ઉતારવા માટે જવાબદાર બની શકે છે.**

**છેલ્લા નાણાકીય વર્ષમાં, બાંગ્લાદેશની ચીનમાંથી આયાત ૨૨ અબજ ડોલરને વટાવી ગઈ હતી કે જ્યારે બાંગ્લાદેશમાંથી ચીનમાં નિકાસ માત્ર ૬૭૭ મિલિયન ડોલરની રહી હતી. આ આશ્ચર્યજનક વેપાર ખાધ બાંગ્લાદેશ માટે નોંધપાત્ર નાણાકીય તાણ ઊભી કરે છે કે તેના ફોરેન એક્સચેન્જ રિઝર્વમાં ઘટાડો કરે છે અને આવશ્યક આયાતોને ફંડ આપવાની તેની ક્ષમતાને અવરોધે છે.**

લાઈવ WIRE
પરખ ભટ્ટ
bhattparakh@yahoo.com

છેલ્લા કેટલાક વર્ષોમાં આપણું પાડોશી રાષ્ટ્ર બાંગ્લાદેશ આંતરિક શાંતિનો અનુભવ કરી રહ્યું છે. બાંગ્લાદેશમાં રાજકીય સ્થિરતા વચ્ચે થોડો ઘણો વિકાસ પણ નોંધાયો છે. તેમ છતાંય બાંગ્લાદેશનો આર્થિક વિકાસ હાલ એક નિર્ણાયક તબક્કે છે. બાંગ્લાદેશ હાલમાં પ્રભાવશાળી વિકાસ દર ધરાવે છે કે જે ત્યાંનાં ગારમેન્ટ ઉદ્યોગના વિકાસ અને યુવા તથા ગતિશીલ વર્કફોર્સને કારણે છે. જો કે કેટલાક પરિબળો એવા પણ છે કે જે લાંબા ગાળે બાંગ્લાદેશને આર્થિક રીતે પાયમાલ કરી શકે છે. જેમાંનું સૌથી મોટું પરિબળ ચીન સાથેની વેપાર ખાધ છે. આ સિવાય વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો અને આયાત ખર્ચમાં વધારો થવાની પરિસ્થિતિ પણ બાંગ્લાદેશની આર્થિક પ્રગતિને ટ્રેક પરથી ઉતારવા માટે જવાબદાર બની શકે છે. આ પડકારોનો સામનો કરવા માટે, બાંગ્લાદેશ સરકારે કથિત રીતે એક સાહસિક પગલાં તરીકે પોતાના સૌથી મોટા ટ્રેડિંગ પાર્ટનર એટલે કે ચીન પાસેથી ૫ બિલિયન ડોલરની સોફ્ટ લોન લેવાનું નક્કી કર્યું છે. જો કે, આ નિર્ણયે વિશ્વ સ્તરે કેટલીક ઉગ્ર ચર્ચાને વેગ આપ્યો છે કે જેનાથી બાંગ્લાદેશની ચીની ધિરાણ પરની વધતી જતી નિર્ભરતા અને ડેટ ટ્રેપની સંભાવના અંગે ચિંતા વધી છે.

આ મુદ્દાના કેન્દ્રમાં એક પ્રચંડ વેપાર અસંતુલન છે. ચીન બાંગ્લાદેશના મુખ્ય વેપારી ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે. છેલ્લા નાણાકીય વર્ષમાં, બાંગ્લાદેશની ચીનમાંથી આયાત ૨૨ અબજ ડોલરને વટાવી ગઈ હતી કે જ્યારે બાંગ્લાદેશમાંથી ચીનમાં નિકાસ માત્ર ૬૭૭ મિલિયન ડોલરની રહી હતી. આ આશ્ચર્યજનક વેપાર ખાધ બાંગ્લાદેશ માટે નોંધપાત્ર નાણાકીય તાણ ઊભી કરે છે કે તેના ફોરેન એક્સચેન્જ રિઝર્વમાં ઘટાડો કરે છે અને આવશ્યક આયાતોને ફંડ આપવાની તેની ક્ષમતાને અવરોધે છે. આથી જ ચીન દ્વારા બાંગ્લાદેશને આપવામાં આવી રહેલી ૫ બિલિયન ડોલરની લોનને જીવનરેખા તરીકે જોવામાં આવે છે કે જે અર્થતંત્રને સ્થિર કરવા અને બાંગ્લાદેશી વ્યવસાયોને કાર્યરત રાખવા માટે જરૂરી કાચા માલના સતત પ્રવાહને સુનિશ્ચિત કરવાના સાધન તરીકે જોવામાં આવે છે.

બીજી તરફ બાંગ્લાદેશ વર્ષ ૨૦૨૬ સુધીમાં લિસ્ટ ડેવલપ કન્ટ્રીઝ (LDC- અલ્પ વિકસિત દેશ)ની યાદીમાંથી બહાર આવવા માંગે છે. આથી બાંગ્લાદેશ તેની લાંબા ગાળાની નાણાકીય સુખાકારીને સુરક્ષિત કરવા માટે સક્રિય અભિગમ અપનાવી રહ્યું છે. બાંગ્લાદેશ સક્રિયપણે વિશ્વ બેંક અને એશિયન ડેવલપમેન્ટ બેંક જેવી સ્થાપિત સંસ્થાઓ સાથે વાટાઘાટો કરી રહ્યું છે કે જે આગામી દાયકા સુધીમાં ઉચ્ચ સ્તરે કન્સેશનલ લોન આપતું રહે. આ વ્યૂહાત્મક આયોજન LDCની સ્થિતિમાંથી બહાર નીકળવાનો અને આગામી વર્ષોમાં વિકાસ લક્ષ્યો માટે સતત નાણાકીય સહાયની ખાતરી આપે છે.



**આર્થિક પડકારોનો સામનો કરવા માટે, બાંગ્લાદેશ સરકારે કથિત રીતે એક સાહસિક પગલાં તરીકે પોતાના સૌથી મોટા ટ્રેડિંગ પાર્ટનર એટલે કે ચીન પાસેથી ૫ બિલિયન ડોલરની સોફ્ટ લોન લેવાનું નક્કી કર્યું છે. જો કે, બાંગ્લાદેશ સરકારના આ નિર્ણયે વિશ્વ સ્તરે કેટલીક ઉગ્ર ચર્ચાને વેગ આપ્યો છે કે જેનાથી બાંગ્લાદેશની ચીની ધિરાણ પરની વધતી જતી નિર્ભરતા અને ડેટ ટ્રેપની સંભાવના અંગેની ચિંતામાં વધારો કર્યો છે.**

ચાઈના પોતાના ડેટ ટ્રેપ માટે ખૂબ જ કુખ્યાત છે. ડેટ ટ્રેપ એટલે કે નાના અને આર્થિક રીતે નબળા દેશોને પહેલા ચાઈના સસ્તા વ્યાજ દરે ખૂબ જ મોટી લોન આપે છે અને પછી જ્યારે તે રાષ્ટ્ર આ લોનની ચુકવણી ન કરે ત્યારે તેની જમીનો અને સંસાધનો પર પોતાનું આધિપત્ય સ્થાપિત કરે છે અથવા તો તે દેશની અર્થવ્યવસ્થાને સંપૂર્ણપણે આયાતી બનાવીને ચીન પોતાની નિકાસમાં વધારો કરે છે. આવું જ હવે બાંગ્લાદેશ સાથે પણ થવા જઈ રહ્યું છે.

હાલ બાંગ્લાદેશ જે કોઈ પ્રોજેક્ટસ પૂરા કટરવા માટે ચીન પાસેથી લોન લઈ રહ્યું છે તે પ્રોજેક્ટસ માટે પહેલા તેણે ચીન પાસે મંજૂરી મેળવવી પડશે. લોનની મંજૂરીમાં વિલંબને કારણે પ્રોજેક્ટ ખર્ચમાં નોંધપાત્ર વધારો થાય છે. વિસ્તૃત પ્રોજેક્ટ સમયરેખા વહીવટી ઓવરહેડ્સ, જાળવણી ખર્ચ અને ફુગાવાના ગોઠવણો પરના ખર્ચમાં વધારો તરફ દોરી જાય છે. વિકાસ માટે ચૂકી ગયેલી તકો અને પ્રોજેક્ટ અમલીકરણમાં અવરોધ પણ આવી શકે છે. લોન આપવામાં જેટલો લાંબો સમય લાગે છે, તેટલો જ પ્રોજેક્ટ વધુ ખર્ચાળ બને છે કે જે ફન્ડિંગ અને પ્રોજેક્ટ કાર્યક્ષમતા બંનેને અસર કરે છે. આ ચક્ર દેવાના બોજને વધારી શકે છે અને પ્રોજેક્ટસના ઉદ્દેશ્ય લાભોને નબળો પાડી શકે છે કે જેનાથી બાંગ્લાદેશ દેવાના પહાડ હેઠળ દબાઈ શકે છે.

બાંગ્લાદેશ અને ચીન વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી છે કે જેને બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ (BRI) હેઠળ વ્યાપક સહયોગ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. આ મહત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ઈન્ફ્રાસ્ટ્રકચર, ટ્રાન્સપોર્ટેશન, પાવર અને આઈટીમાં વધારો કરવા માટે ચીન તરફથી ૨૧ બિલિયન ડોલરની પ્રતિબદ્ધતા જોવા મળી છે. જ્યારે આ રોકાણોએ નિઃશંકપણે બાંગ્લાદેશની માળખાકીય સુવિધાઓ અને આર્થિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું છે, ત્યારે ચીનની લોન અને રોકાણો પર બાંગ્લાદેશની વધતી જતી નિર્ભરતા સંભવિત ડેટ ટ્રેપ અંગે ચિંતા ઉભી કરે છે. જેનાથી બાંગ્લાદેશની લાંબા ગાળામાં આ લોન ચૂકવવાની ક્ષમતા વિશે પ્રશ્નો ઉભા થાય છે. જો બાંગ્લાદેશ ડિફોલ્ટ થાય છે, તો બાંગ્લાદેશની સાર્વભૌમત્વ સાથે સમાધાન કરીને રાજકીય અથવા આર્થિક છૂટ મેળવવા માટે ચીન સંભવિતપણે તેના લોન હોલ્ડિંગનો લાભ લઈ શકે છે.

ચીનના રોકાણોએ નિઃશંકપણે બાંગ્લાદેશના વિકાસમાં ફાળો આપ્યો છે. જો કે, લોનની શરતોનું કાળજીપૂર્વક મૂલ્યાંકન અને ધિરાણ સ્ત્રોતોનું વૈવિધ્યકરણ નિર્ણાયક છે. આ અભિગમ લોનની જાળમાં ફસવાના જોખમોને ઘટાડશે અને લાંબા ગાળાની આર્થિક ટકાઉપણું સુનિશ્ચિત કરશે. ચીનના ટૂંકા ગાળાના ફાયદા ને બદલે બાંગ્લાદેશે લાંબા ગાળાના આયોજનો કરીને નાજુક માર્ગે ચાલવું જોઈએ. તો જ તે ચીનના આ ડેટ ટ્રેપમાંથી બહાર આવી શકશે અને પોતાના અર્થતંત્રની સ્થિરતા જાળવી શકશે.

## સુવિચાર

કાલે અરીસો આખો હતો તો
બધા જોઈ જોઈને જતા, આજે તુટી ગયો તો
બધા બચી બચીને જાય છે,
સમય સમયની વાત છે
લોકો તમારી નહિ પણ તમારી
પરિસ્થિતિ સાથે હાથ મિલાવે છે !!

# માંગ વધતા તાંબાના ભાવ બે વર્ષની ઉંચાઈ પર

## અમેરિકામાં સર્વોચ્ચ સપાટીએ સોદા: વિશ્વમાં સૌથી મોટો ગ્રાહક ચીન છે

અમદાવાદ તા.૧૬

ઔદ્યોગીક માંગમાં થયેલા સુધારા અને તંગ પુરવઠાની સ્થિતિને કારણે ૨૦૨૪ ના વર્ષમાં કોપરના ભાવ ૧૯-૨૦ ટકા વધીને બે વર્ષની ઉચી સપાટીએ પહોંચ્યા હતા. એલએમઈ ખાતે કોપરનાં ભાવમાં બુધવારે પાંચ ટકાનો ઉછાળો આવ્યો હતો.જયારે અમેરીકામાં ભાવ સર્વોચ્ચ સપાટીએ ટ્રેડ થતાં હોવાના રિપોર્ટ મળતા હતા.

વિશ્વના સૌથી મોટા મેટલ એકસચેંજ લંડન મેટલ એકસચેંજ (એલએમઈ) પર પણ બે વર્ષની ઉંચી સપાટીએ ટ્રેડ થતાં હતા તો અમેરીકામાં સીએમઆઈ, ચીનનાં શાંઘાઈ મેટલ એકસચેંજ અને ભારતમાં તેને પગલે ભાવમાં ઝડપી ઉછાળો નોંધાયો હતો.



છેલ્લા પાંચ મહિનાથી તાંબાના ભાવમાં તેજીનું વાતાવરણ રહ્યૂં છે. જેને પગલે ભાવમાં લગભગ ૨૦ ટકાની તેજી આવી હોવાનું જાણકારોનું કહેવુ હતું. એલએમઈ ભાવ ટને ૧૦,૨૦૦ ડોલરની સપાટીએ પહોંચ્યા છે. અગાઉ સર્વોચ્ચ ભાવ ૧૦,૮૪૫ ડોલર હતા.

અમેરીકામાં સીએમઈ ખાતે કોપરના ભાવ પણ એલએમઈ કરતાં S ૩૦૦ ના પ્રિમીયમે ભાવે ટ્રેડ થઈ રહ્યા છે. જે દર્શાવે છે કે અમેરીકાની માંગમાં સુધારો થઈ રહ્યો છે. રોકાણકારો ઔદ્યોગીક માંગને ધ્યાનમાં લઈને લાંબા ગાળા માટે તેજીમાં છે અને માર્ચથી સીએનઆઈ કોપર ઈન્ડસ્ટ્રીઝમાં ૩૦ ટકાનો ઘટાડો થયો હોવાથી પુરવઠો તંગ બન્યો છે. ચીનમાં નવા રાહતના પગલાથી પણ કોપરની તેજીને વેગ મળ્યો છે.

**માગ-સપ્લાયની સ્થિતિ**

| વર્ષ | ઉત્પાદન | માંગ |
|---|---|---|
| ૨૦૨૩ | ૨૫.૯૮ | ૨૫.૬૯ |
| ૨૦૨૪★ | ૨૭.૨૦ | ૨૭.૬૬ |
| ૨૦૨૫★ | ૨૭.૦૫ | ૨૮.૧૩ |

(મિલીયન ટન, 'ભાવિઅંદાજ)

વિશ્વનાં સૌથી મોટા તાંબાના ગ્રાહક ગણાતા ચીનની અર્થ વ્યવસ્થામાં ધીમા સુધારા વચ્ચે રાહતના પગલાને કારણે માંગ સુધરવાની આશા છે.ગયા અઠવાડીયે ભંડોળ એકત્ર કરવા માટે ૧ ટ્રીલીયન યુઆન મુલ્યના બોન્ડસ જારી કરવાથી અર્થતંત્રના મુખ્ય ક્ષેત્રોને ઉતેજન મળવાની શકયતા છે.

રોકાણકારોનું કહેવુ છે કે વર્તમાન વર્ષ માટે ઈન્વેન્ટરીઝ પર્યાપ્ત છે. જોકે નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે ઈન્વેન્ટરીઝની ચિંતા કેમ કે માંગ વધવાની શકયતા જોવામાં આવે છે. ૨૦૨૪ માં ચીનમાં કોપર સ્મેલ્ટીંગમાં ૧૦ ટકાનો ઘટાડો થયો છે.

## આજનું ચિંતન

### પરમાત્માનો સ્વભાવ : કરૂણા અને પ્રેમ

દીપક પ્રકાશ પ્રદાન કરે છે, લાઈટ પ્રકાશ પ્રદાન કરે છે. પણ સૂર્ય ? એ પ્રકાશ પ્રદાન કરતો નથી. કારણ ? પ્રકાશપ્રદાન એ તો સૂર્યનો સ્વભાવ જ છે અને જે સ્વભાવ હોય છે અને એને 'કરવાનો' નથી હોતો, 'થઈ જ જાય' છે.

સર્વજ્ઞ વિતરાગ અરિહંત પરમાત્મા આ જગતના સર્વ જીવો પર કરૂણા વરસાવે છે એમ ? આ જગતના સર્વ જીવો પર એ પ્રેમ કરે છે એમ ?

ના. કરૂણા અને પ્રેમ એ તો એમનો સ્વભાવ છે. એમને કરૂણા વરસાવવાની નથી હોતી કે પ્રેમ કરવાનો નથી હોતો. એમની કરૂણા વરસતી જ હોય છે, એમનાથી પ્રેમ થતો જ રહેતો હોય છે.

આવા કરૂણાસાગર અને પ્રેમધારક પરમાત્માને 'તેઓ તો કશું જ કરે નહીં' એવું માનવું એ એમની ઘોરાતિઘોર અશાતના છે.

આવા કરૂણાસાગર અને પ્રેમધારક પરમાત્માને 'તેઓ તો કશું જ કરે નહીં' એવું માનવું એ એમની ઘોરાતિઘોર આશાતના છે.

## ખુશીના માર્ગના ૧૨ વિઘ્નો

મૂલ્યોની મહેક
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

ચિંતામુક્ત ખુશહાલ ખુશનશીબ જીવન કોને પ્રિય ન હોય? જીવનમાં સૌ મનુષ્ય માત્રનો પુરૂષાર્થ એ દિશા તરફનો હોય છે. અને મહેનત કરવા છતાંયે સદા ખુશ રહેવાતુ નથી. તે માટે નાની નાની પરંતુ અગત્યની અમુક બાબતોને આપણે નજર અંદાઝ ન કરવી જોઈએ.

**૧. ભાષાનો દુરૂપયોગ :** આપણી બોલી કટાક્ષમુક્ત, ઉંચી અવાજમુક્ત રાખવી જોઈએ.

**૨. સ્વાર્થ ભાવના :** મનમાં સ્વાર્થ ભાવ હશે તો સંકલ્પોની અતિ સાથે દુવિધા આવશે જે ખુશી છિનવી લે છે

**૩. ખોટી ટેવોમાં ફસાવવું :** પરચિંતન, પર દર્શન, સ્વયંની કે અન્યની કમી કમજોરીઓના ચિંતનમાં રહેવું આદિ ટેવો અને વ્યસનના પદાર્થોનુ સેવન પણ પતન તરફ લઈ જાય છે.

**૪. સહયોગી ન બનવું :** બીજાને નિઃસ્વાર્થ મદદ કરવાથી તેમની દુવાઓ આપણી ખુશી વધારે છે.

**૫. વિતેલી વાતોની યાદમાં રહેવું :** ભતકાળની ન બદલી શકાતી એવી વાતોને વાગોળતા રહેવું એટલે કે ન ભૂલી શકવું તે છેકમજોરી. જે ખુશી ગાયબ કરી દે છે.

**૬. ભવિષ્યની ચિંતા કરવી :** હર ઘડી, હર દિવસ બદલાતો રહે છે તેની સાથે મનુષ્ય મનના વિચારો પણ બદલાય છે. ભવિષ્યનું એક લક્ષ્ય અવશ્ય હોવું જોઈએ કે જેની ચિંતા કે પૂર્ણ કરવાની તાત લાગી રહે પરંતુ તેના ફળની નિષ્ફળતાને લઈને કે વિઘ્ન આવવાના ભયથી ચિંતિત રહેવું તે ખુશ બનવા નહી દે.

**૭. બીજા સાથે પોતાની સરખામણી :** ઈર્ષા, અદેખાઈ જેવા દુર્ગુણો આપણને સરખામણી કરાવે છે અને આમ ચહેરો ખુશ રહેવાને બદલે ખુષ્ક બની જાય છે.

**૮. નિંદા, ચુગલી કરવામાં સમય ગુમાવવો :** અન્યની ભૂલો શોધી તેમનું વર્ણન બીજા સામે કરવું તે છે ભૂલ. આમ એકે ભૂલ કરી, તે જોનાર તેની ફરિયાદ કરે છેકે તેમના પર રોષ કરી પોતે પણ ભૂલ કરે છે. આમ થવાથી ચિંતન વધુ ચાલે છે અને ખુશીની સ્વયંના જીવનમાં નો એન્ટ્રી થાય છે.

**૯. રાજયોગ મેડિટેશનનો અભ્યાસ ન હોવો :** મનને નિયંત્રણ કરવાની શક્તિ રાજયોગ દ્વારા વધે છે. જેના નિત્ય અભ્યાસથી ચિંતા, ભયથી મુક્ત થવાથી ખુશીનો પારો ચઢે છે.

**૧૦. અસ્વસ્થ શરીર :** જેને કારણે ખુશી ગાયબ થાય છે પરંતુ મારા કર્મોના ભોગ રૂપે આ બીમારી છેજે મારે જ હઁસતા કે રડતા ભોગવવાની છે. તેવી સ્મૃતિ બીમારીનો પ્રભાવ મન, બુધ્ધિ કે ચહેરા પર નહી પડે.

**૧૧. સંબંધોમાં સમજનો અભાવ :** જેનાથી શંકા-કુશંકાઓ વધે છે અને આપસી મતભેદ વધે છે.

**૧૨. બીજા પ્રત્યે ધૃણા કે ઈર્ષાભાવના ભાવ:** જે ખુશી છીનવી લે છે. આ બાબતો પર ધ્યાન આપીએ અને ખુશીને કાયમી જીવનમાં ભરીએ.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
વૈશાખ સુદ-૯, તા.૧૭/૫/૨૪, શુક્રવાર

સૂર્યોદય : ૬-૦૮, સૂર્યાસ્ત : ૭-૧૮, જૈન નવકારશી : ૬.૫૬
રાશિ : સિંહ (મ.ટ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-વૃષભ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મેષ, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-સિંહ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** પ્રોફેશનલ જીવન બન્નેને પરિવારની વચ્ચે સંયુકત કરવું પડશે, જરૂરીયાતો માટે સાઈડ બિઝનેસ જરૂરી રહેશે.

**વૃષભ :** સોશ્યલ મીડિયાના માધ્યમથી સારો લાભ મળી શકે છે, મિત્રોની સાથે કોમ્યુનિકેશન જરૂરી રહે.

**મિથુન :** આપને મોસાળથી સારો લાભ રહેશે, શારીરીક રીતે અનુકુળતાઓ જોવા મળશે, મંદ બુધ્ધિથી જાળવવું.

**કર્ક :** જોબમાં કોઈ ન્યુ ઓફર આવે, ટેલેન્ટનો લાભ મળવાનો, નકારાત્મક વિચારો ટાળજો.

**સિંહ :** ઉધારી ધંધાને લઈને મુશ્કેલી રહેવાની જેથી આ બાબત ધ્યાનમાં રાખજો.

**કન્યા :** હોટલ લાઈનમાં વધુ ઈન્ટરેસ્ટ રહેવાનો, તમો કોઈને કોઈ નવીન કાર્ય કરી શકો છો.

**તુલા :** વડીલોના સહકાર થકી કોઈ કાર્યોમાં સફળતા મળવાની છતાં વધુ પડતી સાહસિકતાથી દુર રહેવું.

**વૃશ્ચિક :** કાર્યક્ષેત્રે કેટલાક નોંધપાત્ર નિર્ણયો લેવાશે, જે લાભદાયક રહેશે, મિલ્કતના પ્રશ્નોમાં સફળતા રહે.

**ધન :** નિર્ણયાત્મક પરિસ્થિતિ બાબત ધીરજ રાખવી, ખર્ચ ઉપર કાબુ રાખવો, યાત્રા પ્રવાસમાં સફળતા મળવાની.


**મકર :** જવાબદારીવાળુ કાર્ય તમારે કરવાનું રહેશે, નાણાકીય જવાબદારીઓ બાબત સાવધાની રાખવી જરૂરી.

**કુંભ :** સ્વપ્રયત્નો દ્વારા કરવામાં આવેલ પ્રયત્નો ફળવાના, કાર્યક્ષેત્ર વધવાનું છે, નોકરીમાં કાર્યભાર રહે.

**મીન :** અગત્યના કાર્યમાં સફળતા મળવાની છે. ભાગીદારી સંબંધોમાં કોઈ ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખવું.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. રાજકપૂર-શૈલેન્દ્રના સાથીદાર સંગીતકાર (૮)
૫. માથાનો દુઃખાવો (૪)
૭. ...કિતાબ(૩)
૯. કુટેવ, આદત (૨)
૧૧. વિત ..., અનુ... (૨)
૧૨. લા.ઠા. તરીકે જાણીતા કવિ-વૈદ્ય (૮)
૧૬. આપણે તો ... મનુષ્ય છીએ(૩)
૧૭. સ્પર્શતા જ કરમાઇ જતો છોડ (૪)
૧૯. એક ચોઘડીયું (૨)
૨૧. ...યાત્રા કરે તેના નામ આગળ 'હાજી'લાગે (૨)
૨૨. નાનો નાનો કલશોર બાળકોનો (૫)
૨૪. બાળકોના ભોજનનું મમ્મીએ પાડેલું નામ (૨)
૨૫. કબીર બેદી-પ્રતિમા બેદીની પુત્રીનું નામ (૨)
૨૭. ...વિવાદ (૨)
૨૮. તીન-ગુજરાતી કર)
૨૯. ગુજરાતી સાહિત્ય માટેનો સુવર્ણચંદ્રક (૬)

### ઉભી ચાવી

૧. ડાઉટ કરવાની વૃતિ (૪)
૨. દરાર-ઉંધુ લખો (૩)
૩. નસીબ (૩)
૪. એક વાનગી (૩)
૬. કચ્છનું એક ગામ (૪)
૭. કાચ કાપવાનું માધ્યમ (૪)
૮. દરિયો, સમંદર (૩)
૧૦. આહવાન, પડકાર (૩)
૧૩. અકડેઠઠ, હાઉસફુલ (૪)
૧૪. હોલી ડે (૨)
૧૫. વાસણ (૨)
૧૬. એક જ રાજવી સંતાન (૫)
૧૮. સ્વાગત માટે પાથરવામાં આવે (૩)
૨૦. ચેલેન્જ, પડકાર (૪)
૨૧. ફિલ્મ : મેરે ... મેરે દોસ્ત (૪)
૨૩. લાલા માટેનું આદરણીય સંબોધન (૩)
૨૬. આ વાત માત્ર તમારી ... ખાતર (૨)
૨૭. ક્રમબધ્ધ ... ફરતી (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | મૃ | ત | ઘા | ય | લ | | મં | ચ | સ્થ |
| | ત | | | શ | ક | લ | | દા | |
| અ | દે | ખા | ઈ | | બા | | સ | મા | જ |
| રા | હ | | | | ય | વ | ત | મા | લ |
| જ | | સા | ત | | ચા | | | | વા |
| ક | દ | મ | | આ | ન્સ | ર | | મા | હિ |
| | | વે | | પ | | | જ | ન | ની |
| શ | ર | દ | | ક | ર | | બ | વા | |
| ર | જા | | મા | મા | જી | | પા | ચ | ક |
| ત | | ક | લા | ઈ | | ચા | ન | ક | |

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૯ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ | સ્થાપક : બાબુભાઈ શાહ | તા. ૧૬-૫-૨૦૨૪ – ગુરૂવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૨૬ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

**પ્રિ-પેઈડ સ્માર્ટમીટરથી વિજખર્ચ વધી ગયો! વડોદરા-જામનગરમાં હોબાળો** ૧૪

**ગાંધી સોસાયટીના કોમન પ્લોટની કપાતમાં જતી જમીનનું ૧.૭૬ કરોડનું વળતર ચૂકવાશેઃ કલેકટર** 3




ગાંધીગ્રામ પોલીસ મથક વિસ્તારમાં તસ્કરોનો પડાવ: સતત ત્રીજા દિવસે ચોરી

# તિરૂપતિનગરમાં ઈલેક્ટ્રીક સામાનના ગોડાઉનમાંથી રૂા.૩.૧૯ લાખના સામાનની ચોરી

### ગોડાઉનની દિવાલ ઠેકી ઘુસેલા તસ્કરોએ ૮૯ બંડલ વાયર ચોરી હવામાં ઓગળી ગયાં: સ્થાનિક પોલીસ, એલસીબી, ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમોમાં દોડધામ: સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોનું પગેરૂ મેળવવા તજવીજ



તિરૂપતિનગરમાં ઈલેક્ટ્રીકના સામાનના ગોડાઉનમાંથી લાખો રૂપિયાના વાયરના બંડલની ચોરી થઈ હતી તે ગોડાઉન અને તેમાં અંદર વેરવિખેર પડેલ સામાન તસવીરમાં જોઈ શકાય છે. (તસવીર: ભાવિન રાજગોર)

રાજકોટ. તા.૧૬

શહેરના ગાંધીગ્રામ પોલીસ મથક વિસ્તારમાં સતત ત્રીજા દિવસે ચોરીનો બનાવ સામે આવતાં લોકોમાં ગભરાટ સાથે ફફડાટ મચી ગયો હતો. ત્રણ દિવસમાં ભારતીનગર મેઈન રોડ પર શેરી નં.૨ ના ખૂણે વિશ્વેશ્વર મહાદેવના મંદિર પાસે રહેતાં કોમ્પ્યુટર એન્જીનીયર ધવલભાઈ નરેન્દ્રભાઈ ચૌહાણના મકાનમાંથી રૂ.૪.૪૮ લાખના સોનાના દાગીના અને રોકડની ચોરી થઈ હતી. તેમજ ગાયત્રીધામ સોસાયટીમાં કર્મકાંડી પ્રૌઢના મકાનમાંથી રૂ.૪૨ હજારના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયાં બાદ તિરુપતિનગર મેઈન રોડ જુની પોસ્ટ ઓફીસની બાજુમાં ઇલેક્ટ્રીક સામાનના ગોડાઉનમાંથી રૂ.૩.૧૯ લાખના વાયરની ચોરી થતાં સ્થાનિક પોલીસનું નાક વઢાયું હતું. સતત ત્રીજા દિવસે ચોરીનો બનાવ બનતાં પોલીસ દોડતી થઈ હતી અને તસ્કરોનું પગેરૂ દબાવવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

બનાવ અંગે નિર્મલા રોડ પાસે લીંબુડી વાડી મેઈન રોડ પર રહેતાં વિવેકભાઈ મણીલાલ દેથરીયા (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતુંકે, તેઓનું તિરુપતિનગર મેઈન રોડ જુની પોસ્ટ ઓફીસની બાજુમાં ઓફીસ/ગોડાઉનમા આવેલ છે. જેમા ઈલેક્ટ્રીકને લગતો સામાન રાખી વેપાર કરે છે. ગઈ તા. ૧૪/૦૫/૨૦૨૪ ના સાંજના સમયે તેઓ ઓફીસ/ગોડાઉન બંધ કરી ઘરે જતાં રહેલ હતાં. ગઈકાલે સવારના દશેક વાગ્યાની આસપાસ ઓફીસ/ગોડાઉન ગયેલા અને ઓફીસ/ગોડાઉનનો મેઈન દરવાજો ખોલતા અંદરના ભાગે દરવાજાના લોક તોડેલ હતા અને સામાન અસ્ત-વ્યસ્ત પડેલ હતો. તપાસ કરતા ઓફીસ/ગોડાઉનમા રાખેલ માલમાથી ૧.૦ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૨૨ રૂ. ૪૧૨૫૦, ૧.૫ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૧૨ રૂ. ૨૬૫૦૦, ૨.૫ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૦૮ રૂ. ૪૩૬૧૩, ૪.૦ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૦૫ રૂ. ૪૨૨૭૫, ૧.૭૫ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૨૯ રૂ. ૨૫૬૦૦, ૨.૫ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૧૩ રૂ. ૩૮ હજાર, ૬.૦ સ્કવેર એમએમ વાયર બંડલ નંગ ૦૩ રૂ.૧૮ હજાર સહિતના અલગ અલગ વાયરના બંડલ કોઈ અજાણ્યા શખ્સો ઓફીસ/ગોડાઉનની દિવાલ ઠેકી અંદર પ્રવેશ કરી દરવાજાના નકુચો તોડી પ્રવેશ કરી નીચેના રૂમના અને ઉપરના માળના દરવાજાના નકુચા તોડી ઈલેક્ટ્રીકનો અલગ-અલગ વાયરનો જથ્થો કુલ ૮૯ વાયરના બંડલ મળી કુલ રૂ. ૩,૧૯,૨૩૮ નો મુદ્દામાલ ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી પીઆઈ બિ.ટી.અકબરીની રાહબરીમાં ટીમે તપાસ હાથ ધરી હતી. ઉપરાંત ચોરીના બનાવમાં વધારો થતાં એલસીબી અને ક્રાઇમ બ્રાન્ચની ટીમોએ પણ સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોનું પગેરૂ દબાવવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

## ભારતીનગર અને ગાયત્રીધામ સોસાયટીમાં થયેલ ચોરીના બનાવમાં ક્રાઈમ બ્રાન્ચે પગેરૂ દબાવ્યું

રાજકોટ. તા.૧૬

ભારતીનગર મેઈન રોડ પર શેરી નં.૨ ના ખૂણે વિશ્વેશ્વર મહાદેવના મંદિર પાસે રહેતાં કોમ્પ્યુટર એન્જીનીયર ધવલભાઈ નરેન્દ્રભાઈ ચૌહાણના મકાનમાંથી રૂ.૪.૪૮ લાખના સોનાના દાગીના અને રોકડની ચોરી અને ગાયત્રીધામ સોસાયટીમાં કર્મકાંડી પ્રૌઢના મકાનમાંથી રૂ.૪૨ હજારના મુદ્દામાલની થયેલ ચોરીના બનાવમાં ક્રાઈમ બ્રાન્ચે પગેરૂ દબાવી બે તસ્કરોને પકડી લીધાનું પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યું હતું.

## ખેતી બેંકના લોનધારક ભુપત ભરવાડને ચેક રિટર્ન કેસમાં એક વર્ષની કેદની સજા



સંજયસિંહ જાડેજા એડવોકેટ

રાજકોટ, તા.૧૬

ખેતી બેંકના લોનધારકે બેંકની લેણી રકમ પેટે આપેલ ચેક પરત ફરેલ હોય, જે અંગેના ફોજદારી કેસમાં આરોપીને એક વર્ષની સજા તથા ચેક રકમનું વળતર ચૂકવવા કોર્ટે હુકમ કર્યો છે. ગુજરાત રાજય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લી. (ખેતી બેંક)ની જિલ્લા કચેરી, રાજકોટના અધિકૃત અધિકારી રાજેશભાઈ જે. પુજારાએ રાજકોટ શાખાના લોન ધારક આરોપી ભુપતભાઈ ભીખાભાઈ ભરવાડ (રહે. ખોરાણા, તા. રાજકોટ) સામે ચેક રિટર્નની ફરિયાદ નોંધાવી હતી. કેસ મુજબ, આરોપીએ બેંકમાંથી લોન લીધી હતી. જેની લેણી રકમ ચૂકવવા બેંકને રૂ.૧,૬૭,૧૦૧ નો ચેક આપેલ. જે ચેક ફંડ ઈનશફીશીયન્ટના શેરા સાથે રીર્ટન થયેલ. નોટીસ આપવા છતાં આરોપીએ રકમ ચૂકવી નહોતી. કેસ ચાલતા ફરીયાદી બેંકના વકીલે કરેલ લેખિત મૌખિક દલીલો, રજૂ રાખેલા પુરાવા, વિવિધ કોર્ટના ટાંકેલા ચુકાદા ધ્યાને લઈ રાજકોટના સોળમાં એડી. ચીફ જયુ. મેજી. એ. પી. ડેરે આરોપીને એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ ૬૦ દિવસમાં ન ચૂકવે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ હતો. આ કેસમાં ફરીયાદી બેંક વતી એડવોકેટ મુકેશ આર. કેશરીયા, રાજેશ એન. મંજુસા, સંજયસિંહ આર. જાડેજા તથા હાર્દિક એમ. પાઠક રોકાયેલ હતા.

## ચેક રિટર્ન કેસમાં આરોપી જતિન કનૈયાને ૬ માસની સજા

રાજકોટ,તા.૧૬

રાજકોટ શહેરના ન્યુ નહેરુનગર વિસ્તારમાં આવેલી ફરીયાદી મંડળી કાનમેરકુપા શરાફી સહકારી મંડળી લી.માંથી આરોપી જતિન શરદભાઈ કનૈયાએ રૂા.૮૦,૦૦૦ની લોન લીધી હતી.જતિન કનૈયાએ લોનની રકમ ચુકવવા માટે ફરીયાદી મંડળીને રૂા.૯૮.૪૪૫નો ચેક આપેલો જે રિટર્ન થતા નોટિસ બાદ પણ રકમ ન ચૂકવતા મંડળી દ્વારા આરોપી વિરૂદ્ધ કોર્ટમાં કેસ દાખલ કરેલો.આરોપી સામે કેસ ચાલી જતા ફરિયાદીના વકીલે કરેલી દલીલો અને રજૂ રાખેલા દસ્તાવેજી પુરાવા તેમજ ટાંકેલા વિવિધ કોર્ટના ચુકાદા ધ્યાને લઈ ન્યાયાધીશ એ.પી.ડરે જતિન કનૈયાને તકસીરવાન ઠેરવી છ માસની સાદી કેદની સજા અને ૬૦ દિવસમાં ચેક મુજબની રકમ ન ચૂકવે તો વધુ છ માસની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી મંડળી વતી રાજકોટના એડવોકેટ વિનીત પી.શેઠ અને કેવલ કે.શેઠ રોકાયેલા હતાં.

## સૂચિત સોસાયટી રેગ્યુલરાઈઝ કરવાની પ્રક્રિયા વખતે ઓળવી ગયેલ રકમ મેળવવા કરેલી રીવિઝન નામંજૂર

### મામલતદાર કચેરીના કોન્ટ્રાકટ બેઈઝ કર્મી દ્વારા ગુનો આચરવામાં આવેલો હોવાની ફરિયાદ નોંધાઇ હતી

રાજકોટ, તા.૧૬

સુચીત સોસાયટી રેગ્યુલરાઈઝ કરાવવા ભરવાની થતી રકમના બોગસ ચલણ બનાવી રકમ ઓળવી જવાના ગુનામાં ફોર્જરી આચરવાના ગુનાના કામે ભોગ બનનાર માંગણી કરેલ રકમ પરત મળવાની રીવિઝન અરજી સેશન્સ અદાલતે રદ કરી છે.

કેસની હકીકત જોઈએ તો, કુવાડવા રોડ ઉપર ડીમાર્ટ પાસે રહેતા ફરીયાદી મનીષ ખોડાભાઈ રાઠોડે ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં આરોપી અલ્પેશ મોહન ગેડીયલ અને વિવેક ઘનશ્યામભાઈ રાઠોડ વિરૂધ્ધ ફરીયાદ આપેલ કે, ફરીયાદી તથા સાહેદોએ પોતાની સુચીત સોસાયટીની મીલકત રેગ્યુલરાઈઝ કરાવવા માટે મામલતદાર કચેરીએ ચલણ કઢાવી બેંકમાં રકમ ભરવાની હોય ત્યારે મામલતદાર કચેરીમાં કોન્ટ્રેક્ટ બેઈઝ ઉપર નોકરી કરતા અલ્પેશ તથા અન્ય આરોપીએ એસ.બી.આઈ બેંક ના બનાવટી સીક્કા બનાવી બનાવટી ચલણોમાં રકમ જમા થઈ ગયેલના સિક્કા મારી રૂ.૩૧,૭૧,૮૪૬ મેળવી લઈ મામલતદાર કચેરી સાથે તથા ફરીયાદી અને સાહેદો સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ. આ ગુનાનું ચાર્જશીટ થયેલ. રૂ.૧૬,૫૫,૫૦૦ પોલીસે રિકવર કરેલ. જે રકમમાંથી રકમ રૂા.૨,૬૯,૬૯૫ ભોગ બનનાર ભરત રામભાઈ લોખીલે મુદ્દામાલ તરીકે માંગતા નીચેની અદાલતે માગણી નામંજુર કરતા, રિવિઝન અરજી દાખલ કરી રજુઆત કરેલ કે, અગાઉ આજ પ્રકારે એક ભોગ બનનારે માંગણી કરેલ રકમ સુપ્રત કરવામાં આવેલ હોય, તેથી તેમને પણ રકમ પરત કરવામાં આવે. જોકે, આરોપી અલ્પેશના વકીલ સુરેશ ફળદુએ એવી રજુઆત કરેલ કે, અલ્પેશ ગેડીયલ પાસે થી રકમ રૂ.૩,૦૦,૦૦૦ મુદ્દામાલ તરીકે કબજે કરેલ. તે બેંકમાથી લીધેલ લોનની રકમ છે. તેના ડોક્યુમેન્ટ બતાવવા છતા પોલીસે ગેરકાયદેસર રકમ જપ્ત કરેલ. રકમ સોંપી દેવાથી આરોપીના અધિકારને નુકસાન પહોંચશે. કુલ રકમની અડધી જ રકમ જપ્ત થઈ છે. જે દલીલો ધ્યાને લઇ ટ્રાયલ કોર્ટનો હુકમ યથાવત રાખી અરજદારની રિવિઝન અરજી નામંજુર કરતો હુકમ કોર્ટે કર્યો છે.



સુરેશ ફળદુ એડવોકેટ

આ કેસમાં આરોપી અલ્પેશ વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કુણાલ શાહી, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, કિશન મોડલીયા, ભાવિક ફેફર તથા મદદમાં યુવરાજ વેકરીયા, જય પીઠવા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, આર્યન કોરાટ, ભાવીન ખુંટ રોકાયેલ હતા.

## રાજકોટ શહેરી વિસ્તારમાં જીવલેણ માર્ગ અકસ્માતમાં નોંધપાત્ર ઘટાડો

### ગત વર્ષે ૨૬ ફેટલની સરખામણીએ માત્ર બે ફેટલ: ટ્રાફિક નિયમના ૨૩૧૭૦ની સરખામણીએ ૧૧૩૬૦ કેસ નોંધાયા

રાજકોટ તા.૧૫

રાજકોટ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ તથા અધિક પોલીસ કમિશ્નર વિધિ ચૌધરીના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક પુજા યાદવ, મદદનીશ પોલીસ કમિશ્નર ટ્રાફિક જે.બી.ગઢવી, સેકટર પોઈન્ટ બી.પી.રજયા, પો.ઈન્સ. એમ.જી.વસાવા તથા ટ્રાફિક શાખાના ૦૮ પો.સ.ઈ. દ્વારા રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં જીવલેણ માર્ગ અકસ્માતમાં નોંધપાત્ર ઘટાડો કરવા સારૂ કામગીરી કરવામાં આવેલ છે. જેમાં ટ્રાફિક શાખા દ્વારા ૦૧/૦૪/૨૦૨૪ થી ૧૨/૦૫/૨૦૨૪ દરમિયાન બ્લેક સ્પોટ, હાઈ-વે પર તેમજ શહેરી વિસ્તારમાં વિશેષ ડ્રાઈવનું આયોજન કરી ટ્રાફિક નિયમનના ૩૪૫૩૦ કેસ કરવામાં આવ્યા. જે સને ૨૦૨૩ના વર્ષે સદરહુ સમયગાળા દરમિયાન કરવામાં આવેલ ૨૩,૧૭૦ કેસોની સરખામણીએ ૧૧,૩૬૦ વધુ કેસ કરવામાં આવેલ છે.

જાન્યુઆરીથી મે-૨૦૨૪ દરમિયાન ૯૫ જેટલા ભારે વાહનો ડીટેઈન કરવામાં આવેલ જેમાંથી ગેરકાયદેસર ખનીજની હેરફેર કરતા ૧૬ વાહનો વિરુદ્ધ ખાણ ખનીજ વિભાગ સાથે સંયુક્ત કામગીરી કરવામાં આવેલ જે સને ૨૦૨૩માં સદરહુ સમયગાળા દરમિયાન કરવામાં આવેલ ૭૪ ભારે વાહન ડીટેઈનની સરખામણીએ ૨૧ ભારે વાહનો વધુ ડીટેઈન કરવામાં આવેલ છે.

તેમજ ટ્રાફિક કંટ્રોલ દ્વારા સી.સી.ટી.વી. કેમેરા તથા લાઈવ લોકેશન આધારે ટ્રાફીક શાખાના તમામ પોલીસ કર્મચારીઓનું યોગ્ય મોનીટરીંગ કરવામાં આવે છે.ટ્રાફિક શાખા દ્વારા કરવામાં આવેલ ઉપરોક્ત પ્રયત્નો થકી રાજકોટ શહેર ખાતે એપ્રિલ તથા મે મહિનાના મધ્યાંતર સુધીમાં માત્ર બે જીવલેણ માર્ગ અકસ્માત બનેલ છે જે ગત વર્ષના સદરહુ સમયગાળા દરમિયાન બનેલ ૨૬ ફેટલની સરખામણીએ ૨૪ ઓછા છે. ભવિષ્યમાં પણ ટ્રાફીક શાખા દ્વારા રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં વિવિધ ડ્રાઈવનું આયોજન કરી સદરહુ કામગીરી શરૂ રાખવામાં આવનાર છે.

## જૂનાગઢના કેરાળાની યુવતીનો રાજકોટમાં એસ્ટ્રોન ચોક પુલ નીચે ફાંસો ખાઈ આપઘાત

### સરકારી ભરતી માટે તૈયારી કરતી ૨૮ વર્ષીય નિતાબેન સોલંકી થોડાં માર્કસથી જ રહી જતી હોય જેથી કંટાળીને અંતિમ પગલું ભરી લીધું: એ.ડિવિઝન પોલીસ દોડી ગઈ

### પિતાના અવસાન બાદ મૃતક રાજકોટમાં ન્યુ જાગનાથ શેરીમાં પીજીમાં રહેતી અને શોરૂમમાં નોકરી કરી પરીવારનું ગુજરાન ચલાવતી'તી: અરેરાટી

રાજકોટ. તા.૧૬


જૂનાગઢના કેરાળાની વતની અને હાલ રાજકોટમાં ન્યુ જાગનાથ શેરીમાં પીજીમાં રહેતી અને શોરૂમમાં નોકરી કરી પરીવારનું ગુજરાન ચલાવતી અને સરકારી નોકરીની તૈયારી કરતી ૨૮ વર્ષીય નીતા સોલંકી નામનો યુવતીએ એસ્ટ્રોન ચોક પુલ નીચે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં એ. ડિવિઝન પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પ્રાથમિક તારણમાં સરકારી નોકરી ન મળતાં અને આર્થિક ભીંસથી આપઘાત કર્યાનું સામે આવ્યું હતું. પ્રાપ્ત વિગત મુજબ, જૂનાગઢના કેરાળાની વતની અને હાલ રાજકોટમાં ન્યુ જાગનાથ શેરી નં.૨૫ માં પીજીમાં રહેતી નિતાબેન કાળુભાઈ સોલંકી (ઉ.વ.૨૮) એ આજે વ્હેલી સવારે એસ્ટ્રોન ચોક પાસે આવેલ પુલ નીચે એન્ગલમાં ચુંદડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વ્હેલી સવારે ત્યાંથી પસાર થતાં લોકોનું ધ્યાન જતાં પોલીસને જાણ કરતાં એ.ડિવિઝન પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ૧૦૮ ને જાણ કરતાં ૧૦૮ ની ટીમે યુવતીને તપાસી મૃત જાહેર કરી હતી. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે ખસેડી બનાવનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.વધુમાં મળેલ વિગત મુજબ, મૃતક યુવતી ચાર બહેન એક ભાઈમાં મોટી છે. તેમના પિતાનું ૧૭ વર્ષ પહેલાં અવસાન થયું હતું અને તેનો ભાઈ દિવ્યાંગ હોવાથી પરીવારની જવાબદારી તેના પર હતી. જેથી તે સરકારી નોકરીની તૈયારી કરવાં માટે રાજકોટ આવી હતી. અહીં સાથે સાથે તે ખાનગી શોરૂમમાં નોકરી પણ કરતી હતી.

તેણી પરિવારને અવારનવાર સરકારી નોકરીમાં થોડાં માર્ક્સથી રહી જાય છે તેવો વસવસો કરતી હતી. જેથી આર્થિકભીંસ પણ આવી જતાં કંટાળીને પગલું ભર્યાનું પ્રાથમિક તારણ સામે આવ્યું હતું. બનાવથી પરિવારમાં અરેરાટી વ્યાપી ગયો હતો.



એસ્ટ્રોન ચોક પાસે યુવતી રેલીંગમાં ગળફાંસો ખાઇ મોતને વ્હાલુ કરનાર જુનાગઢના કેરાળાની યુવતીનો નિષ્પ્રાણ દેહ અને ફાઇલ ફોટો જોઇ શકાય છે. તેમજ જે રેલીંગમાં ફાંસો ખાધો તે તસ્વીરમાં દ્રશ્યમાન થાય છે. (તસ્વીર : ભાવિન રાજગોર)


# શ્રધ્ધાંજલી



## સ્વ. છગનભાઈ રણછોડભાઈ મોરડ

સ્વ. તા.૧૨-૦૫-૨૦૨૪, વૈશાખ સુદ-૫ ને રવિવાર

જન્મ તેનું મૃત્યુ, ઉદય એનો અસ્ત એ સનાતન સત્ય હોવા છતાં
કેટલાક મૃત્યુ એવા હોય છે કે જેના ઘાવ કદી રૂઝાતા નથી.
ઈશ્વરને ગમ્યું તે ખરૂં તેમ માની મન મનાવી લેશું, પરંતુ
આપ જેવા કર્તવ્યનિષ્ઠ અને પરોપકારીની અમોને કાયમ ખોટ રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના સહ શ્રદ્ધાંજલી.

લી.

શ્રી કિશાન સેવા સહકારી મંડળી લી. ચાંદલી
પ્રમુખ શ્રી હસમુખભાઈ જી. સરધારા
મંત્રી શ્રી સંજયભાઈ જી. સરધારા
શ્રી મનસુખભાઈ આર. સરધારા-ડિરેક્ટરશ્રી રા.લો.સંઘ

- હસમુખભાઈ ગોરધનભાઈ સરધારા
- વલ્લભભાઈ તેજાભાઈ વસોયા
- જેન્તીભાઈ પોપટભાઈ વસોયા
- મનસુખભાઈ રણછોડભાઈ સરધારા
- રમેશભાઈ ગીરધરભાઈ ખુંટ
- હસમુખભાઈ દેવશીભાઈ સોરઠીયા
- રણછોડભાઈ શામજીભાઈ ખુંટ
- વલ્લભભાઈ ગંગદાસભાઈ સોરઠીયા
- પ્રવિણભાઈ કરમણભાઈ મોરડ
- નિતેશભાઈ ગોવિંદભાઈ સરધારા
- મગનભાઈ દેવરાજભાઈ વસોયા
- મુકતાબેન ભગવાનજીભાઈ સાકરીયા
- ઓતીબેન રૂડાભાઈ મોરડ


## અવસાન નોંધ

**ગોંડલ:** ગોંડલના સેવાભાવી મનસુખભાઈ જાદવભાઈ વઘાસીયા 'ચક્ષુદાતા' તે પ્રકાશભાઈ તથા હિરેનભાઈના પિતાશ્રીનું તા.૧૨ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે પટેલ વાડી જેલ ચોક, ગોંડલ રાખેલ છે.

**રાજકોટ:** પાંચ પીપળાવાળા હાલ રાજકોટ, સ્વ. ભાનુબેન નાથાલાલ અઘેરા (ઉ.૬૭) તા.૧૩ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે નાથાલાલ નાનજીભાઈ અઘેરાના ધર્મપત્ની તથા રજેશભાઈ, ભાવેશભાઈ, જીજ્ઞેશભાઈના માતુશ્રી, ભુપતભાઈ, ચીમનભાઈ, મુકેશભાઈ, બકુલભાઈના કાકી, સ્વ. ભગવાનજીભાઈ લક્ષ્માણભાઈ ભારદીયા (જેતપુર)ના દીકરી તેમજ નિરંજનભાઈ, કિશોરભાઈ મહેશભાઈ ભારદીયા, હંસાબેન નટવરલાલ સંચાણિયા, ચંદનબેન વિનોદભાઈ કથ્રેચાના બહેન થાય. સદગતનું બેસણું તા.૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૪-૩૦થી ૬ સુધી (પીયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે). શ્યામ મંદિર, રામનગર સોસાયટી, શેરી નં.૪, કોઠારીયા રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**વેરાવળ:** સ્વ. શાંતિલાલ ગોવિંદજીભાઈ સુચક (માધુપુર ગીર વાળા)ના પુત્ર હસમુખલાલ (ઉ.૬૫) તે કલ્પેશભાઈ (પ્રડન્ટ બુક સ્ટોર્સ), ચિરાગભાઈ ક્રિષ્નાબેન ગોપાલકુમાર મશરૂ (સાવરકુંડલા)ના પિતાશ્રી, મહેન્દ્રભાઈ (જીએચસીએલ) નરોતભાઈ, મંગળાબેન, હર્ષાબેનના મોટાભાઈ, સ્વ. નાથાલાલ હીરાલાલ બુધ્ધદેવ (લુશાળા વાળા)ના જમાઈનું તા.૧૪ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા પીયર પક્ષની સાદડી તા.૧૬ને ગુરૂવારે પથી ૬ કલાકે કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, પોસ્ટ ઓફીસ રોડ, વેરાવળ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. દયાબેન વજુભાઈ રાવરાણી (ઉ.વ.૯૨) મૂળ ગામ સુલતાનપુર હાલ રાજકોટનું તા.૧૫ના અવસાન થયેલ છે.તે અરવિંદભાઈ વજુભાઈ રાવરણીના માતુશ્રી અને ગોપાલ અરવિંદભાઈ રાવરણીના દાદીમાં થાય સદ્‌ગતનું બેસણું તા.૧૭ શુક્રવારના રોજ, વાળંદ સમાજની વાડી, લક્ષ્મીનગર ખાતે રાખેલ છે.


**રાજકોટ:** અમૃતલાલ ભગવાનજીભાઈ વાછાણી (ઉ.વ.૮૪) તે મનસુખલાલ વાછાણીના ભાઈ, ગીરીશભાઈ તથા દિલિપભાઈનાં પિતાશ્રીનું તા.૧૬ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે.બેસણું તા.૧૭ને શુક્રવારના રોજ સવારે ૮ થી ૧૦ કલાકે અમારા નિવાસ સ્થાન ડ્રીમ એવન્યુ, સી-૨૦૪, નચીકિતા સ્કૂલ પાસે, શાંતિવન પરમની સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** શ્રી ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ રમેશચંદ્ર ભાનુશંકર જોષી - (નિવૃત્ત PGVCL) ઉં.વ. ૮૨ તે ઈલાબેન કાંતિભાઈ વ્યાસ, સ્વ. સુરેશભાઈ (વેરાવળ) નાં નાના ભાઈ, તેમજ ચીમનભાઈ (જુનાગઢ), પ્રફુલ્લભાઈ (રાજકોટ) ના મોટા ભાઈ, તેમજ અરુણાબેન નાં પતિ, શિવાલી રાહુલભાઈ વ્યાસ નાં પિતાશ્રી તથા વૈદિક તથા સૌમ્ય નાં નાના નું તારીખ ૧૬.૦૫.૨૦૨૪ ને ગુરુવાર ના રોજ અવસાન થયેલ છે. બેસણું તારીખ ૧૭.૦૫.૨૦૨૪ ને શુક્રવારના રોજ સાંજે ૫.૦૦ થી ૬.૦૦ વાગ્યે શ્રી ધર્મેશ્વર મહાદેવ મંદિર, ધરમ નગર શેરી નંબર ૪ ખાતે રાખેલ છે.


**ઉપલેટા:** ઉપલેટા નિવાસી સોની દિલીપકુમાર વલ્લભદાસ ધોળકિયા (ચિખલીયાવાળા) (ઉ.વ.૬૯) તે મિહિરભાઈ તથા અનિકેતભાઈના પિતાશ્રી અને શ્રી માળી સોની સમાજના પૂર્વ પ્રમુખનું તા.૧૫ના બુધવારે અવસાન થયેલ છે.તેમનું બેસણું તા. ૧૭ના શુક્રવારે સાંજના ૫ થી ૭ સોની મુળજી ભીમજીની વાડી ગુલબ હોલ ઉપલેટા મુકામે રાખેલ છે.

**રાજકોટ:** ભગવાનજીભાઇ હરજીભાઇ પરસાણા (ઉ.વ. ૬૭) તે કેતનભાઇના પિતા તથા હરીતના દાદાનું તા.૧૫ને અવસાન થયું છે. બેસણું તા.૧૭ને શુક્રવારે ન્યુ ગાંધીનગર સોસા. શેરી નં. ૯, 'હરિ ઓમ' અજમેરા શાસ્ત્રીનગર પાછળ રાજકોટ ખાતે રાખેલ છે.

**જસદણ:** અમરેલી નિવાસી દાઉદી વ્હોરા ઝહેરાબેન (ઉ.વ.૯૬) તે મ.તાહેરભાઈ હકીમભાઈ કપાસી ઘોડાગાડીવાળાના પત્ની ઈકરામભાઈ, મહેબુબભાઈ, શબ્બીરભાઈ, રૂકનબેન (રાજુલા) મ.રૂકસાનાબેન ના માતા રોનકભાઈ (ગોંડલ) રોશનબેન (અમરેલી) જેબુનબેન, ખેરુનબેન (ધોરાજી) ના બેન તા.૧૫ મે ૨૦૨૪ ને બુધવારના રોજ અમરેલી મુકામે વફાત પામેલ છે મર્હુમાની જીયારત (કુરાનખ્વાની) તા.૧૭ મે શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ઈશા વ્હોરા મસ્જિદ અમરેલી ખાતે રાખવામાં આવેલ છે



## પીજીવીસીએલના નિવૃત્ત કર્મચારી રમેશચંદ્ર જોષીનું દુઃખદ અવસાન : કાલે શુક્રવારે બેસણુ



**રાજકોટ** : શ્રી ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ રમેશચંદ્ર ભાનુશંકર જોષી(નિવૃત્ત પીજીવીસીએલ) (ઉં.વ. ૮૨) તે ઈલાબેન કાંતિભાઈ વ્યાસ, સ્વ. સુરેશભાઈ (વેરાવળ) નાં નાના ભાઈ, તે ચીમનભાઈ (જુનાગઢ), પ્રફુલ્લભાઈ (રાજકોટ)ના મોટા ભાઈ, તે અરૂણાબેનનાં પતિ, શિવાલી રાહુલભાઈ વ્યાસનાં પિતાશ્રી તથા વૈદિક તથા સૌમ્યનાં નાનાનું તા. ૧૬ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તારીખ ૧૭ને શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬ વાગ્યે શ્રી ધર્મેશ્વર મહાદેવ મંદિર, ધરમ નગર શેરી નં.૪ ખાતે રાખેલ છે.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

રાપરના કાનમેર પાસે ઘુડખર અભ્યારણ રણ વિસ્તારમાં ખેલાયો ખૂની ખેલ

# અગરિયાની જમીન પચાવી પાડવા ત્રાસવાદી ગેંગનું આડેધડ ફાયરીંગઃ એકનું રાજકોટમાં મોત

**ચાર કારમાં ધસી આવેલા ૧૭ શખ્સોની ટોળકીએ આ જમીન અમારી છે કહીં હથિયારો સાથે તૂટી પડ્યાઃ બનાવમાં ત્યાં ખેતી કરતાં દિનેશભાઇ કોળી જોવા આવ્યાં અને ત્યારે થયેલ ફાયરીંગમાં ગોળી વાગી જતાં જીવ ગુમાવવો પડ્યોઃ ચાર ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડાયા**

**અગરની જમીન કાનપરના લોકોને ૧૦ એકર સરકાર દ્વારા ફાળવવામાં આવી હતીઃ જેમના પર કુખ્યાત ગેંગની નજર પડતાં હુમલો કર્યોઃ સામખીયાળી પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરી આરોપીને સકંજામાં લેવાં તજવીજ હાથ ધરી**

રાજકોટ. તા.૧૬

રાપરના કાનમેર પાસે ઘુડખર અભ્યારણ રણ વિસ્તારમાં અગરિયાની જમીન પચાવી પાડવા ત્રાસવાદી ગેંગનાં ૧૭ શખ્સોએ આડેધડ ફાયરીંગ કરી હથિયારો સાથે હુમલો કરતાં પાંચ લોકો ગંભીર રીતે ઘવાયા હતાં. જેમાં દિનેશભાઇ કોળી નામના ૩૩ વર્ષીય યુવકને માથામાં ગોળી લાગતાં રાજકોટ સારવારમાં મોત નીપજ્યું હતું. જ્યારે અન્યને સારવારમાં ખસેડાયા હતાં. બનાવની જાણ થતાં પોલીસ કાફલો દોડી ગયો હતો અને હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધ્યા બાદ હત્યાની કલમનો ઉમેરો કરવા સામખીયાળી પોલીસે તજવીજ હાથ ધરી હતી. બનાવ અંગે રાપરના કાનમેર ગામે રહેતાં મગનભાઇ સુજાભાઇ (ઉ.વ.૪૭) એ નોંધાવેલ ફરીયાદમાં ૧૭ શખ્સોના નામ આપતાં સામખીયાળી પોલીસે હત્યાના પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરે છે. ગઇ તા.૧૩/૦૫/૨૦૨૪ ના તેઓ કાનમેર ગામથી ગાગોદર આવેલ અને ગાગોદર ગામથી વલીમામદ ઇબ્રાહીમ રાજા તથા જેમલ કમાભાઇ ગોહિલ તથા રમેશ હઠા ભરવાડ ભેગા મળી નકકી કરેલ કે, જોધપરવાંઢ પાસે આવેલ જુના મીઠાના કારખાના પાસે આંટો મારી આવીએ જેથી ગાગોદરથી જોધપરવાંઢ આવેલ અને જોધપરવાંઢથી જગસી જેસા કોલી, દિનેશ ખીમજી કોલી, હસો કોલી, મુકેશ બેચરા કોલી, નવીન જગસી કોલી, રાયમલવાંઢના દેવશી કોલી, કરશન આણદા સાથે ઘુડખર અભ્યારણ રણ વિસ્તારમાં જુના મીઠાના કારખાના પાસે રણમાં બપોરના અઢી વાગ્યે આવેલ અને બાઈક રણ વિસ્તારમાં ઉભા રાખી જુના મીઠાના કારખાના પાસે બેઠેલ હતા.

તે દરમ્યાન સાંજના સમયે રણમાં એક ફોર્ચ્યુનર, એક સ્વીફ્ટ કાર, એક ક્રેટા કાર અને એક બોલેરો તેમજ એક જીપ ઘસી આવેલ અને ફોર્ચ્યુનર કારમાંથી ભરત દેવા ભરવાડ, ભરત રવા વાઘેલા, સબરા પાલા વાઘેલા લાકડી સાથે નીચે ઉતરેલા અને અન્ય કારમાંથી દેવા કરશન ડોડીયા હાથમાં બંદુક સાથે તેમજ ઇશ્વર રજપુત હાથમાં ધારીયાં સાથે, શકિત ડાયા ડોડીયા હાથમાં લાકડી સાથે, તેમજ બળદેવ ગેલા રજપુત હાથમાં બંદુક સાથે રાયઘણ ઉસેટીયા હાથમાં લાકડી સાથે નીચે ઉતરેલા હતાં.

તેમજ અન્ય કારમાંથી વિજય ઉસેટીયાના હાથમાં બંદુક હતી, કાજા અમરા રબારી હાથમાં ધારીયુ તેમજ અન્ય આરોપી પણ હાથમાં હથિયારો સાથે ઘસી આવી અને કહેલ કે, આ રણ વિસ્તાર તમારા બાપનો નથી કહીં જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી આ મીઠાના કારખાના વાળી જગ્યા અમારી છે તુ ખાલી કરી નાખજે નહીંતર જાનથી મારી નાખીશુ તેમ કહી ત્રણ શખ્સોએ પોતાના પાસેની બંદુકમાંથી ફાયરીંગ કરેલ અને તેમની સાથે આવેલ અન્ય શખ્સોએ ગાળો આપી બધાને મારી નાંખો તેવી ધમકીઓ આપતા હતાં. આ બનાવમાં દિનેશ ખીમજી પરમાર (કોળી) ને માથામાં ગોળી વાગેલ તેમજ મુકેશ બેચરા કોળીને પગમાં ગોળી વાગેલ તેમજ વલીમામદ ઇબ્રાહીમ રાજાને નાકના ભાગે ગોળી વાગેલ અને દિનેશ ખીમજી કોળીને માથામાં ગોળી વાગતા તે પટમાં પડી ગયેલ જે બાદ આરોપીઓ પોતાની ગાડી તરફ ભાગ્યા હતાં. જે બાદ દિનેશ કોલીને બાઇકમાં સારવાર કરાવવા માટે રણમાંથી બહાર નીકળતાં હતાં ત્યારે વિજય રાયઘણ ઉસેટીયાએ બોલેરોથી બાઇકને ટક્કર મારી તેઓને જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. જેથી તેઓ નીચે પડી ગયાં હતાં. જયાં દેવા ડોડીયાએ તેમને માથાના ભાગે બંદુકનો કુંદો મારેલ અને શકિત ડોડીયાએ લાકડીથી મારમાર્યો હતો. બાદમાં ચારેય ઇજાગ્રસ્તને સારવાર માટે પ્રથમ સામખીયાળીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જે બાદ ગંભીર રીતે ઘવાયેલા દિનેશ ખીમજી કોળીને વધું સારવાર અર્થે રાજકોટ ખસેડાતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બનાવ અંગે સામખીયાળી પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરવા તજવીજ હાથ ધરી ડીવાયએસપી સાગર સંબડાએ વધું તપાસ હાથ ધરી આરોપીને સકંજામાં લેવાં તજવીજ હાથ ધરી હતી.



ઘુડખર અભ્યારણમાં ત્રાસવાદી ગેંગના ૧૭ શખ્સોએ કરેલા આડેધડ ફાયરીંગમાં મોતને ભેંટનાર યુવાનનો નિષ્પ્રાણ દેહ અને ફાઈલ ફોટોમાં જોઈ શકાય છે તેમજ બનાવથી હચમચી ગયેલ પરિવારજનો તસ્વીરમાં દ્રશ્યમાન થાય છે. (ગની કુંભાર- ભચાઉ)

## ઘુડખર રણ વિસ્તારમાં આડેધડ ફાયરીંગ કરી ખુની ખેલ ખેલનાર ૧૭ આરોપીઓ

રાજકોટ, તા.૧૬

ભારત દેવા ભરવાડ, રહે. કાનમેર, રાપર, ભરત રવા વાઘેલા, રહે. કાનમેર, રાપર, સબરા પાલા વાઘેલા, રહે. કાનમેર, રાપર, દેવા કરશન ડોડીયા, રહે. કાનમેર, રાપર, ઇશ્વર રજપૂત જેના બાપનું નામ આવડતું નથી, રહે. કીડીયાનગર, રાપર, શક્તિ ડાયા ડોડીયા, રહે. કાનમેર, રાપર, બળદેવ ગેલા રાજપુત, રહે. કાનમેર, રાપર, રાયઘણ ઉસેડીયા બાપનું નામ આવડતું નથી, રહે. સાઇ, રાપર, વિજય રાવઘણ ઉસેટીયા, રહે. સાઇ, રાપર, કાજા અમરા રબારી, રહે. શીકરપુર, ભચાઉ, વિરમ રબારી જેના બાપનું નામ આવડતું નથી, રહે. ચિત્રોડ, રાપર, સતિય કલા ભરવાડ, રહે. કાનમેર, રાપર, લખમણ દેવા ભરવાડ, રહે. કાનમેર, રાપર, અજા ટપુ ભરવાડ, રહે. કાનમેર, રાપર, રૂપા ટપુ ભરવાડ, રહે. કાનમેર, રાપર, થાવર આંબાર રબારી, રહે. કાનમેર, રાપર, સવા રત્ના રબારી, રહે. કાનમેર, રાપર.

# વિંછીયાના સોમલપરમાં પારકા ઝઘડામાં વચ્ચે પડેલા યુવાનની હત્યા : આરોપીઓ સકંજામાં

રાજકોટ, તા.૧૬

વિંછીયા તાલુકાના સોમલપર ગામે પારકા ઝઘડામાં વચ્ચે પડેલા વલ્લભ તળશીભાઈ ડાભી (ઉં. વ.૪૦)ની છરીનો ઘા મારી હત્યા નિપજાવવામાં આવતા પંથકમાં ચકચાર મચી ગઇ છે. આ અંગે આરોપી રાજુ વશરામભાઇ બારૈયા, રણજીત વલ્લભભાઇ બારૈયા, સાહીલ સવજીભાઇ બારૈયા, હિતેષ અરવિંદભાઇ બારૈયા, હાર્દીક જેન્તીભાઇ બારૈયા (રહે.પાંચેય, ભડલી, તા.વિંછીયા) વિપુલ ભનાભાઇ શિયાળ, વિપુલ મનુભાઇ સોલંકી (રહે.બંને, સોમલપર, તા.વિંછીયા) સામે ગુનો નોંધી, આરોપીઓને સકંજામાં લેવાયા છે. બનાવમાં બે લોકોને ઇજા થઇ હતી. જેમાંથી એકને રાજકોટની હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલ છે.

ફરિયાદમાં રમેશ તળશીભાઈ ડાભી (ઉં.વ.૨૫)એ જણાવ્યું કે, હું સોમલપર ગને બાપાસીતારામના મંદીર પાસે મારા પરીવાર સાથે રહું છું. મજુરી કામ તથા ખેની કામ કરું છું. મારા લગ્ન થયેલ નથી. હું ત્રણ ભાઇઓ તથા ચાર બહેનમાં સૌથી નાનો છું. મારા મોટા જગાભાઈ તેનાથી નાના સમુબેન તથા હંસાબેન તથા પ્રભાબેન તથા વલ્લભભાઈ તથા ભાવુબેન. મારા માતાનું નામ લાભુબેન છે. મારા ભાઈ વલ્લભભાઈ સોમલપર ગામની સીમમાં આવેલ ડાભાળની ધારેથી સંપનુ પાણી છોડવાનું કામ કરતા હતા. ગઈકાલે બપોરના પોણા બે વાગ્યાની આસપાસ હું તથા મારો ભાઈ વલ્લભ બંને અલગ અલગ મોટરસાયકલ લઈ સોમલપર ગામેથી ડાભાળની ધાર આવેલ જિલ્લા કુવે પાણી છોડવા માટે ગયેલ હતા. ડાભાળની ધારે રોડના કાંઠે આંબરડી (જસ) ગામની સીમમાં અમારા ગામના તથા ભડલી ગામના માણસો આમને સામને ઝઘડો કરતા હતા. જેમા હું તથા વલ્લભ મોટરસાયકલ રોડની સાઇડમાં ઉભું રાખી આ ઝઘડો થતો હોય જેથી તેઓને છુટ્ટા પાડવા માટે ગયેલ. ત્યાં અમારા ગામના કાંતિ વાઘા ડાભી, જેન્તી વાઘા ડાભી, કાબા કુકા ઠેકાણી, વનરાજ ઉર્ફે હરો ઠાકરશીભાઈ ડેકાણી, ગોપાલ રાજાભાઈ ડેકાણી હતા. તેઓની પાસે લાકડીઓ તથા લોખંડના પાઈપ અને તેમની સામે ભડલી ગામના રાજુ વશરામ બારૈયા, રણજીત વલ્લભ બારૈયા, સાહીલ સવજી બારૈયા, હિતેષ અરવિંદ બારૈયા, હાર્દીક જેન્તીભાઇ બારૈયા, સોમલપર ગામનો વિપુલ મનુ સોલંકી જે તમામના હાથમાં લોખંડના પાઇપ હતા. જ્યારે સોમલપરનો વિપુલ ભના શિયાળ છરી અને લોખંડનો પાઇપ હાથમાં લઈ ઝઘડો મારામારી કરતા હતા.

વધુમાં રમેશે કહ્યું કે, આ દરમિયાન હું તથા મારા મોટાભાઈ વલ્લભભાઈ ઝઘડો શાંત કરવા ગયેલ. ત્યારે સાતેય આરોપીઓએ મારાભાઈ તથા મારી સાથે બોલાચાલી તથા અપશબ્દો બોલવા લાગેલ અને ઉશ્કેરાઇ ગયેલ હતા જેમાં વિપુલ શિયાળ પાસે છરી હતી તે બોલવા લાગેલ કે, આ અમારા ગામના શું વચ્ચે આવ્યા? તેમ કહી તેણે હિતેષ બારૈયાને છરી આપેલ અને હીતેષને કહેલ કે, માર એક છરી તો આઘો જાય જેથી હીતેષએ આ વિપુલના કહેવાથી છરીનો એક ઘા મારા ભાઈ વલ્લભના પેટના ભાગે મારી દીધેલ જેથી મારા ભાઈ નીચે પડી ગયેલ. પેટના ભાગેથી લોહી નિકળવા લાગેલ. પેટમાંથી માસનો લોચો બહાર નીકળી ગયેલ. સોમલપરના નરેશ માવજીભાઈ સોલંકી તથા રમેશ બાબાભાઇ ભડાણીયા તથા પ્રવિણ બાબાભાઈ ભડાણીયા તથા મનસુખ રમેશ ભડાણીયા તથા સોમા કલ્યાણભાઇ ડેકાણી તથા મહેશ ઉકાભાઈ ડેકાણી તથા પરસોતમભાઈ જકશીભાઈ ભોજાણી એમ બધા આવી ગયેલ. આરોપીઓ ત્યાંથી જતા રહેલ. વલ્લભને પેટના ભાગેથી લોહી નિકળતુ હોય અને માસ બહાર નિકળી ગયેલ હોય જેથી નવાગામના ભુપતભાઈ ભોજાણીની ઇંકો કારમાં વલ્લભભાઈ તથા અમારા ગામના ગોપાલભાઈ રાજાભાઈ ડેકાણીને પણ ઇજા થયેલ હોય જેથી બંનેને આટકોટ કે.ડી.પરવાડીયા હોસ્પિટલમાં ખસેડયા હતા. અહીં જોય તપાસી ડોકટરે મારા ભાઇ વલ્લભને મૃત જાહેર કરેલ. પોલીસ આવતા મારા ભાઈના મૃતદેહને પીએમ માટે જસદણ સરકારી દવાખાને લાવી પી.એમ કરાવેલ હતું. આ બનાવમાં વનરાજ ઉર્ફે હરો ઠાકરશીભાઈ ડેકાણી તથા ગોપાલ રાજાભાઈ ડેકાણી (રહે.સોમલપર)ને ઇજા થયેલ હતી. ગોપાલભાઈને આટકોટથી વધુ સારવાર માટે રાજકોટ ખાતે રીફર કરવામાં આવ્યો હતો.રમેશે જણાવ્યું કે, આ બનાવ બનવાનુ કારણ એ છે કે, મહેશ ભડાણીયા (રહે. સોમલપર)ને ભડલી ગામની એક યુવતી સાથે પ્રેમ સંબંધ છે. આ બાબતે મહેશ અને યુવતીના પરીવારને મન દુઃખ ચાલે છે. જેનો ખાર રાખી ડાભાળની ધારે ભડલી ગામના લોકો તથા તેના સબંધીઓ એક સંપ કરી ઝગડો કરવા આવેલ હોય અને ઝગડો કરતા હોય જે દરમિયાન હું તથા મારો ભાઈ ઝઘડો શાંત કરવા વચ્ચે પડતા આ બનાવ બનેલ છે. જસદણ પોલીસે ગુનો દાખલ કરી આરોપીઓની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.



**પ્રેમ પ્રકરણ બાબતે ભડલી અને સોમલપર ગામના પરિવારો વચ્ચે ઝઘડો ચાલતો હતો ત્યારે ત્યાંથી નીકળેલ પાણી સંપના વાલ્વમેન વલ્લભ ડાભી ઝઘડો શાંત કરવા વચ્ચે પડ્યો હતો**

**વિપુલ શિયાળએ હિતેષ બારૈયાને છરી આપેલ અને કહેલ કે, માર એક છરી તો આઘો જાય, ઘા મારતા વલ્લભ ત્યાં જ ઢળી પડ્યો, પેટમાંથી લોહીનો ફુવારો થયો અને માસના લોચા બહાર નીકળી ગયા**

## ૨ પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત

વલ્લભભાઈના પરિવારજનોએ જણાવ્યું કે, તેમનો પરિવાર મૂળ ખેતી વ્યવસાય સાથે જોડાયેલ છે. વલ્લભભાઈ વાલ્વમને તરીકે ગામ નજીક આવેલા સંપે નોકરી કરતા હતા. તેમને સંતાનમાં બે પુત્રો છે. ૨ પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.

# આરટીઓ ઓફીસ પાસેથી 'લાઈન ગુરૂ' એપમાં કપાત કરાવી ક્રિકેટ સટ્ટો રમતો મનીષ કોળી ઝબ્બે

**મંચ્છાનગરના રામ સુસરા પાસેથી લાઈનમાં કપાત કરાવતો હોવાનું ખુલતા શોધખોળ: ક્રાઈમ બ્રાંચની કામગીરી**

રાજકોટ,તા.૧૬

આરટીઓ ઓફીસ પાસે લાઈન ગુરૂ એપમાં કપાત કરાવી ક્રિકેટ સટ્ટો રમતા મનીષ કોળી નામના પેટરને ક્રાઈમ બ્રાંચે દબોચી લિધો હતો. જયારે કપાત લેનાર બુકી મંચ્છાનગરના રામ સુસરાની શોધખોળ હાથ ધરી હતી.દરોડાની વિગત મુજબ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ પ્રદિપસિંહ જાડેજાને આરટીઓ ઓફીસ પાછળ શ્રીરામ સોસાયટી શેરીનં.૭ કોર્નર ખોડીયાર પ્રોવિઝન સ્ટોર્સ પાસે એક શખ્સ મોબાઈલમાં ક્રિકેટ સટ્ટો રમતો હોવાની મળેલ ચોકકસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી ત્યાં ઉભેલા શખ્સની અટક કરી નામ પુછતાં મનીષ સુખલાલ સરવૈયા (ઉ.વ.૪૨) (રહે.શ્રીરામ સોસાયટી, આરટીઓ ઓફીસની પાછળ) હોવાનું જણાવ્યું હતું.તેના મોબાઈલમાં તપાસ કરતાં તેના ક્રિકેટ લાઈન ગુરૂ નામની એપ મારફતે આઈપીએલ સીટીઝની રાજસ્થાન રોવલ્સ અને પંજાબ સુપર કિંગ્સની મેચમાં સેસન ઉપર પૈસાની હારજીતનો જુગાર રમતો હોવાનું ખુલતાં તેની ધરપકડ કરી પુછતાછ હાથ ધરતાં તેને મંચ્છાનગરના રામ સુસરા પાસે લાઈનમાં રૂપીયાની કપાત કરી સટ્ટો રમતો હોવાની કબુલાત આપતા ક્રાઈમ બ્રાંચે મેચ્છાનગરના રામ સુસરાની શોધખોળ હાથ ધરી હતી.

## હાર્ટએટેક

(છેલ્લા પાનાનું ચાલું)

હાથ અને પગ અચાનક ખોટા પડી જવા, બોલવામાં સમસ્યા, મોંઢું વાંકુ થઈ જવું, શરીરમાં એક પ્રકારથી લકવા જેવા લક્ષણ, દ્રષ્ટિમાં અચાનક જ ઝાંખપ આવવા લાગવી, હાથ-પગમાં નબળાઈ આવવી,ભારતમાં દર ચાર મિનિટે એક વ્યક્તિનું સ્ટ્રોકથી મૃત્યુ એઈમ્સના અહેવાલ અનુસાર ભારતમાં દર ચાર મિનિટે એક વ્યક્તિનું સ્ટ્રોકથી મૃત્યુ થાય છે. ભારતમાં દર વર્ષે અંદાજે બે લાખથી વધુ લોકો ૨ સ્ટ્રોકનો શિકાર બને છે.

વિશ્વમાં સ્ટ્રોકના જે કેસ નોંધાય છે તેમાંથી ૬૮.૬૦ ટકા માત્ર ભારતમાંથી હોવાનું ગ્લોબલ બર્ડન ડિસિઝ રીપોર્ટમાં સામે આવ્યું છે. ભારતમાં હવે ૨૦ વર્ષથી ઓછી વયનામાં પણ સ્ટ્રોક જોવા મળે છે.

## દંડ

(પહેલા પાનાનું ચાલું)

સોંપ્યો હતો. પરંતુ આરટીઓએ કેસ પાછો મોકલીને એમ કહ્યું કે સતાવાર નોટીફીકેશન ન હોવાથી સ્થળ પર દંડ વસુલી શકાતો નથી. અદાલતી કેસ કરવાનુ સુચવવામાં આવ્યુ હતું તે પછી કેસ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં પહોંચ્યો હતો. અદાલતે મોટર વ્હીકલ એકટ હેઠળ કાર્યવાહી કરવાનો આદેશ કર્યો હતો. અદાલતી ચુકાદા છતા સતાવાર નોટીફીકેશન ન હોવાથી તંત્રના હાથ બંધાયેલા હતા. હવે ચૂંટણી પરિણામ બાદ નોટીફીકેશન જારી કરવામાં આવશે.

આરટીઓના અન્ય એક અધિકારીએ કહ્યું હતું કે આ નિયમ લાગુ કરવા રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ છે. કારણ કે વાહનોમાં નિયમથી વધુ લોકો જ બેસતા હોય છે. કાયદો લાગુ થાય તો કેસનો ઢગલો થવા લાગે. નોટીફીકેશન વિના કાયદાની જોગવાઈઓ લાગુ ન થઈ શકે. આ કારણોસર છેલ્લા વર્ષોમાં વધુ મુસાફરો ભરવાના કેસ થઈ શકતા ન હતા.

અધિકારીઓના કહેવા પ્રમાણે રાજયના લગભગ તમામ શહેરોમાં એકથી બીજા શહેર-ગામ માટે હજારો વાહનો દોડે છે. ૮ની ક્ષમતા સાથે ૧૪થી૧૫ મુસાફરોને બેસાડવામાં આવે છે. મહત્વની વાત એ છે કે આ બધા પેસેન્જર વાહનો જ હોય છે છતાં આરટીઓ કાંઈ કરી શકતુ નથી.

## બોમ્બ

(પહેલા પાનાનું ચાલું)

સ્થાનિક લોકોએ બંનેને સદર હોસ્પિટલમાં દાખલ કરાવ્યા. અહીંથી બંનેને સારી સારવાર માટે પટનાના પીએમસીએચમાં રિફર કરવામાં આવ્યા છે. બંને એક જ મદરેસામાં રહેતા હતા. તેમની ઓળખ મૌલાના ઈમામુદ્દીન અને ૧૫ વર્ષીય નૂર આલમ તરીકે થઈ છે, જેઓ મરહૌરા પોલીસ સ્ટેશન વિસ્તારના ઓલહાનપુર ગામના રહેવાસી છે. નૂર મુઝફ્ફરપુર જિલ્લાની રહેવાસી છે.

બોમ્બને બોલ સમજીને તેણે તેને પોતાના હાથમાં ઉપાડ્યો હતો : સ્થાનિક ગ્રામજનોએ જણાવ્યું હતું કે મદરેસામાં ભણતા નૂર આલમે મદરેસાની પાછળ બોલ જેવો દેખાતો બોમ્બ ઉપાડ્યો હતો અને અંદર આવ્યો હતો. તે પછી, તેના હાથમાં બોમ્બ જોતા, મૌલાના તેને તેના હાથમાં ફેંકવા જતો હતો ત્યારે તે નૂર આલમના પગ પર પડ્યો. આ ઘટનામાં નૂર આલમના પગ અને મૌલાનાના હાથ પર ગંભીર ઇજા પહોંચી હતી.

બુધવારે રાત્રે બનેલી ઘટના બાદ સારણ પોલીસે કેસની તપાસ શરૂ કરી હતી. સ્થાનિક પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. આ બોમ્બ વિસ્ફોટની પુષ્ટિ સારણના પોલીસ અધિક્ષક ડો. ગૌરવ મંગલાએ કરી છે. પોલીસ અધિક્ષક ડો. ગૌરવ મંગલાએ જણાવ્યું હતું કે પ્રથમ દષ્ટિએ બોમ્બ વિસ્ફોટ ફટાકડાની ફેક્ટરી દ્વારા થયો હોવાનું જણાય છે. બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

## બેરોજગારી

(પહેલા પાનાનું ચાલું)

બેરોજગારી દર માર્ચ ત્રિમાસિકમાં મામુલી ઘટીને ૬.૭ ટકા પર આવી ગયો છે. એક વર્ષ પહેલા આ દર ૬.૮ ટકા હતો તો શહેરી ક્ષેત્રોમાં બેરોજગારી દર આ વર્ષે જાન્યુઆરી માર્ચમાં વધીને ૬.૧ ટકાના સ્તરે પહોંચ્યો હતો. એક વર્ષ પહેલા આ દર ૫.૮ ટકા હતો.

## સંસદ

(પહેલા પાનાનું ચાલું)

બે બંદરો છે અને બંને કરાચીમાં છે. એક રીતે જોઈએ તો તે દેશનું પ્રવેશદ્વાર છે. કરાચીને ૧૫ વર્ષથી શુદ્ધ પાણી નથી મળતું, જ્યારે પણ પાણી આવે છે ત્યારે ટેન્કર માફિયાઓ દ્વારા કબજે કરવામાં આવે છે'.

એક રિપોર્ટને ટાંકીને સૈયદ મુસ્તફા કમલે કહ્યું, 'સિંધ પ્રાંતમાં લગભગ ૭૦ લાખ બાળકો સ્કૂલ નથી જઈ રહ્યા અને રાષ્ટ્રીય સ્તરે આ આંકડો લગભગ ૨.૬ કરોડ છે. કરાચી સિંધ પ્રાંતની રાજધાની છે. મુસ્તફા કમલે કહ્યું, 'અમારી પાસે કુલ ૪૮ હજાર શાળાઓ છે, પરંતુ એક રિપોર્ટ દર્શાવે છે કે તેમાંથી ૧૧ હજાર શાળાઓ ખાલી છે. દેશમાં ૨.૬૨ કરોડ બાળકો શાળાએ જઈ શકતા નથી. આનાથી દેશના નેતાઓની ઊંઘ હરામ થવી જોઈએ. સૈયદ મુસ્તફા કમાલનું આ નિવેદન પાકિસ્તાનના અન્ય એક વરિષ્ઠ નેતા મૌલાના ફઝલુર રહેમાનના નિવેદન બાદ આવ્યું છે, જેમાં મૌલાના ફઝલુર રહેમાને કહ્યું હતું કે 'ભારત અને પાકિસ્તાનને સાથે મળીને આઝાદી મળી હતી, પરંતુ આજે તેઓ (ભારત) મહાસત્તા બનવાની કોશિશ કરી રહ્યા છે.

## કેજરીવાલ

(પહેલા પાનાનું ચાલું)

ખન્ના તથા ન્યાયમૂર્તિ દિવાંકર દત્તાની બેચે કહ્યું કે અદાલતે કોઇ માટે કોઇ અપવાદ રાખ્યો નથી અને યોગ્ય આદેશ જ કર્યો હતો.

સુપ્રિમ કોર્ટે કેજરીવાલને જામીન આપ્યા બાદ પાર્ટી નેતાઓ સાથેની બેઠકમાં તેઓએ એમ કહ્યું હતું કે ચૂંટણીમાં ઇન્ડિયા ગઠબંધનની સરકાર રચાશે તો ફરી તેને જેલમાં નહીં જવું પડે. આ વિધાન સામે ઇડી વતી ઓલીસીટર જનરલ તુષાર મહેતાએ વાંધો લીધો હતો. પરંતુ અદાલતે કહ્યું કે કેજરીવાલના વિધાન સામેનો વાંધો ધારણા આધારિત છે અદાલત કાંઇ કરી ન શકે.

## ધરપકડ

(પહેલા પાનાનું ચાલું)

શરત તેના પર લાગુ થશે નહીં.' આ ઉપરાંત બેન્ચે કહ્યું કે 'આરોપીને કોર્ટ દ્વારા સમન્સ પાઠવી શકાય છે, પરંતુ તેણે તેની મુક્તિ માટે જામીનની શરતો પૂરી કરવી પડશે. જો ઇડી ફરિયાદ દાખલ થાય ત્યાં સુધી આરોપીની ધરપકડ ન કરે, તો કોર્ટે કલમ ૪૪ હેઠળ ફરિયાદ ધ્યાને લઈને આરોપીને વોરંટ નહીં પણ સમન્સ જારી કરવું જોઈએ.' આ સિવાય જસ્ટિસ ઓકાએ જણાવ્યું હતું કે 'અરજીની સુનાવણી કરતી વખતે, કોર્ટ માત્ર ત્યારે જ અટકાયતની મંજૂરી આપી શકે છે જો તે સંતુષ્ટ હોય કે કસ્ટોડિયલ પૂછપરછ જરૂરી છે, ભલે આરોપીની કલમ ૧૯ હેઠળ ક્યારેય ધરપકડ કરવામાં ન આવી હોય. સુપ્રીમ કોર્ટનો નિર્ણય તે મુદ્દા પર આવ્યો છે જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે શું સીઆરપીસીની કલમ ૮૮ હેઠળ કોર્ટમાં તેની હાજરી બતાવવા માટે આરોપી દ્વારા બોન્ડ અમલમાં મૂકવો આવશ્યક છે.

# તારે પરીક્ષા કે નોકરી નથી કરવાની, સ્ત્રીને તો ઘરનું કામકાજ જ કરવાનું હોય

**પુત્રીનો જન્મ થતાં સાસરિયાવાળા ઉશ્કેરાયા: મારા ભાઈને તું છુટાછેડા આપી દે મારા ભાઇ માટે બીજુ માંગુ તૈયાર જ છે કહીં નણંદ મેણાટોણા મારતી: મનહર પ્લોટમાં રહેતી પરિણીતાએ હિંમતનગર રહેતાં પતિ સહિતના સાસરિયા સામે ફરીયાદ નોંધાવી**

રાજકોટ. તા.૧૬

હાલ મનહર પ્લોટમાં રાજલક્ષ્મી એપાર્ટમેન્ટમાં રહેતાં અંજલીબેન ધ્રુવભાઇ જયસ્વાલ (ઉ.વ.૨૬) એ તેના પતિ ધ્રુવ સતીષ જયસ્વાલ, સસરા સતિષભાઇ, સાસુ દક્ષાબેન, દિયર શુભમ અને નણંદ ધારાબેન (રહે. તમામ કૈલાદેવી પાર્ક, હિંમતનગર) વિરૂદ્ધ મારામારી અને શારીરિક-માનસિક ત્રાસ આપ્યાની મહિલા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ માવતરના ઘરે છેલ્લા વીસેક દિવસથી રહે છે. તેણીના લગ્ન સાતેક વર્ષ પહેલાં ધ્રુવ સાથે થયેલ છે. લગ્નજીવનથી એક પુત્રી છે. લગ્ન બાદ તેણી પતિ સહિતના સાસરિયાઓ સાથે સંયુકત પરીવારમાં રહેતાં હતાં. લગ્નના એક મહીના બાદ તેણીને કોલેજના છેલ્લા વર્ષની પરીક્ષા હતી. જે લગ્ન થયા ત્યારે પતિ અને સાસરીયા વાળા સાથે વાતચીત કરેલ હતી કે, મારે આગળ અભ્યાસ કરી નોકરી કરીશ તેવુ જણાવેલ હતું. ત્યારે સાસરીયાવાળા સહમત થયેલ હતાં. બાદમાં પરીક્ષા આપેલ તેનું પરીણામ આવેલ ત્યારે ઘરના સભ્યને વાત કરેલ તો બધાએ એક જ જવાબ આપેલ કે, હવે કોઇ પણ પ્રકારની પરીક્ષા નથી આપવાની અને નોકરી પણ નથી કરવાની અને સ્ત્રીને તો ઘરનુ કામ-કાજ જ કરવાનું હોય કહીં તેણીને આગળ અભ્યાસ પણ કરવા દીધો ન હતો.

જે બાબતે તેણીએ તમે કેમ ભણવાની ના કહો છો શું કામ માટે ભવીષ્ય બગાડો છો તે વાતને લઇ સાસુ-સસરા, નણંદ અને દિયર તેણીના પતિને ચડામણી કરતા અને કહેતા કે, તારી પત્નીને ભણીને શું કામ છે અને નોકરી શેના માટે કરવી છે જો આ બહાર નોકરી કરવા જાસે તો અવળી સંગતે લાગી જાસે અને તે સાંભળી તેણીના પતિ ઝઘડો કરી મારકુટ કરતા હતાં. તેણીના પતિ પાનની દુકાનથી આવી જમીને રાત્રીના સમયે બહાર જતા ત્યારે ઘરે મોડા ઘરે આવતા તો તેમને સમયસર આવવાનું કહેતાં તે ગાળો આપી મારકુટ કરતા હતાં. જેથી તેણીએ તેના ભાઈને ફોન કરતાં તે તેડી ગયેલ અને માવતરે દોઢેક મહીનો રાકાયેલ બાદ સમાધાન થઈ જતાં ફરિવાર સસરિયે રહેવાં આવતી રહેલ હતી.

બાદમાં તેમના સાસુ-સસરા, દિયર અને નણદ તેમની સાથે વાતચીત કરતા જ નહી અને ઘરમાં કોઇ પણ બોલાવતા પણ નહી, તેણી રૂમમાં સુતી હોય ત્યારે પણ નણંદ આવીને મોટા અવાજે બોલતા કે, આ રૂમમાં તારે એકને નથી સુવાનુ અમારે પણ સુવાનુ છે તુ ઘરનુ કામકાજ કર તું ઘરની વહુ છો તને કામ કરવા માટે જ લાવ્યા છીએ અને અવાર નવાર કહેતા મારા ભાઈને તું છુટાછેડા આપી દે મારા ભાઇ માટે બીજુ માંગુ તૈયાર જ છે.તેમજ તેણીને જીવન જરૂરીયાતની વસ્તુની જરૂર હોય તો પતિ પાસે મંગાવે તો તે કહેતા કે, હું તને કાંઈ જ લાવી નહી આપુ તું તારા બાપને કે તને આપી જાય અને આમ પણ તુ તારા કરીયાવરમાં પણ કાઈ લાવી નથી જેથી હવે મારે પાનની દુકાન નથી ચલાવવી મારે નવો ધંધો કરવો છે જેથી તારા બાપના ઘરેથી દસ લાખ રૂપીયા લઈ આવ તો તેને ના પાડતા મારકુટ કરી ગાળો આપી હતી.

ઉપરાંત સસરિયાવાળા તેણીને ક્યાય જવા આવવા ન દેતા અને પિયર રાજકોટ આવે ત્યારે પણ સતત પતિના ફોન ચાલુ જ હોય તેમજ માવતરે સગાના ઘરે કે પાડોસીમાં જાવ તો પણ વિડીયોકોલ કરી ઝઘડો કરતો કરી કહેલ કે, હવે તું ત્યાજ રહેજે હવે અમારે જરૂર નથી. જેથી તેણી બીજીવાર ત્રણ ચાર મહીના મારા માવતરે રોકાયેલ ત્યારબાદ સમાધાન કરી સાસરિયાઓ તેડી ગયેલ પરંતુ તેમાં કોઈ સુધારો આવેલ નહી, તેમજ તેણીના પતિ બહારથી દારુ પી ઘરે આવતા,જે બાબતે સાસુ સસરાને વાત કરતાં તે સાંભળતા નહીં અને ઉપરથી તેણીને કાઢી મુકવા કહેતા તેમજ માવતર વાળા ઘરે આવે તો નણંદ અને દીયર કહેતાં કે, તમારા સગા સંબંધી આપડા ઘરે કેમ આવે છે તેઓને ના પાડી દેજો અમને નથી ગમતુ તેવુ કહેતા હતાં અને તેમનો સરસામાન તેણીને પુછ્યા વગર નણંદ લઇ લેતા બાદ તેણીના ઘરે દીકરીનો જન્મ થયેલ એ પણ સાસરીયાવાળાને ગમ્યુ નહી અને દીકરીને જરાય પણ સાચવતા ન હતા અને પુત્રીનો તમામ સરસામાન મારા પિયરથી આવતો હતો.

તેમજ તેમના પતિને સાસુએ કહેલ કે, મને એવી વાત મળી છે કે તુ અને તારી પત્ની અલગ રહેવા જવાના છો, તો ઘરની વાત ઘરની બહાર કેમ આવી આ વાતને લઇ તેના પતિએ ઝગડો કરી મારકુટ કરેલ અને કહેલ કે, જો તું આ મારકુટની વાત કે ઝઘડાની વાત કોઇ ને કહીશ તો તને જાનથી મારી નાંખીશ જેથી તેણી ડરી ગયેલ બધા સુઇ ગયા બાદ તેના ભાઇને એસએમએસ કરી જણાવેલ કે મને તેડી જા, જે બાદ તે માવતરે આવતી રહેલ હતી. જે બાદ સમાધાનના પ્રયાસ કરવાં છતાં તે લોકોમાં સુધારો ન આવતાં ફરીયાદ નોંધાવી હતી.

# પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચતા વધુ ૪૫ વેપારીઓ ઝડપાયા

**૨.૭ કિ.ગ્રા પ્લાસ્ટિક જપ્તઃ ગંદકી કરનારાને રૂા.૧૦.૩૫૦નો દંડ વસુલાયો**

રાજકોટ,તા.૧૬

ત્રણેય ઝોનમાંથી કુલ ૪૫ આસામીઓ પાસેથી ૨.૭ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૦,૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનના યાજ્ઞિક રોડ ,જંક્શન રોડ ,ચંદ્રેશ નગર રોડ,માધાપર મેઈન રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૫ આસામીઓ પાસેથી ૧.૩૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂા.૩,૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.કાલાવડ રોડ ,૧૫૦ ફુટ રીંગ રોડ ,યુનિવર્સીટી રોડ, મવડી મેઈન રોડ,પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૫ આસામીઓ પાસેથી ૦.૯૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩,૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનના પેડક રોડ, સંતકબીર રોડ, ભાવનગર રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૫ આસામીઓ પાસેથી ૦.૪૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩,૧૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.



# રાધાકૃષ્ણનગરમાં કારખાનેદારનું હૃદર થંભી ગયુંઃ ૫૭ વર્ષીય નીતીનભાઈનું હાર્ટએટેકથી મોત

**ગઈરાત્રીના પોતાના ઘરે બેઠા હતા ત્યાં જ પ્રૌઢ ઢળી પડયાઃ સારવાર મળે તે પહેલા દમ તોડતા પરિવારમાં શોક**

રાજકોટ તા.૧૬

હાર્ટએટેકના બનાવો અવિરત રહ્યા હોય તેમ વધુ એક હૃદય થંભી ગયું હતું. ગોંડલ રોડ ઉપર રાધાકૃષ્ણનગરમાં કારખાનેદાર નીતીનભાઈ પાટડીયા નામના પ્રૌઢને પોતાના ઘરે જ આવેલો હાર્ટએટેક જીવલેણ નિકળતા મોત નિપજયું હતું.

પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ રોડ પર રાધાકૃષ્ણનગર રહેતા નીતીનભાઈ દેવરામભાઈ પાટડીયા (ઉ.૫૭) ગઈ રાત્રીના પોતાના ઘરે બેઠા હતા ત્યારે અચાનક જ બેભાન થઈ ઢળી પડતા તાત્કાલીક સારવાર અર્થે સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નિપજયું હતું. બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી. વધુમાં મૃતક ગેસ મશીનના પાર્ટ બનાવવાનું કારખાનું ધરાવતા હતા. મૃતક ત્રણ ભાઈ એક બહેનમાં વચેટ હતા તેમજ સંતાનમાં એક પુત્ર છે. બનાવથી પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

# અવધના ઢાળીયે અમીત સોલંકીએ ફીનાઈલ ગટગટાવ્યું

રાજકોટ તા.૧૬

અવધના ઢાળીયા વિસ્તારમાં આવેલ સાવરકરનગર આવાસમાં રહેતા અમીત દેવજીભાઈ સોલંકી (ઉ.૨૭) ગઈકાલે રાત્રીના એકાદ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતો ત્યારે અગમ્ય કારણોસર ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા તાત્કાલીક સારવાર અર્થે સીવીલમાં ખસેડવામાં આવ્યો હતો બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે યુનિ.પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી યુવકનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી હતી.

### આજથી તાપમાન ઉંચકાશેઃ પાટનગર દિલ્હી સહિત અનેક ભાગોમાં પારો ૪૫ ડીગ્રીને આંબશે

# ભીષણ ગરમી બાદ ચોમાસુ વ્હેલુઃ ૩૧ મે એ એન્ટ્રી લેશે

### હવામાન વિભાગનો નિર્દેશઃ ગત વર્ષે એક સપ્તાહ મોડુ પ્રવેશ્યુ હતુ પરંતુ આ વખતે સમયસર કે એક દિવસ વ્હેલુ જ આવી જવાની શકયતા

નવી દિલ્હી તા.૧૬

ગુજરાત સહિત દેશના અનેક ભાગો ભીષણ ગરમી-તાપમાનનો સામનો કરી રહ્યા છે ત્યારે હવામાન વિભાગે ભારતમાં ચોમાસાની એન્ટ્રી એકાદ દિવસ વ્હેલી થવાની આગાહી કરી છે. સામાન્ય રીતે ૧લી જુને કેરળમાં પ્રવેશતુ ચોમાસુ ૩૧મી મે એ જ ટકોરા મારી દે તેવી શકયતા છે.

ભારતીય હવામાન વિભાગના વડા મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે ૩૧મી મે એ ચોમાસાનો પ્રવેશ વ્હેલો ન ગણાય છતાં નોર્મલ તારીખ આસપાસ જ રહેશે. સામાન્ય રીતે કેરળમાં ચોમાસુ ૧લી જૂને પ્રવેશતુ હોય છે. આ વખતે ૩૧ મે આસપાસ કેરળમાં પ્રવેશવાનું અનુમાન છે.

હવામાન વિભાગના આંકડા પ્રમાણે કેરળમાં મોનસુનની એન્ટ્રીના સમયમાં વર્ષોવર્ષ ભિન્નતા જોવા મળતી હોય છે. છેલ્લા ૧૫૦ વર્ષોના આંકડા ચકાસવામાં આવે તો સૌથી વધુ એન્ટ્રી ૧૯૧૮માં ૧૧ મે ના રોજ થઈ હતી જયારે સૌથી મોટો પ્રવેશ ૧૯૭૨માં ૧૮ જૂને થયો હતો.

ગત વર્ષે ચોમાસુ એક સપ્તાહ મોડુ થયુ હતું. ૮મી જૂને કેરળમાં પ્રવેશ્યુ હતું.



૨૦૨૨માં ૨૯ મે ના રોજ આવી ગયુ હતું. ૨૦૨૧માં ૩ જૂન તથા ૨૦૨૦માં

### ચોમાસા પુર્વે હજુ આકરા તાપમાનના રાઉન્ડ સહન કરવા પડશેઃ મોટાભાગના ક્ષેત્રોમાં વરસાદ નોર્મલ કે તેથી પણ વધુ થવાનુ અનુમાન


૧લી જૂને પ્રવેશ થયો હતો. આંદામાનમાં ચોમાસાનો પ્રવેશ આગામી ૧૯મી મે આસપાસ- વ્હેલો થઈ જવાની આગાહી કરવામાં આવી જ છે.

ભારતમાં આગામી નૈઋત્ય ચોમાસુ નોર્મલથી પણ વધુ સારૂ રહેવાની આગાહી હવામાન વિભાગે અગાઉ જ કરી દીધી છે. આ વખતે ઉનાળો પણ ભીષણ રહ્યો છે તેમ ચોમાસુ પણ ઘણુ સારુ રહી શકે છે. આકરી ગરમીના વર્તમાન દોરમાં અનેક રાજયોમાં તાપમાન રેકોર્ડ તોડી રહ્યું છે. આજથી તાપમાનનો પારો વધુ ઉંચકાવવાની પણ ચેતવણી આપવામાં આવી છે. પાટનગર દિલ્હીમાં ૪૫ ડીગ્રીને પાર થવાની ચેતવણી આપવામાં આવી છે. ભીષણ ગરમીને કારણે લોકોના આરોગ્ય તથા આજીવિકા પ્રભાવિત થવાની સાથોસાથ જળાશયો સુકાઈ રહ્યા છે.

ભારતનુ બાવન ટકા કૃષિક્ષેત્ર ચોમાસાના વરસાદ પર નિર્ભર હોવાથી ચોમાસાની સમયસર કે વહેલી એન્ટ્રીથી કૃષિવર્ષ સારુ નિવડી શકે અને તેના પ્રભાવ હેઠળ સમગ્ર અર્થતંત્રને મોટો ફાયદો થઈ શકે છે.

## નીરજ ચોપરાએ નેશનલ એથ્લેટિક્સ ફેડરેશન કપમાં ગોલ્ડ મેડલ જીત્યો : ૮૨.૨૭ મીટર ફેંકીને પ્રથમ સ્થાન મેળવ્યું

### કર્ણાટકના ડીપી મનુને સિલ્વર મળ્યો, શ્રેષ્ઠ થ્રો ૮૨.૦૬ મીટર હતો



ભુવનેશ્વર : નીરજ ચોપરાએ નેશનલ એથ્લેટિક્સ ફેડરેશન કપમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ નીરજ ભારતમાં પહેલીવાર કોઈ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યો હતો. તેણે તેના ચોથા પ્રયાસમાં ૮૨.૨૭ મીટરનો થ્રો કર્યો, આ થ્રો સાથે તે પ્રથમ રહ્યો અને ગોલ્ડ મેડલ જીત્યો.

ભુવનેશ્વરમાં યોજાયેલા કપમાં નીરજ હરિયાણા તરફથી રમી રહ્યો હતો. સ્પર્ધામાં કર્ણાટકના ડીપી મનુએ સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે મહારાષ્ટ્રના ઉત્તમ બાલાસાહેબ પાટીલ ત્રીજા ક્રમે રહ્યા હતા. મનુનો શ્રેષ્ઠ થ્રો ૮૨.૦૬ મીટર હતો અને પાટીલનો શ્રેષ્ઠ થ્રો ૭૮.૩૯ મીટર હતો.

## જેટ એરવેઝના સ્થાપક નરેશ ગોયલના પત્ની અનિતા ગોયલનું અવસાન

### લાંબા સમયથી કેન્સર સામે લડી રહ્યા હતા, સવારે ૩ વાગ્યે મુંબઈમાં અંતિમ શ્વાસ લીધા

મુંબઈ : જેટ એરવેઝના સ્થાપક નરેશ ગોયલની પત્ની અનિતા ગોયલનું મુંબઈમાં નિધન થયું છે. તે લાંબા સમયથી કેન્સર સામે ઝઝૂમી રહી હતી. સારવાર દરમિયાન તેમણે ગુરુવારે સવારે ૩ વાગ્યે મુંબઈની એક હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અનિતા ગોયલના અંતિમ સંસ્કાર આજે મુંબઈમાં કરવામાં આવશે.



૬ મેના રોજ, બોમ્બે હાઈકોર્ટે મની લોન્ડરિંગ કેસમાં નરેશ ગોયલને તબીબી અને માનવીય આધાર પર ૨ મહિનાના વચગાળાના જામીન આપ્યા હતા. ગોયલ પરિવારમાં અનિતા ગોયલ પછી તેમના પતિ અને બે બાળકો નમ્રતા અને નિવાન ગોયલ છે. નરેશ ગોયલ પણ કેન્સરથી પીડાઈ રહ્યા છે.

અનીતા ગોયલ જેટ એરવેઝની કામગીરી સાથે સંકળાયેલા હતા અને જેટ એરવેઝના કાર્યકારી ઉપાધ્યક્ષ હતા. ૨૦૧૫ માં, તે નોન-એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડેન્ટ હતા.

અનીતા ગોયલ પણ મની લોન્ડરિંગ કેસમાં આરોપી હતા : નવેમ્બર ૨૦૨૩માં ઈડીએ મની લોન્ડરિંગ કેસમાં નરેશ ગોયલની પત્ની અનીતાની પણ ધરપકડ કરી હતી. જોકે, તેની ઉંમર અને તબિયતના આધારે કોર્ટે તેને તાત્કાલિક જામીન આપી દીધા હતા.

નરેશ ગોયલે આ વર્ષે ૬ જાન્યુઆરીએ પોતાની જામીન અરજીની સુનાવણી દરમિયાન મુંબઈની ડકખઅ સ્પેશિયલ કોર્ટમાં રડવા લાગ્યા હતા. પછી તેણે કોર્ટને કહ્યું, 'મેં જીવનની આશા ગુમાવી દીધી છે. મારી તબિયત બહુ બગડી ગઈ છે. જેલમાં મરવું સારું. હું મારી પત્નીને ખૂબ મિસ કરું છું. તે કેન્સરના છેલ્લા સ્ટેજમાં છે.

### જેટ એરવેઝ એપ્રિલ ૨૦૧૯ થી બંધ છે

જેટ એરવેઝ એક સમયે ભારતની સૌથી મોટી ખાનગી એરલાઇન્સમાંની એક હતી અને એરલાઇન દક્ષિણ એશિયાના દેશોમાં સૌથી મોટી ખાનગી એરલાઇનનો દરજ્જો ધરાવતી હતી. પછી, દેવાના બોજને કારણે, જેટ એરવેઝને ૧૭ એપ્રિલ ૨૦૧૯ ના રોજ ગ્રાઉન્ડેડ (ઓપરેશન બંધ) કરવામાં આવ્યું હતું.

તે સમયે જેટ એરવેઝ પર કેનેરા બેંક પાસેથી ૫૩૮.૬૨ કરોડ રૂપિયાની લોન બાકી હતી. જેટ એરવેઝે ૮૪૮.૮૬ કરોડની ક્રેડિટ લિમિટ અને લોન લીધી હતી. ત્રણ વર્ષ પછી, ૨૦૨૧ માં, કેનેરા બેંકે આરોપ મૂક્યો હતો કે જેટ એરવેઝના ફોરેન્સિક ઓડિટમાં જાણવા મળ્યું હતું કે જેટે તેની સંકળાયેલ કંપનીઓને ૧,૪૧૦.૪૧ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા છે. કંપનીના ખાતામાંથી પૈસા ઉપાડવા માટે આવું કરવામાં આવ્યું હતું. ગોયલ પરિવાર પર આરોપ હતો કે તેમના તમામ અંગત ખર્ચ જેમ કે સ્ટાફના પગાર, ફોન બિલ અને વાહન ખર્ચ જેટ એરવેઝના ખાતામાંથી.

## ટીમની પસંદગીને લઈને વિવાદ

### T-20 વર્લ્ડ કપ માટે રબાડા - માત્ર એક અશ્વેત ખેલાડી, સાઉથ આફ્રિકા ક્રિકેટ બોર્ડના પૂર્વ પ્રમુખ અને પૂર્વ ખેલ મંત્રીએ સવાલ ઉઠાવ્યા






કેપટાઉન : T20 વર્લ્ડ કપ માટે પસંદ કરાયેલી દક્ષિણ આફ્રિકાની ટીમને લઈને વિવાદ ઉભો થયો છે. ટીમમાં માત્ર એક આફ્રિકન અશ્વેત ખેલાડીને સામેલ કરવા બદલ ક્રિકેટ સાઉથ આફ્રિકાની ટીકા કરવામાં આવી રહી છે અને સવાલો ઉભા થઈ રહ્યા છે.

દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ ખેલ મંત્રી ફિકીલે મ્બાલુલા અને દક્ષિણ આફ્રિકા ક્રિકેટ અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ રે માલીએ પણ આફ્રિકાના બે અશ્વેત ખેલાડીઓને સ્થાન ન આપવા પર નારાજગી વ્યક્ત કરી છે.

હકીકતમાં, દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમની પ્લેઇંગ ઇલેવનમાં બે આફ્રિકન અશ્વેત ખેલાડીઓ સહિત ૬ અશ્વેત ખેલાડીઓનો સમાવેશ કરવો જરૂરી છે.

તે જ સમયે, માત્ર એક આફ્રિકન અશ્વેત ખેલાડી, કાગિસો રબાડાને દક્ષિણ આફ્રિકાની ૧૫ સભ્યોની સંભવિત ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે જેને ૨ જૂનથી અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનાર T-20 વર્લ્ડ કપ માટે પસંદ કરવામાં આવ્યો છે. જયારે લુંગી એનગીડીને રિઝર્વ ખેલાડી તરીકે રાખવામાં આવ્યો છે.

જ્યારે ટીમના અન્ય પાંચ અશ્વેત ખેલાડીઓમાં રીઝા હેન્ડ્રીક્સ, જોર્ન ફોર્ટ્યુઈન, કેશવ મહારાજ, તબરેઝ શમ્સી અને ઓટનિલ બાર્ટમેન છે.

### પૂર્વ અધિકારીઓએ શું કહ્યું

દક્ષિણ આફ્રિકાના પૂર્વ ખેલ મંત્રી ફિકિલે મ્બુલાએ ટી૨૦ વર્લ્ડ કપ માટે પસંદ કરેલી ટીમ પર સવાલ ઉઠાવ્યા અને સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું- T20 વર્લ્ડ કપ માટે ટીમમાં માત્ર એક આફ્રિકન ખેલાડીની પસંદગી કરવામાં આવી છે. આ સન્માન લાવવાના ધ્યેયની વિરુદ્ધ છે. આમાં દક્ષિણ આફ્રિકાના લોકોનું યોગ્ય પ્રતિનિધિત્વ નથી. ક્રિકેટ આફ્રિકા અને ઈન્ટરનેશનલ ક્રિકેટના પ્રમુખ રહી ચૂકેલા રે માલીએ કહ્યું કે અમે રમતગમતમાં ઘણું હાંસલ કર્યું છે, પરંતુ ક્રિકેટના મામલે અમે પાછળ રહી ગયા છીએ. અમે આગળ વધવાને બદલે એક ડગલું પાછળ હટી ગયા છીએ. આ સ્વીકારવામાં આવશે નહીં. તેણે વધુમાં કહ્યું કે હું સમજી શકતો નથી કે આજના સમયમાં દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમમાં અશ્વેત ખેલાડીઓની સંખ્યા વધુ કેમ ન હોઈ શકે. આ દેશ માટે એકતા માટે વાટાઘાટો કરવા કહેનારાઓને અમે દગો આપ્યો છે

## ભારતીય ફૂટબોલ ટીમના કેપ્ટન સુનીલ છેત્રીએ કરી સંન્યાસની જાહેરાત, ૬ જૂનના રમશે છેલ્લી મેચ

ન્યુ દિલ્હી : ભારતીય ફૂટબોલ ટીમના કેપ્ટન સુનીલ છેત્રીએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. તેણે કહ્યું કે તે તેની છેલ્લી મેચ ૬ જૂને કુવૈત સામે રમશે. છેત્રીએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક વીડિયોમાં આ માહિતી આપી હતી.



ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ સુનીલ છેત્રીના આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિ લેવાના નિર્ણય પર ટ્વિટ કર્યું છે. બોર્ડે લખ્યું, ‘‘તમારી કારકિર્દી અસાધારણથી ઓછી રહી નથી અને તમે ભારતીય ફૂટબોલ અને ભારતીય રમતો માટે આઇકોન છો.‘‘

૩૯ વર્ષીય છેત્રીએ સંન્યાસ લેવાના નિર્ણયની જાહેરાત કરતા કહ્યું, ‘‘કુવૈત સામેની મેચ છેલ્લી મેચ છે.‘‘ છેત્રીએ માર્ચમાં ભારત માટે પોતાનો ૧૫૦મો દેખાવ કર્યો હતો અને આ પ્રસંગે તેણે ગુવાહાટીમાં અફઘાનિસ્તાન સામે ગોલ કર્યો હતો. જોકે, ભારત તે ગેમ ૧-૨થી હારી ગયું હતું. ૨૦૦૫માં ડેબ્યૂ કરનાર છેત્રીએ દેશ માટે ૯૪ ગોલ કર્યા છે. તે ભારતના સર્વકાલીન ટોચના સ્કોરર અને સૌથી વધુ કેપ્ડ ખેલાડી તરીકે નિવૃત્તિ લેશે. તે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લિયોનેલ મેસ્સી પછી સક્રિય ખેલાડીઓમાં ગોલ સ્કોરરની યાદીમાં ત્રીજા સ્થાને છે. બે દાયકાની શાનદાર કારકિર્દીનો અંત આવ્યો. લાંબા સમયથી સેવા આપી રહેલા રાષ્ટ્રીય ટીમના કેપ્ટને તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કરેલા એક વીડિયો દ્વારા તેના નિર્ણયની જાહેરાત કરી હતી. ભારત હાલમાં ગ્રુપ અમાં લીડર કતારથી ચાર પોઈન્ટ પાછળ બીજા સ્થાને છે.

## આજે સનરાઈઝર્સ પ્લેઓફમાં એન્ટ્રી મારવા ઉતરશે

### ગુજરાતે આ સિઝનમાં હૈદરાબાદને ત્રણ વખત હરાવ્યું છે



હૈદરાબાદ : પ્લેઓફમાં સ્થાન મેળવવા માટે આજે ગુજરાત ટાઇટન્સ સામે માત્ર એક જ જીતની જરૂર છે. તેનીબે મેચ બાકી છે, પરંતુ તે ગુજરાત ટાઇટન્સ સામેની આજની મેચમાં જીત મેળવીને આગલા રાઉન્ડમાં પહોંચવા માંગશે. જોકે પેટ કમિન્સની ટીમ ટોપ-૨માં સ્થાન મેળવવા પર નજર રાખી રહી છે.આ પછી તેણે વધુ એક મેચ રમવાની છે અને તેનો નેટ રન રેટ પણ પ્લસ ૦.૪૦૬ છે. સનરાઇઝર્સ પાસે ૧૨ મેચમાં ૧૪ પોઇન્ટ છે અને તે વધુમાં વધુ ૧૮ પોઇન્ટ મેળવી શકે છે. જે ટોપ-૨માં પોતાનું સ્થાન નિશ્ચિત કરશે.

**બ્રેક ફાયદાકારક બની શકે છે**

આ મેચ પહેલા સનરાઇઝર્સને એક સપ્તાહનો બ્રેક મળ્યો છે. જેના કારણે તે તાજગીથી મેદાનમાઃ પરત કરશે. આ સિવાય ૮મી મેના રોજ લખનૌ સુપર જાયન્ટસ સામે રેકોર્ડ જીત નોંધાવ્યા બાદ તેમનું મનોબળ વધશે. જયારે બોલરોએ લખનૌને ઓછા સ્કોર સુધી રોકી રાખ્યું હતું. ત્યારે ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માની ઓપનિંગ જોડીએ ૧૬૬ રનનો લક્ષ્યાંક ૯.૪ ઓવરમાં દસ વિકેટ બાકી રહેતા હાંસલ કર્યો હતો.

**ઓપનિંગ જોડી પર નિર્ભર**


સનરાઇઝર્સ આ સિઝનમાં અવિશ્વસનીય સ્કોર બનાવ્યો છે. ત્યારે તેઓ ભારે હારનો પણ સામનો કરવો પડયો છે. ગુજરાત તેમને ટુર્નામેન્ટમાં સાત વિકેટે હરાવ્યું હતું. તેને છેલ્લી પાંચમાંથી ત્રણ મેચમાં હારનો સામનો કરવો પડયો હતો. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે તેમને ૩૫ રનથી, ચેન્નાઇ સુપર કિંગ્સે ૭૮ રનથી અને મુંબઇ ઇન્ડિયન્સને સાત વિકેટે હરાવ્યું હતું. ૨૦૧૬ની ચેમ્પિયન શીપ બેટીંગમાં હેડ અને અભિષેક પર ખુબ નિર્ભર છે. જો તેઓ નિષ્ફળ જાય તો તેની ઈનિંગ્સ ખોરવાઇ જાય છે. તેથી નીતિન રેડ્ડી, હેનરિક કલાસેન અને અબ્દુલ રામદને વધુ સારૂ પ્રદર્શન કરવું પડશે.

### ગુજરાતની ટીમ આજે પ્રતિષ્ઠા માટે રમશે ?

ગુજરાતની ટીમ આજે માત્ર પ્રતિષ્ઠા માટે જ રમશે. પૂર્વ કોચ હાર્દિક પંડયાની વિદાય બાદ ફોર્મમાં ગુજરાતની ટીમમાં જોવા મળી નથી. હાર્દિકે ૨૦૨૨માં ટાઇટલ જીતવામાં અને ગયા વર્ષ ફાઇનલમાં પહોંચવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ ઇજાને કારણે મહોમ્મદ સામી પણ આખી સિઝનમાં ન હોવાથી ટીમને નુકસાન થયું છે. ફ્રેન્ચાઇઝ આગામી સિઝનમાં ચોકકસપણે નવા ખેલાડીઓની શોધ કરવી પડશે.

## વિશ્વ પ્રતિષ્ઠિત કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ‘મંથન’ સહિત અનેક ભારતીય ફિલ્મોનું સ્ક્રીનીંગ

### પાયલ કાપડીયાની ‘ઓલ વી ઈમેજીન એઝ લાઈટ’ સહિતની ભારતીય ફિલ્મોનું સ્ક્રીનીંગ થશે






મુંબઇઃ દુનિયાભરમાં પ્રતિષ્ઠિત કાન્સ ફિલ્મ ફેસ્ટીવલની ૭૭મી એડિશનની શરૂઆત થઇ ગઇ છે અને આખી દુનિયામાંથી આવેલા સ્ટાર્સ રેડ કાર્પેટ પર પોતાની ચમક વિખેરી રહ્યા છે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં દુનિયાની અનેક શ્રેષ્ઠ ફિલ્મોનું સ્ક્રીનીંગ પણ થતું હોય છે.

લગભગ ૩૦ વર્ષ બાદ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પાલ્મે ડી’ઓર પુરસ્કાર માટે સ્પર્ધામાં ઉતરનાર પ્રથમ ભારતીય ફિલ્મ છે. ડાયરેક્ટર પાયલ કાપડિયાની ‘ઓલ વી ઇમેજીન એઝ લાઇટ’ ફિલ્મ બે રૂમમેટની કથા છે. બીજી ફિલ્મ છે ‘સંતોષ’ આ ફિલ્મની ડાયરેક્ટર બ્રિટીશ ઇન્ડિયન ફિલ્મ મેકર સંધ્યા સૂરી છે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં સ્કીનીંગમાં સામેલ એક વધુ ભારતીય ફિલ્મ ‘સન ફ્લાવર્સ વર ધી ફર્સ્ટ વન્સ ટુ નો’ છે. જે એક કન્નડ શોર્ટ ફિલ્મ છે. આ ફિલ્મનું ડાયરેકશન એફટીઆઇઆઇના સ્ટુડન્ટ ચિદાનંદ નાઈકે કર્યું છે. આ ઉપરાંત કાન્સમાં શ્યામ બેનેગલ નિર્દેશિત અને સ્મિતા પાટીલ અને નસરુદીન શાહ અભિનિત ફિલ્મ ‘મંથન’ની પણ સ્કીનીંગ થશે. ‘મંથન’ ફિલ્મ ગુજરાતની દુધ સહકારી મંડળીના વિષય પર ૧૯૭૬માં બની હતી. ત્યારે આ ફિલ્મને અનેક એવોર્ડ મળેલા. આ ઉપરાંત એક્ટ્રેસ રાધિકા આપ્ટે અને ડાયરેક્ટર કરણ કંધારીની ફિલ્મ ‘સિસ્ટર મિડનાઇટ’ પણ કાન્સમાં હાજરી દર્શાવવા તૈયાર છે. આ ફિલ્મની પસંદગી ડાયરેકર્સ ફોર્ટેનાઇટની શ્રેણીમાં કરાઇ છે. સ્કીનીંગની યાદીમાં ફિલ્મ ડાયરેક્ટર સૈયદ મેસમઅલી શાહની ફિલ્મ ‘ઇન રીટ્રીટ’ પણ સામેલ છે. આ ઉપરાંત કાન્સ ફેસ્ટિવલમાં બલ્ગેરિયન ડાયરેક્ટર કોન્સેટટિન બોજાનોવની ફિલ્મ ‘ધી શેમલેસ’ પણ દર્શાવાશે. આ ફિલ્મનું શૂટીંગ ભારતમાં થયું છે અને તેમાં ભારતીય કલાકારોએ પણ કામ કર્યું છે.

### ‘આરઆરઆર’ ફેમ રાજામૌલીની એક ફિલ્મમાં

## પાત્રનો લુક જાહેર ન થઇ જાય તે માટે મહેશ બાબુ અજ્ઞાતવાસમાં ચાલ્યા જશે

મુંબઇઃ તેલુગુ ફિલ્મોના સુપર સ્ટાર મહેશ બાબુ હવે એસએસ રાજામૌલીની સાથે પોતાની એક નવી ફિલ્મ માટે એક એવું પગલું ભરવા જઇ રહ્યા છે જે જાણીને ફેન્સ ચોંકી ઉઠશે. મહેશબાબુ આ ફિલ્મ રીલીઝ થાય ત્યાં સુધી અજ્ઞાતવાસમાં રહેશે. મતલબ કે તે પબ્લિકમાં નજરે નહીં પડે. આ પગલું તે એટલા માટે ભરી રહ્યો છે કારણ કે તે ફિલ્મમાં પોતાનો લૂક છુપાવી શકે.



બ્લોક બસ્ટર ‘આરઆરઆર’ બાદ રાજામૌલીની ફિલ્મ માટે તૈયારીમાં મહેશબાબુ લાગી ગયો છે. જાણવા મળેલી વિગત મુજબ આ ફિલ્મ જંગલ એડવેન્ચર હશે અને શૂટીંગ આ વર્ષે ઓક્ટોબર-૨૦૨૪થી શરૂ થશે. એક અહેવાલ મુજબ એસએસ રાજામૌલી પોતાની ફિલ્મમાં સ્ટાર્સ ના દેખાય તે લઇને પણ ખૂબ મહેનત કરે છે. તે તેમને ‘લાર્જર ધેન લાઇફ’ની સાથે સાથે જરા હટકે પણ બતાવે છે. કંઇક આવું જ રાજામૌલી મહેશબાબુ સાથે કરનાર છે. ફિલ્મમાં પાત્રના હિસાબે તેમનો ચહેરો અને લૂક પૂરી રીતે બદલી નાખવામાં આવશે. સૂત્રો મુજબ પાત્ર માટે મહેશબાપુ તન-મનથી જોડાયો છે.

લુક છૂપાવવા માટે મહેશબાબુ અજ્ઞાતવાસમાં ચાલ્યા જશે. મતબલ કે તે લોકોને જાહેરમાં નહીં દેખાય. કહેવાય છે કે આ ફિલ્મમાં મહેશબાબુના પાત્રમાં ભગવાન હનુમાનજીના કેટલાક શેડ્સ હશે. હાલ આ ફિલ્મનું નામ મહારાજા રખાયું છે. ફાઇનલ ટાઇટલ પર હજુ કામ ચાલી રહ્યું છે.

## હિન્દી ફિલ્મનો પરપોટો ફુટી જશેઃ નસરુદીન શાહ

### આપણી હિન્દી ફિલ્મો કરતા થાઈલેન્ડ અને કોરિયાની ફિલ્મો હજાર દરજજે સારીઃ એકટર



મુંબઈઃ હિન્દી ફિલ્મ ઉદ્યોગના પાવરફુલ એકટર નસરુદ્દીન બેધડક નિવેદનોને કારણે પણ જાણીતા છે. છેલ્લા ચાર દાયકામાં તેમણે ફિલ્મો ઉપરાંત રંગભૂમિ અને ટીવી પર પણ દમદાર પર્ફોર્મન્સથી અમીટ છાપ છોડી છે.

તેમણે હાલમાં જ બોલીવુડની ફિલ્મોના બારામાં વાત કરી હતી. તેમણે કોરિયા અને થાઈલેન્ડની ફિલ્મોને હિન્દી ફિલ્મો કરતા હજાર ગણી બહેતર ગણાવી હતી. સાથે સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે તેને બોલીવુડની લવ સ્ટોરીઝ ફિલ્મો પ્રત્યે સખ્ત નફરત છે અને બહુ ઝડપથી હિન્દી ફિલ્મોનો પરપોટો ફુટી જશે. કારણ કે આ ફિલ્મો ખાસ ઉદેશથી બનાવવામાં આવે છે.

નસરુદીને એક કાર્યક્રમમાં હિન્દી ફિલ્મો અને બોલીવુડની ફિલ્મો પર નિશાન સાધીને કહ્યું હતું કે આપણે છાતી પીટી રહ્યા છીએ આખી દુનિયામાં બોલીવુડની ફિલ્મો જોવામાં આવી રહી છે. એક તો તે મને આ બોલીવુડ લવથી સખ્ત નફરત છે.

નસરુદીને જણાવ્યું હતું કે હિન્દી ફિલ્મોનો પરપોટો એક દિવસ ફુટશે મને તેનો વિશ્વાસ છે. કારણ કે તેમાં સાર નથી અને માત્ર એક ‘ઉદેશ’થી આ ફિલ્મો બની રહી છે અને બધાને આ ઉદેશની ખબર છે.

### વિશ્વ આરોગ્ય સંગઠનની ચેતવણી


## વધુ પડતુ મીઠુ ખાનારા સાવધાન : યુરોપમાં દરરોજ ૧૦ હજાર લોકોના હૃદયરોગથી મૃત્યુ

### મીઠાના સેવનને ૨૫ ટકા ઘટાડવાથી ૨૦૩૦ સુધીમાં કાર્ડિયોવેસ્ક્યુલર રોગોથી થતા આશરે ૯ મિલિયન મૃત્યુ અટકાવી શકાશે

નવી દિલ્હી, તા. ૧૬

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ સમગ્ર વિશ્વમાં હૃદય રોગના વધતા જોખમને લઈને એક મહત્વપૂર્ણ ચેતવણી જાહેર કરી છે. ડબ્લ્યુએચઓ અનુસાર, યુરોપમાં દરરોજ લગભગ ૧૦,૦૦૦ લોકો હૃદય રોગથી મૃત્યુ પામે છે, જેનો અર્થ થાય છે કે વાર્ષિક ૪ મિલિયન લોકો મૃત્યુ પામે છે. આ મૃત્યુ યુરોપમાં કુલ મૃત્યુના ૪૦% માટે જવાબદાર છે! એટલે કે દર વર્ષે ૪૦ લાખ લોકો મૃત્યુ પામે છે.

WHO યુરોપના ડિરેક્ટર હંસ ક્લુગે જણાવ્યું હતું કે, ‘મીઠાના સેવનને ૨૫ ટકા ઘટાડવા માટે લક્ષિત નીતિઓનો અમલ કરવાથી ૨૦૩૦ સુધીમાં કાર્ડિયોવેસ્ક્યુલર રોગોથી થતા આશરે ૯ મિલિયન મૃત્યુને અટકાવી શકાય છે.



યુરોપમાં, ૩૦ થી ૭૯ વર્ષની વયના ત્રણમાંથી એક પુખ્ત વયના લોકો હાઈ બ્લડ પ્રેશરથી પીડાય છે, જે મુખ્યત્વે વધુ મીઠાના સેવનને કારણે થાય છે. WHO (વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન) યુરોપીયન પ્રદેશના ૫૩ માંથી ૫૧ દેશોમાં, સરેરાશ દૈનિક મીઠાનું સેવન WHOએ ભલામણ કરેલ ૫ ગ્રામ (એક ચમચી) કરતાં વધી જાય છે. તેનું કારણ પ્રોસેસ્ડ ફૂડ અને નાસ્તામાં મીઠાનો વધુ પડતો ઉપયોગ છે.

WHOએ કહ્યું, ‘વધુ પ્રમાણમાં મીઠું લેવાથી બ્લડ પ્રેશરમાં વધારો થાય છે, જે હાર્ટ એટેક અને સ્ટ્રોક જેવા કાર્ડિયોવેસ્ક્યુલર રોગો માટે મોટું જોખમ છે.‘વિશ્વમાં યુરોપમાં હાયપરટેન્શનનો સૌથી વધુ વ્યાપ છે. ડબ્લ્યુએચઓ યુરોપના અહેવાલ મુજબ, આ પ્રદેશમાં પુરુષોમાં સ્ત્રીઓ કરતાં હૃદયની બીમારીઓથી મૃત્યુ થવાની સંભાવના લગભગ ૨.૫ ગણી વધારે છે.

પૂર્વી યુરોપ અને મધ્ય એશિયામાં પશ્ચિમ યુરોપ કરતાં નાની ઉંમરે (૩૦-૬૯ વર્ષ) હૃદયરોગથી મૃત્યુ થવાની શક્યતા પાંચ ગણી વધારે છે. આ માહિતી પરથી આપણે સમજીએ છીએ કે મીઠાનું સેવન ઓછું કરવા માટે જાગૃતિ ફેલાવવી ખૂબ જ જરૂરી છે. મીઠું ઓછું ખાવાથી આપણે આપણી જાતને અને આપણા પરિવારને હૃદયની બીમારીઓથી બચાવી શકીએ છીએ.

# ગાંધી સોસાયટીના કોમન પ્લોટની કપાતમાં જતી જમીનનું ૧.૭૬ કરોડનું વળતર ચૂકવાશે: કલેકટર

## માધાપર ઓવરબ્રીજના સર્વિસ રોડ માટે કપાત થનારી ૧૪૨૪ સ્કવેર મીટર જમીનની જંત્રી અને સરેરાશ બજાર કિંમત મુજબ પ્રતિ સ્કવેર મીટરના રૂા.૧૨,૪૦૦નો ભાવ ગણી કરાશે ચૂકવણું

રાજકોટ તા.૧૬

રાજકોટના પ્રવેશદ્વાર એવા માધાપર ચોકડી વિસ્તારમાં ઓવરબ્રીજના લોકાર્પણના લાંબા સમય બાદ હવે આ બ્રીજના ગાંધી સોસાયટી તરફના સર્વિસ માટે કપાતમાં જતી ૧૪૨૪ સ્કવેર મીટરનું રૂા.૧,૭૬,૫૭,૬૦૦નું વળતર ચુકવવામાં આવનાર છે.

આ અંગે જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું છે કે માધાપર ઓવરબ્રીજના આ સર્વિસ રોડ માટે જે જમીન કપાતમાં આવે છે. તેનો જંત્રી દર અને હાલની સરેરાશ બજાર કિંમત ગણી પ્રતિ સ્કવેર મીટરના રૂા.૧૨૪૦૦ લેખે વળતર ચુકવવામાં આવશે. અહીં એ ઉલ્લેખનીય છે કે માધાપર ઓવર બ્રીજના સર્વિસ રોડની જમીન સંપાદન માટે મહેસુલ વિભાગ દ્વારા અગાઉ બે જાહેરનામા પ્રસિધ્ધ કરાયા હતા.

તેમજ આસામીઓ પાસેથી વાંધા અરજીઓ પણ મંગાવવામાં આવી હતી. આ સર્વિસ રોડ માટે ગાંધી સોસાયટીના કોમન પ્લોટની ૧૪૨૪ સ્કવેર મીટર જમીન કપાસમાં આવે છે. જેથી આ જમીનનો જંત્રી અને હાલની બજાર કિંમત મુજબ ભાવ નિયત કરી દેવામાં આવે છે. હવે આ જમીન હસ્તગત કરવા માટે રેવન્યુ વિભાગ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

માધાપર ઓવરબ્રીજના લોકાર્પણ બાદ એક તરફના સર્વિસ રોડ પર જ વાહનોની આવન જાવન શરૂ રહેવા પામી છે. જયારે બીજી તરફના સર્વિસ રોડનું કોંકળુ ગુંજવાયેલું રહ્યું હતું. આ દરમ્યાન લોકસભાની ચૂંટણી આવી પડતા આ અંગેની કામગીરી ઠપ્પ રહેવા પામી હતી. જોકે હવે ચૂંટણી પુરી થતા જ કલેકટર તંત્ર દ્વારા આ કામગીરી હાથ પર લેવામાં આવી છે. ગાંધી સોસાયટી તરફનો સર્વિસ રોડ, ઝડપભેર બને તે માટે સર્વિસ રોડ માટે જમીન હસ્તગત કરવા પ્રતિ સ્કવેર મીટર જમીનનો રૂા.૧૨૪૦૦નો ભાવ નિયત કરી દેવામાં આવે છે.



## નોન ક્રિમીનલ દાખલાઓ કઢાવવા માટે પડતી હાલાકીના પ્રશ્ને

# બહુમાળી ભવનમાં પ્રાંત અધિકારીની ટીમ દોડાવતા કલેકટર

### જરૂર પડયે વધારાની બારીઓ શરૂ કરવા માટે કરાયેલ તાકીદ

રાજકોટ તા.૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ના જાહેર કરાયેલા પરિણામો બાદ અભ્યાસ માટે નોન ક્રિમીનલ દાખલાઓ કઢાવવા માટે વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

બહુમાળી ભવન સ્થિત સમાજ કલ્યાણ અધિકારીની કચેરી દ્વારા આ માટે બહુમાળી ભવનમાં વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ જયાં પુરતી સુવિધાનો અભાવ રહેલો હોય, વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને હાલાકી પડી રહી છે. અહીં પીવાના પાણીની કોઈ વ્યવસ્થા ન હોય રોજબરોજ અંધાધુંધી અને અરાજગતા સર્જાઈ રહી છે.

આ અંગેની ફરીયાદો કલેકટર સુધી પહોંચતા જ કલેકટર પ્રભવ જોશી દ્વારા આજે રાજકોટ ગ્રામ્યના પ્રાંત અધિકારી અને તેમની ટીમને બહુમાળી ભવન ખાતે દોડાવાયા હતા. કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને દાખલા કઢાવવામાં કોઈપણ જાતની મુશ્કેલી ન પડે તે માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવા સુચના આપી દેવામાં આવી છે. જરૂર પડયે આવા દાખલા કઢાવવા માટે વધારાની બારીઓ પણ ખોલવામાં આવશે.

# માધાપર, કણકોટ સહિતના વિસ્તારોમાં સરકારી જમીન પર ખડકાયેલા દબાણો હટાવવા કલેકટરનો આદેશ

### માધાપરમાં સર્વે નં.૧૧૧ની જમીનમાં ઓરડી અને કણકોટમાં ઈજનેરી કોલેજ પાસે રહેણાંક મકાનનું અનઅધિકૃત બાંધકામ: ૧૫-૧૫ દિ'એ ગેરકાયદે બાંધકામોનું ડીમોલેશન કરવા મામલતદારોને તાકીદ

રાજકોટ તા.૧૬

રાજકોટ શહેર તેમજ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી જમીન પર ખડકાયેલા દબાણો હટાવવા માટે જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા મામલતદારોને આદેશ કરવામાં આવેલ છે.

કલેકટર પ્રભવ જોશીએ આ અંગે જણાવ્યું હતું કે શહેરના માધાપર વિસ્તારમાં સર્વે નં.૧૧૧ પૈકીની સરકારી જમીન ઉપર ઓરડીનું બાંધકામ થવા પામેલ છે. આવી જ રીતે કણકોટ ખાતે આવેલ સરકારી ઈજનેરી કોલેજની પાસે રહેણાંકના મકાનનું અનઅધિકૃત રીતે બાંધકામ ખડકાઈ રહ્યું છે. સરકારી જમીનો ઉપર ખડકાયેલા આ ગેરકાયેદસર બાંધકામોને તોડી પાડવા માટે તેઓએ તાલુકા મામલતદારોને તાકીદ કરી છે. કલેકટર પ્રભવ જોશીએ વધુમાં જણાવ્યું હતું કે જીલ્લામાં સરકારી જમીનો ઉપર જયાં જયાં બાંધકામો ખડકાયા છે. તેનું ડીમોલેશન કરવા માટે તેઓએ મામલતદારોને તાકીદ કરી છે. જેમાં ૧૫-૧૫ દિવસે આવા અનઅધિકૃત બાંધકામોનું ડિમોલેશન કરવા માટે તેઓએ અધિકારીઓને સૂચના આપી છે.

## વિકાસ પ્રોજેકટોની કામગીરી અંગે સાંજે કલેકટર કચેરીમાં એજન્સીઓની બેઠક

### રાજકોટ-અમદાવાદ Six લેન, કાનાલુસ રેલ્વે પ્રોજેકટ, એઈમ્સ સહિતની કામગીરી અંગે થનારી સમિક્ષા

રાજકોટ તા.૧૬

રાજકોટ શહેર જીલ્લાના વિકાસ પ્રોજેકટોની કામગીરી અંગે જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આજે સાંજના કલેકટર કચેરી ખાતે એજન્સીઓની ખાસ બેઠક આયોજીત કરવામાં આવેલ છે.

જેમાં રાજકોટ અમદાવાદ સીકસ લેન હાઈવે પ્રોજેકટ, રાજકોટ કાનાલૂસ બ્રોડગેજ રેલ્વેલાઈન ડબલીંગ પ્રોજેકટ, એઈમ્સ સહિતની કામગીરી અંગે સમીક્ષા કરવામાં આવશે.

# કલેકટર કચેરીમાં દોઢ માસ બાદ કાલે બપોરે યોજાશે લેન્ડગ્રેબીંગની બેઠક: ૧૦૦ કેસ

### તા.૧૪મીએ રેવન્યુ અધિકારીઓની બેઠક

રાજકોટ તા.૧૬

રાજકોટ જીલ્લા કલેકટર કચેરીમાં દોઢ માસ બાદ આવતીકાલે તા.૧૭ના બપોરના ૩-૩૦ કલાકે લેન્ડગ્રેબીંગની મીટીંગ કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને આયોજીત કરવામાં આવેલ છે.

જેમાં ૧૦૦ કેસની સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. અહીં એ ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણીને કારણે છેલ્લા દોઢ માસથી લેન્ડગ્રેબીંગની બેઠક યોજાયેલ ન હોય લેન્ડગ્રેબીંગના કેસોનો ભરાવો થવા પામેલ છે. જેમાં ૧૫૦ કેસોની ફાઈલો તપાસ માટે મોકલવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

આવતીકાલે આયોજીત કરાયેલ લેન્ડગ્રેબીંગની આ બેઠકમાં ૧૦૦ કેસો મુકવામાં આવેલ હોય તેની સુનાવણી હાથ ધરાશે જયારે તા.૨૪મીના રેવન્યુ અધિકારીની બેઠક કલેકટર પ્રભવ જોશી દ્વારા બોલાવવામાં આવી છે. જેમાં રેવન્યુ કામગીરીની સમીક્ષા કરાશે.

# રાજકોટમાં સતત બીજા દિવસે તોફાની માવઠુ વરસ્યું: આજે બપોરે ફરી આકરી ગરમી

### બપોરે અઢી કલાકે રાજકોટનું તાપમાન ૪૧.૮ ડીગ્રી, નોંધાયું: ગરમા-ગરમ લૂ પણ ફંકાઈ: રાજકોટ સહિત સૌરાષ્ટ્રનાં મોટાભાગનાં જિલ્લામાં આજે વરસાદની શક્યતા નહિવત



રાજકોટમાં ગઈકાલે આકરા તાપ બાદ સાંજે સતત બીજા દિવસે તોફાની પવન અને ગાજવીજ સાથે હળવા-ભારે ઝાપટા વરસી જતાં રાજમાર્ગો પાણી...પાણી થઈ ગયા હતા ત્યારની તસ્વીર. (તસ્વીર: દેવેન અમરેલીયા)

રાજકોટ, તા.૧૬

રાજકોટ શહેરમાં ગઈકાલે પણ બળબળતી બપોર બાદ સાંજે ગાજવીજ અને ઝડપી પવન વચ્ચે હળવા-ભારે ઝાપટા વરસી ગયા હતા.

ગઈકાલે રાજકોટમાં ચાલુ સિઝનનું હાઈ એસ્ટ ૪૩.૨ ડીગ્રી તાપમાનમાં નગરજનો શેકાયા બાદ સાંજે પાંચ વાગ્યા પછી હવામાન પલ્ટો આવેલ હતો અને ૩૦ થી ૪૦ કી.મી.ની ઝડપે પવન સાથે ગાજવીજ બાદ શહેરમાં હળવા-ભારે ઝાપટા વરસતો રાજ માર્ગો ઉપર પાણી ફરી વળ્યા હતા અને થોડીવાર માટે ઠંડક પ્રસરી ગઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગની આગાહી અનુસાર સૌરાષ્ટ્ર-ગુજરાતની સાથોસાથ રાજકોટ શહેરમાં પણ બે દિવસથી કાળઝાળ તાપમાન બાદ સાંજે હવામાન પલ્ટો થઈ રહ્યો છે.

દરમ્યાન આજે પણ સવારથી જ રાજકોટમાં ફરી સૂર્ય પ્રકાશિત હવામાન વચ્ચે આકરી ગરમીનો અનુભવ થવા લાગ્યો હતો. આજરોજ સવારે ૮-૩૦ કલાકે જ રાજકોટનું તાપમાન ૩૧ ડિગ્રી થઈ ગયું હતું અને લઘુતમ તાપમાન ૨૫.૮ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે સવારે હવામાં ભેજ ૬૬ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૧૦ કિ.મી. રહેવા પામી હતી.

જ્યારે આજરોજ બપોરે ગઈકાલની સરખામણીએ તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો હતો. આજરોજ બપોરે ૨-૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૪૧.૮ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે હવામાં ભેજ ૨૩ ટકા રહ્યો હતો અને પવનની ઝડપ ૬ કિ.મી. પ્રતિ કલાક રહેતા આગ ઝરતી લૂં ફુંકાઈ હતી. દરમ્યાન હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ આજરોજ પોરબંદર, ભાવનગરને બાદ કરતાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રના મોટાભાગનાં જિલ્લાઓમાં વરસાદની શક્યતા નહિવત છે.

આ ઉપરાંત આજરોજ બપોર બાદ અમદાવાદ, મહેસાણા, દાહોદ, પાટણ, બનાસકાંઠામાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે.





# દૂધમાં ભેળસેળ અને કેમીકલ્સથી બનાવેલ મીઠાઈનો મોટો કારોબાર: લોકોના આરોગ્ય સાથે ચેડા: કલેકટર સમક્ષ ધા

### પગલા લેવાની માંગ સાથે અખિલ ભારતીય ગ્રાહક પંચાયત દ્વારા આવેદનપત્ર અપાયુ

રાજકોટ તા.૧૬

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં દૂધમાં ભેળસેળ અને મિલાવટી દૂધ તેમજ કેમીકલ્સમાંથી બનાવેલ મીઠાઈનું ધોમ વેચાણ થઈ રહ્યુ હોય આ અંગે પગલા લેવાની માંગણી સાથે અખિલ ભારતીય ગ્રાહક પંચાયત દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરી રજુઆત કરવામાં આવી હતી.

આ બાબતે અખિલ ભારતીય ગ્રાહક પંચાયતના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ૧૩ જિલ્લામાં દૂધમાં મોટાપાયે ભેળસેળ થઈ રહી છે તેમજ કેમીકલ્સથી બનાવેલ દૂધ અને તેમાંથી બનતી મીઠાઈનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે જેથી જન આરોગ્ય જોખમાય રહ્યું છે. દેશમાં નાગરિકો જીવનભર ગાય અને ભેંસના દૂધ અને દૂધના ઉત્પાદનનો ઉપયોગ કઈ શારીરિક પોષણ અને વૃદ્ધિ મેળવે છે. તેમ છતાં આજકાલ અનીતિથી સમાજ વિરોધી પ્રવૃતિમાં રત એવા કેટલાક દુધના વેપારી, સપ્લાયર્સ, દૂધની અછતના કારણે દૂધ મોંઘુ મળતુ હોઈ, વધુ પડતો લાભ મેળવવા સોડા, સ્ટાર્ચ, યુરીયા, શેમ્પુ, કેમીકલ્સ, વ્હાઈટનગર રંગ જેવા અખાદ્ય તેમજ સ્વાસ્થ્ય માટે હાનિકારક કેમીકલ તત્વોમાંથી નકલી દૂધ બનાવી વેચી રહેલ છે. દૂધમાં ભેળસેળ અને નકલી માવો, પનીર, બટર, ઘી વગેરે અખાદ્ય મિલાવટી ખોરાક બજારમાં વેચાય રહ્યો છે. સરકાર તરફથી નાગરિકોના હિતમાં નિ:શુલ્ક 'ફુડ ટેસ્ટીંગ મોબાઈલ લેબોરેટરી', 'ઓપન ટેસ્ટીંગ સેન્ટર' ઉપલબ્ધ કરાવવામાં આવે, તો પીડિત ગ્રાહક આવી લેબોરેટરીમાં જઈને ફુડ/દૂધની નિ:શુલ્ક ચકાસણી કરાવીને સંતોષ મેળવી શકે.

દૂધ અને દૂધમાંથી બનતા ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ થતી પકડાય ત્યારે સરકારના સક્ષમ અધિકારીઓ કાયદાનુસાર કાર્યવાહી કરતા જ હોય છે, પરંતુ જો આવા 'નિરીક્ષણ સ્કોડ'માં નાગરિકોમાંથી ગ્રાહક પ્રતિનિધિને જોડવામાં આવે તો પારદર્શિતા વધશે અને ગ્રાહકોનો સરકારની કામગીરી તરફનો વિશ્વાસ પણ વધશે.

જિલ્લામાં પુરતી સંખ્યામાં ફુડ ઈન્સ્પેકટર્સ હોય તો, નિયમિત પરીક્ષણ થાય અને ઝડપી કાર્યવાહી થાય, તેના પરિણામે ભેળસેળ કરનાર ગુન્હેગારો ઉપર નિયંત્રણ અને કાયદાની ધાક/ડર રહે તેથી ગ્રાહકનું હિત સચવાશે. આ બાબતે પગલા લેવા ગ્રાહક પંચાયત દ્વારા માંગણી ઉઠવા પામી છે.

# કચરા નિકાલના કૌભાંડમાં હંજર બાયોટેકને રૂ.૨૫ લાખના દંડનો આદેશ યોગ્ય ઠરાવતી સુપ્રીમ કોર્ટ

### રાજકોટ મનપાએ ટ્રીબ્યુનલમાં જવાબ આપેલો કે, કંપની પાસે ૧૧૫૧ કરોડ લેવાના નીકળે છે

રાજકોટ, તા.૧૬

રાજકોટમાં ખુલ્લા પડેલા કચરા નિકાલના કૌભાંડમાં હંજર બાયોટેક કંપનીને રૂ.૨૫ લાખના દંડનો આદેશ સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠરાવ્યો છે.

રાજકોટ મહાનગરપાલિકામાં ઘન કચરાનું સૌથી મોટું કૌભાંડ બહાર આવ્યું હતું. રાજકોટમાંથી ઘન કચરાનો નિયમાનુસાર નિકાલ કરવા મામલે સમગ્ર મામલો નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી)માં ૨૦૧૩માં ગયો હતો. જેમાં હંજર બાયોટેક કંપનીને ૨૫ લાખ રૂપિયા જમા કરાવી અસરગ્રસ્ત ખેડૂતોને વહેંચવા માટે આદેશ આપ્યો હતો. હંજર બાયોટેક દ્વારા તેની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરાતા કોર્ટે ૭ મે-૨૦૨૪એ અપીલ કાઢી નાખી એનજીટીના ચુકાદાને યથાવત રાખ્યો છે. તે સાથે અસરગ્રસ્ત દરેક ખેડૂતને ૨૦ હજાર રૂપિયા ચૂકવવા પણ જણાવાયું છે. બીજી તરફ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હંજર બાયોટેક કંપનીને બ્લેક લિસ્ટેડ કરીને તેની સામે આશરે ૧૧૫૧ કરોડ રૂપિયા લેવાના નીકળતા હોવાનું આર્બિટ્રેશન ટ્રિબ્યુનલમાં જવાબમાં જણાવ્યું છે.

પર્યાવરણ મુદ્દે મહાનગરપાલિકાનું તંત્ર, ગુજરાત અને કેન્દ્રનું પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સહિતના સત્તાવાળાઓ કેટલી હદે બેદરકાર હોય છે તેનો સમગ્ર મામલો દાયકાથી ચાલતા આ કેસ પરથી બહાર આવ્યો છે. એનજીટીમાં જીપીસીબી, રાજકોટ મનપા, હંજર બાયોટેક અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ વિરુદ્ધ રાજકોટના સ્થાનિક નાકરાવાડીના ગ્રામજનો અને પર્યાવરણ મિત્ર સંસ્થાએ એનજીટીમાં કેસ ૨૦૧૩માં કર્યો હતો. રાજકોટ શહેરનો કચરો નિકાલ કરવાનું કામ પેટા કોન્ટ્રાક્ટથી હંજર બાયોટેક પ્રા. લિ.ને સોંપવામાં આવ્યું હતું. એનજીટીએ ચુકાદામાં જે ટિપ્પણી કરી હતી તે મુજબ હંજર બાયોટેક દ્વારા યોગ્ય રીતે કામગીરી થઈ રહી હોવાનો દાવો નકારવામાં આવ્યો હતો. પ્રદૂષણ બોર્ડ દ્વારા અનેક નોટિસ અપાઈ હતી તેને ગંભીરતાથી લેવામાં આવી ન હતી. પર્યાવરણ તેમજ પાણી ઘન કચરાનો યોગ્ય રીતે નિકાલ થયો ન હતો.

## કચરામાંથી વીજળી ઉત્પન્ન કરવાની માત્ર વાતો થઈ

પર્યાવરણ મિત્ર સંસ્થાના અગ્રણી મહેશ પંડ્યા અને શૈલેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યા મુજબ, કંપનીની અપીલ રદ થયા બાદ હવે સવાલ એ ઉભા થયા છે કે પર્યાવરણનું નિકંદન નીકળી રહ્યું છે છતાં ૧૩ વર્ષ પછી પણ પરિસ્થિતિ સુધરી નથી. કંપનીએ સમયસર કામ ન કરતા રાજકોટ મહાનગરપાલિકાએ કરોડો રૂપિયાનું પ્રજાના પૈસાનું આંધણ કરી દીધું છે. કંપની પાસેથી આશરે ૧૧૫૧ કરોડ રૂપિયા લેવાની કાર્યવાહી વર્ષોથી ચાલી રહી છે અને કંપનીનો અત્તોપત્તો ન હોય તેવી સ્થિતિ છે. કચરામાંથી વીજળી ઉત્પન્ન કરવાની વાતો વર્ષ ૨૦૧૮માં થઈ હતી. આજે વર્ષ ૨૦૨૪માં પણ વીજળી ઉત્પન્ન કરી શકાઈ નથી.

### એમડીએચ તથા એવરેસ્ટ મસાલાના વિવાદ વચ્ચે

# બ્રિટનનું આકરૂ કદમ: ભારતીય મસાલાની 'ખાસ ચકાસણી' કરશે

લંડન, તા.૧૬

ભારતની એમડીએચ અને એવરેસ્ટ બ્રાંડના મસાલા વિવાદને પગલે બ્રિટન દ્વારા અત્યંત આકરૂ પગલું લેવામાં આવ્યું છે. ભારતની આયાત થતાં તમામ મસાલાની અત્યંત કડક રીતે ચકાસણી કરવાની સૂચના આપી છે.

હોંગકોંગ દ્વારા એમડીએચની બે તથા એવરેસ્ટની એક મસાલા પ્રોડક્ટ પર પ્રતિબંધ મુક્યો હતો. કેન્સર સર્જતા તત્વોનું ઉંચુ પ્રમાણ હોવાનો દાવો કર્યો હતો. તે પછી સિંગાપોરે પણ આ મસાલા માર્કેટમાંથી પાછા ખેંચવાનો આદેશ કર્યો હતો. અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ જેવા દેશોએ પણ બન્ને બ્રાન્ડ પર વોચ રાખવાનું જાહેર કર્યું હતું.

ભારતીય મસાલા કંપની એમડીએચ તથા એવરેસ્ટે જો કે એવો બચાવ કર્યો હતો કે મસાલા પ્રોડક્ટ વપરાશમાં સુરક્ષિત છે. બ્રિટને અત્યાર સુધીના સૌથી કડક કદમમાં એમ જાહેર કર્યું છે કે ભારતથી આયાત થતાં મસાલામાં હાનિકારક રસાયણોના પ્રમાણ વિશે વિશેષ ચકાસણી કરશે. આ પ્રકારનું કદમ ઉઠાવનાર બ્રિટન પ્રથમ દેશ છે. જો કે કેવા પ્રકારની ચકાસણી કરાશે તે વિશે વિગતો જાહેર કરવામાં આવી છે.

# યાજ્ઞિક રોડ પર એસ.ટી. બસના ચાલકે એકસેસને ઠોકર મારતા જાહેરમાં મારામારી : ટ્રાફિક જામ

યાજ્ઞિક રોડ પર સવારના સમયે ખંભાળીયા-વડોદરા રૂટની એસ.ટી. બસે એકસેસને હડફેટે લેતા એકસેસમાં સવાર માતા-પુત્ર નીચે પટકાયા હતા જે બાદ એકસેસ ચાલકે એસ.ટી. બસના ડ્રાઈવરને ટપારતા બંને વચ્ચે જાહેરમાં મારામારી થઈ હતી. બનાવથી યાજ્ઞિક રોડ પર દુર દુર સુધી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. બનાવની જાણ થતા એ ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને એકસેસ ચાલક અને એસ.ટી. બસના ડ્રાઈવરને પોલીસ મથકે લઈ જઈ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.





## સેન્સેકસમાં ૬૦૦ પોઈન્ટનો ઉછાળો

### અઠવાડિક એકસપાયરીએ વેચાણ કપાયા: હેવીવેઈટ-રોકડાના શેરો ઉછળ્યા

રાજકોટ તા.૧૬

લોકસભા ચૂંટણીના પરિણામોની સાવચેતી વચ્ચે ભારતીય શેરબજાર ફરી તેજીના પાટે ચડી ગયુ હોય તેમ ધૂમ લેવાલીથી સેન્સેકસમાં ૬૦૦ પોઈન્ટથી વધુનો ઉછાળો નોંધાયો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૬૬૪ પોઈન્ટના ઉછાળાથી ૭૩૬૫૧ હતો તે ઉંચામાં ૬૩૬૬૮ તથા નીચામાં ૭૨૫૨૯ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૨૦૨ પોઈન્ટના ઉછાળાથી ૨૨૪૦૩ હતો તે ઉંચામાં ૨૨૪૦૮ તથા નીચામાં ૨૨૦૫૪ હતો.

# રેલનગરમાં પતિના મિત્રો બ્લેકમેઈલ કરતા મહિલાનો ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ

### મૈત્રી કરાર કરી રહેતા રાજલબેનને તેના પતિ સાથે છુટાછેડા લેવા માટે વાતચિત ચાલુ હતી દરમ્યાન મિત્રો વીડિયો મામલે હેરાન કરતા'તા: સારવારમાં ખસેડાયા

રાજકોટ તા.૧૬

રેલનગરમાં મૈત્રી કરાર કરી રહેતી મહિલાને તેના પતિના મીત્રોએ વીડિયો મંગાવી બ્લેકમેઈલ કરતા મહિલાએ ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં ખસેડાયા હતા. પ્રાપ્ત વિગત મુજબ રેનગરમાં અવધ રેસીંડિન્સીમાં રહેતા રાજલબેન કિશોરભાઈ પરમાર (ઉ.૪૦) આજે સવારના સમયે ફીનાઈલથી આપઘાતનો પ્રયાસ કરતા સારવારમાં સીવીલ હોસ્પીટલમાં ખસેડાયા હતા.



બનાવ અંગે જાણ થતા યુનિ. પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને મહિલાનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી હતી. વધુમાં મળેલ વિગતો મુજબ મહિલાને અગાઉ પ્રફુલ મેર સાથે લગ્ન થયા હતા. જે બાદ બન્ને અલગ પડી ગયા હતા અને છુટાછેડાની વાત ચાલુ હતી દરમ્યાન મહિલાને જગદીશ નામના રીક્ષાચાલક સાથે આંખ મળી જતા બન્ને મૈત્રીકરાર કરી સાથે રહેતા હતા. ત્યારે પ્રફુલ મેરના મીત્રો વનરાજ સોલંકી અને ચેતન કાપડીયા મહિલાને વીડિયો મામલે બ્લેકમેઈલ કરી હેરાન કરતા હોવાથી પગલું ભર્યાનું જણાવ્યું હતું.

# ‘આવી હાલત થઇ જશે’ : સાંઢીયા પુલ માત્ર બે કલાક બંધ કરાતા અંધાધૂંધી

**જુનો પુલ તોડી નવા બ્રીજના નિર્માણ માટે વાહન વ્યવહાર ડાયવર્ટ કરાતા ભોમેશ્વરના રસ્તે સવારમાં એમ્બ્યુલન્સ સહિતના વાહનો ફસાયા : સ્કુટરથી માંડી મોટર કારની લાઇન**

**એકાદ બે દિવસમાં પો.કમિશનરનું જાહેરનામુ આવે એટલે જુનો પુલ બંધ : બેરીકેટ મુકાતા ટ્રાયલમાં જ વાહન ચાલકો હેરાન : સેન્ટર પોર્સન સિવાયનું કામ શરૂ થઇ જશે-આનંદ પટેલ**


સાંઢીયા પુલ તરફથી બંધ રસ્તો

(તસ્વીર : પંકજ શીશાંગીયા)


હોસ્પિટલ રોડ તરફથી પુલ બંધ


ભોમેશ્વર તરફ ટ્રાફિક જામ


મોટરકારની પણ લાઇનો


સવારમાં એમ્બ્યુલન્સ ફસાઇ


ટ્રાફિકની અંધાધૂંધી


રેલનગર તરફના ચોકમાં વાહન ફસાયા

રાજકોટ, તા. ૧૬

જામનગર રોડ તરફથી શહેરના પ્રવેશદ્વાર જેવા સાંઢીયા પુલની જગ્યાએ નવો ફોરલેન બ્રીજ બનાવવા માટે છ દાયકા જુનો પુલ તોડવાનું કામ શરૂ કરવા એકાદ બે દિવસમાં જ આ પુલનો સંપૂર્ણ રોડ બંધ કરવામાં આવશે તેમ મનપા અને પોલીસ તંત્રએ જાહેર કર્યુ છે. આજે સવારે પુલ ડિસમેન્ટલ કરવાની પ્રાયોગિક કામગીરીની ટ્રાયલ રૂપે બે કલાક માટે એકાએક પુલ પોલીસે બંધ કરતા રોજ આ રસ્તેથી નીકળતા નાના મોટા હજારો વાહન ચાલકો હેરાન થયા હતા.

પોલીસ કમિશનરના જાહેરનામા પૂર્વે આ પુલનો રોડ બંધ કરાતા દેકારો બોલ્યો હતો. સાથે જ ભોમેશ્વર અને ત્યાંથી એરપોર્ટ તરફ જતા રસ્તે ટ્રાફિકની અંધાધૂંધી સર્જાઇ ગઇ હતી. એમ્બ્યુલન્સ સહિતના વાહનો ફસાયા હતા. જોકે હવે એકાદ બે દિવસમાં પોલીસનું જાહેરનામુ બહાર પડે એટલે વાહન વ્યવહાર માટે આ પુલ સંપૂર્ણ બંધ કરાશે તેમ મ્યુનિ. કમિશનર આનંદ પટેલે કહ્યું હતું.

આજે સવારે સાંઢીયા પુલનો રોડ બંને તરફથી બેરીકેટ મુકીને બંધ કરવામાં આવ્યો હતો. સવારના સમયે આ રોડ પરથી રાબેતા મુજબ ટ્રાફિક પસાર થતો હતો. પુલ તોડતા પૂર્વે ભોમેશ્વર તરફ ડાયવર્ઝન સાથેનો સર્વિસ રોડ બનાવવામાં આવ્યો છે. આ રોડ બે દિવસ પહેલા ખુલ્લો મુકી દેવાતા વાહનોની અવરજવર શરૂ થઇ છે. આજે એકાએક પુલ બંધ કરાતા મુખ્ય રોડનો ટ્રાફિક પણ ડાયવર્ઝન તરફ વળ્યો હતો. આ કારણે ૧૦.૩૦ વાગ્યા સુધી રહેણાંક વિસ્તારમાં પણ વાહનોની દોડાદોડી થઇ ગઇ હતી. મોટર કાર, રીક્ષા, છકડા, એમ્બ્યુલન્સ સહિતના વાહનો ફસાતા દેખાયા હતા.

આ હાલતની જાણ થતા તુરંત પોલીસ તંત્ર એકશનમાં આવ્યું હતું. ૧૦.૩૦ કલાકે ફરી બંને તરફના બેરીકેટ હટાવીને વાહન વ્યવહાર શરૂ કરાયો હતો. મનપા અધિકારીઓએ શરૂ કરવાના થતા કામની ટ્રાયલ માટે પણ ચકાસણી કર્યાનું કહ્યું હતું. તો બે કલાકમાં ટ્રાફિકની કેવી હાલત થશે તેનો અંદાજો પોલીસને પણ આવી ગયો હતો.

અનેક વાહનો ભોમેશ્વર સિવાય શીતલપાર્ક અને રેલનગર તરફ પણ જાય છે. અનેક લોકોએ સવારમાં આ જગ્યાનો ફેરો કરવો પડયો હતો. ભોમેશ્વર મંદિર તરફના રસ્તે ફાટકમાં પણ વાહનો ફસાયા હતા.

દરમ્યાન કમિશનર આનંદ પટેલનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે પોલીસ અને મનપા બંને તંત્રના અધિકારીઓએ સ્થળ તપાસ કરી લીધી છે. એકાદ બે દિવસમાં જાહેરનામું પ્રસિધ્ધ થાય એટલે પુલ બંધ કરવામાં આવશે. તે બાદ થોડા દિવસમાં જ જુનો પુલ તોડવાની કામગીરી શરૂ થશે. પુલ સંપૂર્ણ દુર થાય તે બાદ નવા પુલનું બાંધકામ શરૂ કરાશે. આ સંપૂર્ણ પ્રોજેકટ પુરો થાય ત્યાં સુધી પુલ બંધ રહેશે.

**મંજૂરી**

પુલની હેઠળ રેલલાઇનવાળો ભાગ રેલવે તંત્રની જગ્યામાં આવે છે. આ ભાગ તોડવા માટેની મંજૂરી પ્રક્રિયા ચાલુ છે. તે દરમ્યાન આ સિવાયના બંને તરફના ભાગને તોડવાનું કામ શરૂ કરાશે અને તે અરસામાં સેન્ટર પોર્સનની મંજૂરી આવી જશે તેમ પણ કમિશનરે કહ્યું હતું.

## સાંઢીયા પુલ પર એક તરફ માત્ર બાઈક જ જઈ શકે તેમ કરવા વિચારણાઃ જાહેરનામુ પ્રસિદ્ધ થશે



ટ્રાફિક પોલીસના સૂત્રોએ જણાવ્યું કે, આજે બે કલાક પ્રાયોગિક ધોરણે સાંઢીયા પુલ બંધ રખાયા બાદ, પોલીસ એવા નિષ્કર્ષ પર આવી છે કે, ટ્રાફિક જામ ટાળવા માધાપર ચોકડીથી હોસ્પિટલ ચોક તરફ જવા માંગતા વાહન ચાલકોમાં માત્ર બાઈક ચાલક જ સાંઢીયા પુલ પરથી જઈ શકશે. બાકીના થ્રિ વ્હીલર અને ફોર વ્હીલર વાહનોને ડાયવર્ઝનમાંથી જવું પડશે. ઉપરાંત હોસ્પિટલ ચોકથી માધાપર ચોકડી તરફ જવા માંગતા તમામ ટુ વ્હીલર, થ્રિ વ્હીલર અને ફોર વ્હીલર વાહન સાંઢીયા પુલ પરથી જઈ શકશે.

# કેજરીવાલનો ફરી દાવોઃ અમીત શાહને વડાપ્રધાન બનાવવામાં યોગી ‘વિઘ્નરૂપ’, તેમને હટાવી દેવાશે

**એનડીએને ૨૨૦થી પણ ઓછી બેઠકો મળવાનો દાવો**

નવી દિલ્હી તા.૧૬

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અંગે મોટો દાવો કર્યો છે. કેજરીવાલે કહ્યું કે ભાજપ જો ચૂંટણી જીતશે તો અમિત શાહને વડાપ્રધાન બનાવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમિત શાહ માટે વોટ માગી રહ્યા છે. ભાજપ બે મહિનાની અંદર યુપીના સીએમ યોગી આદિત્યનાથને તેમના પદ પરથી પણ હટાવવાનું છે.



યુપીની રાજધાની લખનૌમાં સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવની સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરીને અરવિંદ કેજરીવાલે ભાજપ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે ભાજપનો ઈરાદો બંધારણને બદલવાનો છે, ત્યારે ૪૦૦ બેઠકોનો નારો આપવામાં આવી રહ્યો છે. જોકે, ભાજપ પહેલા જ સ્પષ્ટ કરી ચૂકી છે કે તે બંધારણની રક્ષા કરનારી પાર્ટી છે. તેણે એ પણ કહી દીધુ છે કે ચૂંટણી જીત્યા બાદ પીએમ મોદી જ પાંચ વર્ષ સુધી વડાપ્રધાન રહેવાના છે.

કેજરીવાલે કહ્યું, ‘આજે હુ લખનૌમાં યુપીના વોટર્સથી વિનંતી કરવા આવ્યો છુ કે તેઓ ઈન્ડિયા ગઠબંધનને વોટ કરે. હુ અહીં ચાર મુદ્દા પર વાત કરવા માગુ છુ. પહેલી એ કે આ ચૂંટણીમાં પીએમ મોદી અમિત શાહને પીએમ બનાવવા માટે વોટ માગી રહ્યા છે. બીજી એ કે જો ભાજપ સત્તામાં આવી તો સીએમ યોગી આદિત્યનાથને ૨-૩ મહિનાની અંદર તેમના પદ પરથી હટાવી દેવામાં આવશે. ત્રીજી એ કે તેઓ બંધારણ બદલવા જઈ રહ્યા છે એસસી, એસટીની અનામત હટાવવાના છે. ચોથી એ કે ૪ જૂને ઈન્ડિયા ગઠબંધન સત્તામાં આવી રહ્યુ છે.’

દિલ્હીના મુખ્યમંત્રીએ ભાજપને મળનારી બેઠકોની સંખ્યા પણ જણાવી. કેજરીવાલે કહ્યુ, ‘રુઝાનથી જાણ થાય છે કે ભાજપને ૨૨૦થી પણ ઓછી બેઠકો મળી રહી છે. હરિયાણા, દિલ્હી, પંજાબ, કર્ણાટક, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, યુપી, બિહાર, ઝારખંડ અને રાજસ્થાનમાં તેમની બેઠકો ઓછી થવાની છે. ભાજપ સરકાર બનાવવા જઈ રહી નથી. ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનવાની છે.’

**મેં લોકો વચ્ચે જઈને આ વાત જાણી છેઃ યાદવ**

# આ વખતે મોદીની સરકાર નહીં બને, એનડીએને મળશે ૨૭૨ થી ઓછી બેઠકોઃ યોગેન્દ્ર યાદવ

**એક સમયના અન્ના આંદોલનના અને આમ આદમી પાર્ટીના નેતાના દાવાથી મોદી-શાહનું ટેન્શન વધ્યું**

નવી દિલ્હી તા.૧૬

રાજનીતિક વિશ્લેષક અને એક સમયે અન્ના આંદોલન અને આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા યોગેન્દ્ર યાદવે મોટો દાવો કર્યો હતો કે આ વખતે મોદીની સરકાર નહીં બને યોગેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે એનડીએ અને ભાજપની સીટો ૨૦૧૯ના મુકાબલે આ વખતની લોકસભા ચૂંટણીમાં ઘરી ઓછી રહેશે. તેમણે દાવો કર્યો હતો કે હું એક પાલિટિકલ કાર્યકર છું ખોટું નથી બોલતો.





હું કોઈ એકઝીટ પોલ કે હવામાં દાવો નથી કરતા. હું આ બધું ગ્રાઉન્ડ પર જઈને, અનેક જગ્યાએ ફરીને, લખીને, સાંભળીને અને લોકો સાથે વાત કરીને કહી રહ્યો છું.

યાદવે વધુમાં જણાવ્યું હતું કે આ વખતે ભાજપની સીટો ૨૫૦થી નીચે રહી શકે છે. જો કે તેને લઈને હું બહુ આશ્વસ્ત નથી.

ભાજપ-એનડીએ જયારે અબ કી બાર ૪૦૦ પારનો નારો લગાવે છે ત્યારે યોગેન્દ્ર યાદવે ઉપરોકત દાવો કરતા ભાજપ અને મોદી અને અમીત શાહનું ટેન્શન વધ્યું હોવાનું જાણવા મળ્યું છે.

# કોરોનાની ‘કોવેકસીન’ રસી લેનારા કેટલાક લોકોને પણ ‘સાઈડ ઈફેકટ’નો ખુલાસો

**એસ્ટ્રાજેનેકા બાદ ભારત બાયોટેકની રસીના સંશોધનમાં પણ આડઅસરનો નિર્દેશ**




નવી દિલ્હી તા.૧૬

બ્રિટીશ કંપની એસ્ટ્રાજેનેકાની કોરોના વેકસીનથી ગંભીર આડઅસરો થતી હોવાના જોખમના ખુલાસા બાદ હવે ભારત બાયોટેકની કોવેકસીનની સાઈડ ઈફેકટનો ખુલાસો થયો છે. સ્પ્રીંગરલીંકના અભ્યાસ રિપોર્ટમાં એમ જણાવાયુ છે કે ત્રીજા ભાગના લોકોએ સાઈડ ઈફેકટ થયાનો દાવો કર્યો હતો. એલર્જીની હિસ્ટ્રી ધરાવતા તથા કિશોરાવસ્થાની છોકરીઓમાં કોવેકસીન લીધા બાદ ‘એડવર્સ ઈવેન્ટ ઓફ સ્પેશ્યલ ઈન્વેસ્ટ’નું (વિશેષ રસની પ્રતિકુળ ઘટના)નું જોખમ વધારે રહ્યાનું સંશોધનમાં માલુમ પડયુ હતું.

બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં સંખા શુભ્રા ચક્રવર્તી તથા તેની ટીમ દ્વારા હાથ ધરાયેલા સંશોધનમાં એવુ માલુમ પડયુ હતું કે વિશેષ રસમાં પ્રતિકુળ અસરનો પ્રભાવ રસી લીધાના એકાદ વર્ષ સુધી ચાલુ રહ્યાનું જણાયુ હતું.

આ સંશોધનમાં ૧૦૨૪ વ્યક્તિઓને નોંધણી કરીને સામેલ કરાયા હતા. કિશોરાવસ્થામાંથી વ્યસ્ત બની રહેલા ૬૩૫ ટીનએજર્સ તથા ૨૯૧ વયસ્કોનો એક વર્ષ સુધી સંપર્ક કરીને સંશોધન કરાયુ હતું. ૩૦૪ ટીનએજર્સ તથા ૧૨૪ વયસ્કોમાં ઉપરી શ્વસનતંત્રમાં સંક્રમણ જણાયુ હતું. કિશોરાવસ્થામાંથી વાપસી બની રહેલા તરૂણવર્ગમાં ચામડી જેવા ડીસઓર્ડરના ૧૦.૪ ટકા, જનરલ ડીસઓર્ડરના ૧૦.૨ તથા ચેતાતંત્ર ડીસઓર્ડરના ૪.૭ ટકા કિસ્સા માલુમ પડયા હતા. ૪.૬ છોકરીઓમાં માસિક સ્ત્રાવની અનિયમિતતા જોવા મળી હતી.

કોવેકસીન લેનારા વચ્ચે અન્ય બિમારીઓ પણ ધરાવતા વયસ્કોમાં આ જોખમ ડબલથી વધુ હોવાનું અને લાંબા સમય સુધી અસર રહેતી હોવાનું જણાવ્યુ હતું. કોરોનાની અન્ય રસી લેનારા તથા કોવેકસીન લેનારા લોકોમાં પ્રતિકુળ અસરો પણ ભિન્ન માલુમ પડી હતી. ઉપરાંત વયસ્કો તથા ટીનએજરોમાં પણ અલગ હતી.

# હવે ભારતીય મૂળના અમેરિકી બિઝનેસમેન મોદી પર ઓળઘોળ!

**મોદી એકલા એકમાત્ર વ્યક્તિ છે જે દેશનું ભવિષ્યનું વિચારે છે**

વોશિંગ્ટન તા.૧૪

તાજેતરમાં પાકિસ્તાની મૂળના એક અમેરિકી બીઝનેસમેન ભારતના વડાપ્રધાન મોદી પર ઓળઘોળ થયા બાદ હવે અમેરિકા સ્થિત ભારતીય મૂળના વ્યવસાયી સુરેશ શેનોય પણ પીએમ મોદીના મુરીદ (ચાહક) બન્યા છે. તેમણે કહ્યું હતું કે ભારતીય ચુંટણીમાં મોદી જ એકમાત્ર નેતા છે જે ભવિષ્યની વાત કરે છે. વિપક્ષમાં એવો કોઈ નેતા નથી જે તેમની બરોબરી કરી શકે.



બિઝનેસમેન સુરેશ શેનોયે જણાવ્યું હતું કે ભારતની અર્થવ્યવસ્થામાં ઝડપ આવી રહી છે અને દેશમાં તકોની કોઈ કમી નથી.

બિઝનેસમેન શિનોયે કહ્યું હતું કે હું હિન્દુત્વના લિહાજથી આ વાત નથી કહેતો પણ છેલ્લા ૧૦ વર્ષમાં આર્થિક મોરચે ભારતે ઘણી પ્રગતિ કરી છે.

# ખાનગીકરણની હિલચાલ સામે વિજકર્મીઓ ફરી મેદાનેઃ પ્રક્રિયા રદ ન થાય તો આંદોલનની ચિમકી

રાજકોટ,તા.૧૬

છેલ્લા કેટલાક સમયથી વીજ વિતરણ કંપનીઓના ખાનગી કરણ સામે વીજ કર્મચારીઓ વિરોધ નોંધાવી રહ્યા છે.જેને પગલા વિવિધ વિરોધ પ્રદર્શનના કાર્યક્રમો યોજાયા હતા ત્યારે હવે આઉટ સોર્સિંગ એજન્સી દ્વારા નવીન સેલ કાર્યરચ કરવા ટેન્ડર પ્રકિયા હાથ ધરી છે આથી સંકલન સમિતિ દ્વારા સ્પષ્ટ વિરોધ પ્રદર્શિત કરે છે.

અગાઉ ચારેય ડિસ્કોમ કંપનીઓની તમામ ફિલ્ડની કચેરીઓ ખાતે આ જ પ્રકારે આઉટસોર્સિંગ એજન્સી દ્વારા કોલ સેન્ટર અને ફોલ્ટ સેન્ટર ગ્રાહકોની સુવિધાઓ માટે ઊભું કરેલ પરંતુ સદર એજન્સી દ્વારા કોઈ પણ પ્રકારની કામગીરી ન કરતાં સમગ્ર કામગીરી કંપનીના જ સ્ટાફ પાસે કરાવવામાં આવતી તેમજ સદર એજન્સીને કંપનીઓ દ્વારા તમામ પ્રકારની સાધન-સામગ્રી સાથે સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ પરંતુ તે સમયે સદર એજન્સીના સ્ટાફ દ્વારા કંપની સાધન-સામગ્રીનો દુરુપયોગ કરવામાં આવેલ જેનાથી કંપનીઓને કરોડો રૂપિયાની આર્થિક નુકશાની ભોગવવાનો સમય આવેલ છતાં મેનેજમેંટ દ્વારા અગાઉ બનેલ બાબતોનો કોઈ પણ પ્રકારનો અભ્યાસ કર્યા સિવાય ફરીથી આઉટસોર્સિંગ એજન્સી દ્વારા કોલ સેન્ટર અને ફોલ્ટ સેન્ટર ઊભું કરવા ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી રહેલ છે. ઉપરાંત, આઉટ સોર્સિંગ એજન્સીના સ્ટાફ ગ્રાહકો સાથે સીધા સંપર્કમાં આવતા ભ્રષ્ટાચાર આચરતા સહેજ પણ અચકાશે નહી અને ગ્રાહકોની ફરિયાદોનો વધારો થતાં ફરિયાદોનું નિરાકરણ ન આવતા જવાબદારી ટેકનિકલ કંપનીના સ્ટાફ ઉપર નાખવામાં આવશે.

ગુજરાત વિદ્યુત બોર્ડના વિઘટનથી અરિતત્ત્વમાં આવેલ કંપનીઓ સમયે સરકાર, કંપની અને સંઘર્ષ સમિતિ વચ્ચે કરવામાં આવેલ ત્રી-પક્ષીય કરારમાં જણાવ્યા મુજબ કોઈ પણ આઉટસોર્સિંગ એજન્સીને ફેંચાઇઝી કામગીરી માટે આપવામાં આવશે નહી તેમજ અગાઉ વડોદરા શહેરમાં આ પ્રકારની આઉટસોર્સિંગ એજન્સીને ફેંચાઇઝી આપવાનું નક્કી કરતા આંદોલન કરી વિરોધ કરવામાં આવ્યો હતો. તે સમયે મેનેજમેંટ સાથે કરાર કરવામાં આવેલ છે.અને ભવિષ્યમાં આ પ્રકારની આઉટસોર્સિંગ એજન્સીને ફેંચાઇઝી આપવામાં આવશે નહી તેમ જણાવેલ છે. ઉપરોક્ત ઘટના બાદ સદર ટેન્ડર પ્રક્રિયા તાત્કાલિક અસરથી અટકાવવા/રદ કરવામાં નહીં આવે તો આંદોલન ની ચિમકી ઉચ્ચારી છે. તેઓ કામગીરીનો બહિષ્કાર કરી વિરોધ પ્રદર્શન કરશે.

# પોલીસે રીલમાંથી રૂા. ૫૫ લાખની અસલી ચોરી પકડી




મુંબઇ : મુંબઇની કાલાચોકી પોલીસે રૂા.૫૫ લાખના દાગીના, ડોલર અને અન્ય સામાનની ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. રસપ્રદ વાત એ છે કે આરોપી દ્વારા ઇન્સ્ટાગ્રામ પર બનાવેલી રીલ દ્વારા આ રહસ્ય ઉકેલવામાં આવ્યું હતું. પોલીસે આરોપી બહેનો છાયા વેટકોલી અને ભારતી વેટકોલીની ધરપકડ કરી છે.

ચોરીની ઘટના વૃધ્ધ દંપતીના ઘરે બની હતી. ઘરમાં કામ કરતી છોકરી ગુમ હતી. એફઆઇઆર નોંધવામાં આવી હતી. પરંતુ આરોપી વિશે કોઇ સુરાગ મળ્યો ન હતો. વૃધ્ધ દંપતિએ પોલીસને જણાવ્યું કે યુવતીને રીલ બનાવવાનો અને તેને ઇન્સ્ટાગ્રામ પર અપલોડ કરવાનો ખુબ જ શોખ હતો. પોલીસે તેની શોધખોળ શરૂ કરી હતી. તે છોકરી અન્ય વ્યકિત સાથે જોવા મળી હતી. તેના શરીર પરના દાગીના એ જ હતા જે વૃધ્ધ દંપતિ પાસેથી ચોરાઇ ગયા હતા.

પોલીસે ટેકનીકલ તપાસ દ્વારા તે એકાઉન્ટ ધરાવતી વ્યકિતનું લોકેશન ટ્રેસ કર્યુ હતું. તે મહારાષ્ટ્રના રાયગઢમાં મળી આવી તરત જ એક ટીમ ત્યાં પહોંચી અને બંને યુવતીઓને પકડી લીધી. તેને મુંબઇ લાવવામાં આવી. પુછપરછ દરમિયાન બંને સગી બહેનો હોવાનું બહાર આવ્યું હતું. તેની સામે આઇપીસીની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૬૫-૨૬૧૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૫૧૫-૨૫૬૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૦૦-૧૭૩૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૫૦-૧૬૮૦ |
| પામોલીયન તેલ | ૧૪૮૦-૧૪૮૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૮૦-૧૭૨૦ |
| કોપરેલ | ૪૨૦-૨૪૭૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |



**સોનુ-ચાંદી**

સોનુ (૧૦ ગ્રામ): ૭૫૮૦૦(+૫૦)

ચાંદી: ૮૮૬૦૦(+૧૫૦૦)

# રાજકોટમાં કેવા વિકાસ-પ્રોજેકટસની જરૂર? સેન્ટર ફોર એકસેલન્સથી બનશે મહાનગરનો રોડ મેપ

## કોર્પો. અને સેપ્ટ યુનિ.એ હાથ મિલાવ્યા : પ્રેસિડેન્ટ અને ડીનની કમિશ્નર સાથે મુલાકાત-એમઓયુ કરાશે



## ગુજરાતમાં સૌપ્રથમ રાજકોટ કોર્પો.ની પહેલ : માત્ર સરકારી તંત્ર નહીં, નિષ્ણાંતોના અભિપ્રાય પરથી પણ બજેટમાં આયોજનો દાખલ કરવા વિચાર

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકા અને સેપ્ટ યુનિવર્સિટી એકબીજાના સાથ સહકાર સાથે રાજકોટમાં સેન્ટર ફોર એકસેલન્સ સ્થાપવાની દિશામાં સક્રિયપણે આગળ ધપી રહ્યા છે. સેપ્ટ યુનિ.ના પ્રેસિડેન્ટ ડો.બરજોર મહેતા, ડીન ડો. મોના ઐય્યર અને પ્રો.શાશ્વત બંદોપાધ્યાએ તાજેતરમાં જ મ્યુનિ. કમિશનર આનંદ પટેલની મુલાકાત કરી હતી. આ મીટિંગમાં ફોર એકસેલન્સ કાર્યરત કરવા બાબતે ગહન વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

રાજકોટ મહાનગરના વિકાસ માટે માત્ર વહીવટી તંત્ર, ચૂંટાયેલા પ્રતિનિધિ કે સરકાર જ નહીં, સેન્ટ્રલ ફોર એકસલન્સના નિષ્ણાંતો પણ ભાગ લઇ શકશે અને તે મુજબ બજેટમાં યોજનાઓ પણ ઉમેરવામાં આવે તેવી વ્યવસ્થા દાખલ થઇ રહી છે.

આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યા મુજબ આગામી મહિનામાં આ પ્રોજેક્ટ અનુસંધાને એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવશે. શહેરી વિકાસની પ્રક્રિયામાં સેન્ટર ફોર એકસેલન્સ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે અને સંભવતઃ સમગ્ર ગુજરાતમાં આવી નવી પહેલ કરનાર રાજકોટ મહાનગરપાલિકા પ્રથમ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા બની રહેશે.

વર્ષ ૨૦૨૪-૨૦૨૫નાં બજેટમાં શહેરી વિકાસ સંબંધિત પ્રોજેક્ટ્સ સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે અર્બન પ્લાનિંગ સેલની રચના કરવાનું નક્કી કરાતા તા. ૧૫મી માર્ચ નાં રોજ એક કાર્યપાલક ઈજનેર, એક આસી. એન્જી., એક એડિ. આસી. એન્જી. તથા ત્રણ અર્બન પ્લાનર અને એક અર્બન ડીઝાઈનરને જવાબદારી સુપરત કરવામાં આવી હતી. આગામી અર્બન પ્લાનિંગ સેલ દ્વારા સેન્ટર ફોર એકસલન્સની સ્થાપના માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય દ્વારા દર્શાવેલ માર્ગદર્શિકાઓનુ પાલન કરતી પરિવર્તનકારી પહેલ છે. જે રાષ્ટ્રીય ઉદ્દેશ્યો સાથે સંરેખિત શહેરી આયોજન, કૌશલ્ય વિકાસ અને ડેટા મેનેજમેન્ટમાં મુખ્ય ભૂમિકા ભજવશે. ગ્રાહક-કેન્દ્રિત હબ તરીકે કાર્યરત, સીએફઇ અનન્ય ઉકેલો પ્રદાન કરવા, વ્યવસાયિક લાભો વધારવા અને સ્થાનિક સમુદાયમાં નોંધપાત્ર યોગદાન આપવા માટે ઉપયોગી છે. માળખાકીય સુવિધાઓ, અર્બન મોબિલિટી, પબ્લિક હાઉસિંગ, એન્જીનિયરીંગ પ્લાનિંગ એન્ડ કો-ઓર્ડીનેશન, હેરિટેજ કલ્ચર એન્ડ રિક્રિએશન તથા અર્બન ડિઝાઈન એન્ડ રિફોર્મ વગેરે જેવી મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવનાર અર્બન પ્લાનિંગ સેલને ટેકનીકલી અને નોલેજની દ્રષ્ટિએ સ્ટ્રેન્ધન કરવામાં સેન્ટર ફોર એકસેલન્સની ભૂમિકા ખુબ જ મહત્વપૂર્ણ બની રહેશે.

સેન્ટર ફોર એકસેલન્સ એ એક મજબૂત ડેટાબેઝનું નિર્માણ, વિગતવાર પ્રોજેક્ટ રિપોટ્ર્સ અને ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના સહિત બહુપક્ષીય જવાબદારીઓ હાથ ધરશે. ડેટાબેઝ એક વ્યાપક ભંડાર તરીકે સેવા આપશે, જે શહેરી આયોજન અને સંબંધિત ડોમેન્સમાં જાણકારીસભર નિર્ણય લેવાની સુવિધા આપશે. ઈન્ક્યુબેશન સેન્ટર, એક મુખ્ય ઘટક, નવીનતા અને ઉદ્યોગસાહસિક સાહસોને પ્રોત્સાહન આપશે.

આ દ્વારા સીએફઇનો ઉદ્દેશ્ય સ્ટાર્ટ અપ્સ માટે સહાયક ઇકો સિસ્ટમ બનાવવા તરફના પ્રયત્નોને ચેનલ કરવાનો છે, જેનાથી આર્થિક વૃદ્ધિ અને સ્થાનિક વિકાસમાં યોગદાન મળે. આ ઉપરાંત પ્રશિક્ષણ કાર્યક્રમો મોખરે રહેશે, જેમાં શહેરી આયોજનમાં વ્યક્તિઓને વિશેષ તાલીમ આપવામાં આવશે. નવી તકનિકો અને ઉદ્યોગની શ્રેષ્ઠ પદ્ધતિઓનો સમાવેશ કરવામાં આવશે.

સેન્ટર ફોર એકસેલન્સના મુખ્ય હેતુઓ આ મુજબ છે

**શૈક્ષણિક ઉન્નતિ** : શહેરી વિકાસ વ્યાવસાયિકોની જરૂરિયાતોને અનુરૂપ અદ્યતન શૈક્ષણિક કાર્યક્રમો વિકસાવવા અને તેના લાભ તેઓ સુધી પહોંચાડવા.

**સહયોગી સંશોધન અને વિકાસ:** શહેરી વિકાસલક્ષી મુદ્દાઓના યોગ્ય ઉકેલ લાવવા અને સાતત્યપૂર્ણ વિકાસ આગળ ધપાવવા માટે સંયુક્ત સંશોધન પહેલને પ્રોત્સાહન આપવું.

**નીતિ સંલગ્નતા:** અસરકારક શહેરી નીતિઓને આકાર આપવા માટે નીતિ નિર્માતાઓ, હિતધારકો અને નિષ્ણાતો વચ્ચે સંવાદ અને સહયોગની સુવિધા.

**વ્યૂહાત્મક જ્ઞાન સેવાઓ:** કોર્પો.ના નવા રચાયેલા શહેરી આયોજન સેલને શહેરી આયોજન પ્રોજેક્ટ્સ અને વ્યૂહાત્મક જ્ઞાન સહાયને વધારવા માટે નિષ્ણાત કન્સલ્ટન્સી પૂરી પાડવી.

સેપ્ટ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડો.બરજોર મહેતા, ડીન ડો. મોના ઐય્યર અને પ્રો.શાશ્વત બંદોપાધ્યા સાથેની આ મીટિંગમાં કમિશનર આનંદ પટેલ, ડે. કમિશનર ચેતન નંદાણી, સિટી એન્જી. વાય. કે. ગૌસ્વામી વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. આ ટીમે સ્માર્ટ સીટીની મુલાકાત લીધી હતી.

# બહુમાળી ભવનમાં દાખલા કઢાવવા માટેનો ઘસારો ખાળવા વધુ બારી ખોલવી જરૂરી

## દૈનિક સર્જાતી અંધાધુંધીઃ શહેર કોંગ્રેસ દ્વારા સમાજ કલ્યાણ અધિકારીને આવેદન પાઠવાયુ

રાજકોટ તા.૧૬

રાજકોટનાં બહુમાળી ભવન ખાતે સમાજ કલ્યાણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓનાં એડમીશન માટે જરૂરી જુદા-જુદા દાખલા કરી અપાય છે અને હાલમાં ત્રણ બારીઓ કાર્યરત છે. પરંતુ ધસારો ખૂબજ રહેતા ત્રણ બારી પણ ઓછી પડે છે. આથી બહુમાળી ભવન ખાતે બારી વધારવા આજરોજ શહેર, કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીની આગેવાની હેઠળ સમાજ કલ્યાણ અધિકારી, રાજકોટને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી.


આ રજુઆતમાં જણાવાયુ હતું કે ધો.૧૦ અને ૧૨ના પરિણામો બાદ ઉચ્ચ અભ્યાસાર્થે નોન ક્રિમીનલ પ્રમાણપત્ર માટે ધોમ ધખતા તાપમાં વિદ્યાર્થીઓને વાલીઓને કલાકો સુધી રાહ જોવી પડે છે. એટલું જ નહીં પરંતુ વારંવાર ધકકાઓ થાય છે. કોમ્પ્યુટર સિસ્ટમ હોય ત્યારે સેમ ડે દાખલો મળી જવાને બદલે બબ્બે ત્રણ ત્રણ દિવસ સુધી દાખલાઓ મળતા નથી જે પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલયમાં બહુમાળી ભવનમાં લોન ક્રિમીનલ દાખલાઓ માટે અંધાધુંધી અને અરાજકતા સર્જાઈ રહી છે તે પ્રકારની ફરિયાદો મળેલ છે. જે પગલે હાલ ફકત ત્રણ બારીઓ હોય તે અપૂરતી છે પરંતુ જે ધસારો છે તે પ્રકારે જરૂરિયાત મુજબનો સ્ટાફ ફાળવી વધુ બારીઓ ખોલવી જરૂરી છે અને દરેક મામલતદાર કચેરીએ આ નોન ક્રિમીનલ પ્રમાણપત્ર વિદ્યાર્થીઓ અને વાલીઓને સરળતાથી મળી રહે તે પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા તાત્કાલીક ગોઠવે તેમજ જે સ્થળોએ હાલ નોન ક્રિમીનલ પ્રમાણપત્રો અપાતા હોય તે તમામ સ્થળોના નામ અને સરનામા સાથેના બોર્ડ વિદ્યાર્થી અને વાલીઓને દેખાય તે પ્રકારે દર્શાવવા. વિદ્યાર્થીઓ વાલીઓ માટે પાણી અને છાયડાની વ્યવસ્થા કરવી જરૂરી છે.

વધુમાં જે ફોર્મ નિઃશુલ્ક આપવામાં આવે છે તે દલાલ દ્વારા રૂા.૨૦ થી રૂા.૫૦ પડાવવામાં આવે છે અને દર વર્ષની જેમ વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી ઉઘાડી લુંટ ચલાવી નોન ક્રિમીનલ પ્રમાણપત્ર માટે રૂા.૧૫૦ થી રૂા.૩૦૦ દલાલો દ્વારા કાઢવામાં આવે છે. આ પ્રકારની ફરિયાદો મળેલ છે જે બાબતે યોગ્ય કરવુ પણ જરૂરી છે.

# ફન સ્ટ્રીટમાં મૌજ કરવા માટે ઓળખકાર્ડ સાથે રાખવું પડશે

## રવિવારથી શરૂ થનારી ફન સ્ટ્રીટમાં પરિવાર સિવાય આવતા લોકો માટે ખાસ સૂચના : લોકોને વેકેશનનો લાભ લેવા મનપા તંત્રનો અનુરોધ



રાજકોટ, તા. ૧૬

મનપાના સહયોગથી 'મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ' (ચિત્રનગરી) દ્વારા અગાઉ રેસકોર્ષ ખાતે દર રવિવારે ફન સ્ટ્રીટનું આયોજન થતું હતું. જેમાં બાળકોથી માંડીને વડીલો સુધીના સૌ કોઈને નિર્દોષ આનંદ મળે તેવી વિવિધ પરંપરાગત રમતો-સ્પર્ધાઓ યોજવામાં આવે છે. રવિવારથી શરૂ થનારી ફન સ્ટ્રીટમાં પરિવાર સિવાય આવનાર લોકોએ ઓળખકાર્ડ સાથે રાખવા મહાપાલિકાએ સૂચના જાહેર કરી છે.

મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, કમિશનર આનંદ પટેલ, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ યાદીમાં જણાવેલ છે કે, ચાલુ સાલ ઉનાળુ વેકેશન અને નગરજનોની લાગણીને ધ્યાનમાં રાખી, 'ફન સ્ટ્રીટ' ફરી એક વખત શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તા.૧૯ રવિવાર તથા ત્યારબાદ તા.૨૬, તા.૨-૬ તથા તા.૯-૬ રવિવારના રોજ સવારે ૭ કલાકથી ૯ કલાક સુધી રેસકોર્ષ આર્ટ ગેલેરીથી સ્વિમિંગ પૂલ વચ્ચેના એરિયામાં યોજાશે.આજના મોબાઇલ યુગમાં જ્યારે મોટાભાગના લોકો મોબાઈલમાં ખોવાયેલા રહેતા હોય છે ત્યારે વિસરાઇ ગયેલ શેરી રમતોને પુનઃજીવિત કરવા માટે આ રમતો આ ફન સ્ટ્રીટમાં જોવા મળશે. ફન સ્ટ્રીટમાં ભાગ લેવા માટે વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે પરંતુ પરિવાર સિવાય આવનાર વ્યક્તિએ ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે જે સુરક્ષા વિભાગ અથવા પોલીસ દ્વારા માંગવામાં આવે ત્યારે પોતાનું ઓળખકાર્ડ બતાવવાનું રહેશે.

આ ફન સ્ટ્રીટને સફળ બનાવવા માટે પદાધિકારીઓ તથા મ્યુનિ.કમિશનર તેમજ 'મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ'ના જીતુભાઈ ગોટેચા સહિત તેમની ટીમના રશેષભાઈ વ્યાસ, સુરેશભાઇ રાવલ, શિવમ અગ્રવાલ, હરદેવસિંહ વાઘેલા, મુકેશભાઈ વ્યાસ, હેમાબેન વ્યાસ, જયશ્રીબેન રાવલ, સીમાબેન અગ્રવાલ, દિગીશભાઈ વડોદરિયા, પરેશભાઈ ધોરાજીયા, ગૌરવભાઈ ખીરૈયા, હાર્દિક વૈષ્ણવ, હર્ષિત, દેવ,ભૂમિત, નિકેશ, વિવેક, અભય, અજય, મૌલિક ગોટેચા ઉપરાંત વિવિધ સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# શુક્રવારે બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના કો-ઓપ્ટ મેમ્બર સુમિત વોરાના સમર્થનમાં ભવ્ય સંમેલન

## રાજકોટ બારના પ્રમુખ સહિતના હોદ્દેદારો, રેવન્યુ બાર, ક્લેઈમ બાર, નોટરી બાર, ક્રિમીનલ બાર, મહિલા બાર, યુવા લોયર્સ, વોઈસ ઓફ લોયર્સના વકીલોનો મેળાવડો : આજીડેમ હનુમાનજીના મંદિર ખાતે જંગલ જેવા પ્રાકૃતિક વાતાવરણમાં ભોજન સમારંભ

રાજકોટ, તા.૧૬

શુક્રવારે બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના કો-ઓપ્ટ મેમ્બર સુમિત વોરાના સમર્થનમાં ભવ્ય સંમેલન યોજાશે. યુવા એડવોકેટ સુમિત વોરાની તાજેતરમાં જ બીસીજીમાં નિમણુંક થઈ છે.

રાજકોટ બાર એસો.ના પૂર્વ લાઈબ્રેરી સેક્રેટરી, કારોબારી મેમ્બર અને પ્રખર ધારાશાસ્ત્રી સ્વ. અભયભાઈ ભારદ્વાજ, જયદેવભાઈ શુકલના જુનિયર એડવોકેટ તરીકે વકીલાત શરૂ કરનાર યુવા એડવોકેટ સુમિત વોરાની બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં કો-ઓપ્ટ મેમ્બર તરીકે નિમણુંક થતા રાજકોટના તમામ બાર એસો.માં આનંદની લાગણી ફેલાયેલ છે. આ તબ્બકે તેમના સમર્થનમાં શુક્રવાર, તા.૧૭-૫ ના રોજ સાંજે આજીડેમની પાળીની સામે દુધેશ્વર મહાદેવ તથા હનુમાનજી દાદાના મંદિરે ભવ્ય ભોજન સમારંભ રાખેલ છે.



રાજકોટના વકીલોમાં આ કાર્યક્રમથી ખુશીની લહેર છે. આજીડેમની પાળીએ મેઈન ગેટ અંદર પ્રકૃતિના સાનિધ્યમાં જંગલ જેવા અદભુત વાતાવરણમાં જમણવારનું આયોજન કમીટીના દિલીપભાઈ પટેલ, બાર એસો.ના પ્રમુખ બકુલભાઈ રાજાણી, રાજકોટ શહેર લીગલ સેલના પૂર્વ કન્વીનર અંશ ભારદ્વાજ, પૂર્વ સહ કન્વીનર સી.એચ. પટેલ, રેવન્યુ બારના પ્રમુખ રમેશભાઈ કથીરીયા, ઉપપ્રમુખ ગીરીરાજસિંહ જાડેજા, નિલેશભાઈ પટેલ, આનંદભાઈ જોષી તથા નોટરી બાર એસો.ના પ્રકાશસિંહ ગોહિલ, હસમુખભાઈ જોષી, સિનિયર એડવોકેટ યોગેશભાઈ ઉદાણી, વિશાલભાઈ ગોસાઈ, બીલમભાઈ જાની, પરેશભાઈ મારૂ, હરેશ પરસોંડા તથા યુવા લોયર્સના કિરીટ નકુમએ તમામ એડવોકેટોને ઉપસ્થિત રહેવા ભાવભર્યુ આમંત્રણ પાઠવેલ છે. મોટી સંખ્યામાં મહિલા વકીલો પણ હાજર રહેવાના હોય મહિલા બારના પ્રમુખ રક્ષાબેન ઉપાધ્યાય, નયનાબેન ચૌહાણ, બીનલબેન રવેશીયા, મહેશ્વરીબેન ચૌહાણ, સ્મીતાબેન અત્રી, લતાબેન અબોટી, જયોતિબેન શુકલ, સ્તુતિબેન ત્રીવેદી, હિરલ જોષી, રેખાબેન તુવાર, પન્નાબેન ભુત, સીમાબેન કાટકર, રેખાબેન હરખાણી, સેજલ સાવલીયા, કાજલ કથીરીયા, ખ્યાતીબેન ભટ્ટ, પ્રગતિ માકડીયા, લક્ષ્મી જાદવ, ધારા મુળશા, કૃપા રામાણી, નિધી સોંડાગર, બીનીતા શાહ, એકતા સુદાણી, મીનાક્ષીબેન દવે, મીરા સંચાણીયા, રચનાબેન રવેશીયા, નમ્રતા ભદોરીયા, પ્રકૃતિ જોશીપુરા, અનીતાબેન રાજવંશી, વિણાબેન કોરાટ, પ્રતિક્ષા પાઘડાર, રાજવી દોંગા, એકતા જોષી, દિપા ઠકરાર, ધ્વનિ બુધ્ધદેવ, ખેરૂનબેન ભુવડ, નીશા લુણાગરીયા, ચાંદનીબેન શીલુ, શીતલ મારકણા, ભાર્ગવી પંડયા, બીનાબેન નિમાવત, બિનલ મહેતા, તપનીમ સાદીકોટ, ચાર્મી જોષી, મોહિની ચાવડા, રશ્મી સાપરીયા, ત્રીશલા જોષી, અંજુબેન ચૌહાણ, વંદના પોપટ, કોમલ રાવલ, લક્ષ્મી વાઢેર સહિતના મહિલા વિકલોમાં આ વખતે સુમીત વોરાના સન્માનને લઈ અનેરો ઉત્સાહ જોવા મળેલ છે. આ ઉપરાંત યુવા એડવોકેટો વિમલ ડાંગર, ધર્મેશ સખીયા, વિરેન વ્યાસ, વિજય રૈયાણી, કેતન મંડ, પ્રશાંત પટેલ, દિલીપ મહેતા, પિયુષ સખીયા, અતુલ જોષી, પરાગ શાહ, કિશન મીઠાપરા, હિરેન ગજ્જર, હિરેન રૈયાણી, હેમંત પરમાર, ભાવેશ બાંભવા, હિરેન ડોબરીયા, બાલા સેફાતરા, કિશન વાલવા, મેઘજી માટીયા, કેવિન તાડા, હિત અવલાણી, મુકેશ ઝરીયા, રાજ ભાવસાર, માધવ બગડા, રવિ મુલીયા, અજય દાવડા, યશ અનડકટ, સંજય માવલા, જીગર દતાણી, પ્રકાશ બેડવા, હરદેવસિંહ પરમાર, ભરત હુંબલ, તનવીર લાગડીયા તથા કલેઈમ બારના પૂર્વ પ્રમુખ રાજેશ મહેતા, ભાવેશ મકવાણા, ગોપાલ ત્રીવેદી, કૌશીક પોપટ, કપીલ શુકલ, નિકુંજ શુકલ સહિતના વકીલોમાં થનગનાટ જોવા મળે છે.

# ૪૭ વર્ષના પ્રેમીએ ૧૧ વર્ષની પ્રેમીકા સાથે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો

## રાજકોટ નજીકના ધમલપરનો દિનેશ સાડમિયા અને ચોટીલાની સગીરા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ

રાજકોટ, તા.૧૬

૪૭ વર્ષના પ્રેમીએ ૧૧ વર્ષની પ્રેમીકા સાથે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમાં રાજકોટ નજીકના ધમલપરનો દિનેશ સાડમિયા અને ચોટીલાની સગીરા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ અંગે મળતી વિગત મુજબ, દિનેશ જકશી સાડમિયા(ઉ.વ.૪૭, રહે. ધમલપર) રીક્ષા ચલાવે છે. ચોટીલા રહેતી સગીરાના પિતા દિનેશના મિત્ર હતા. દીનેશે સગીરાના પિતા પાસેથી ઉછીણી રકમ પણ લીધી હતી. આમ સારા સંબંધ હોવાથી દિનેશ સગીરાના ઘરે આવતો-જતો. દરમિયાન તેની નજર સગીરા ઉપર પડી અને ગત તા.૧૪ના રોજ તે સગીરાને ભગાડી ગયો હતો. જે પછી તા. ૧૫ના રોજ બપોરે રાજકોટના સાત હનુમાન મંદિર પાસે બંનેએ ઝેરી દવા પી લીધી હતી. તેમને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બંને સારવાર હેઠળ છે. દિનેશ પરણિત છે. તેને સંતાનમાં ૩ દીકરી અને ૨ પુત્ર છે. પૂછપરછમાં જાણવા મળેલ કે, બંનેના પરિવાર આ સંબંધથી સહમત નહીં થાય. તેમ લાગતા ઝેરી દવા પીધી હતી. કુવાડવા રોડ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ટ્રેડમિલ પર વર્કઆઉટ કરતો ૧૭ વર્ષિય તરૂણ અચાનક ઢળી પડયોઃ મોત

રાયપુર, તા ૧૬

છત્તીસગઢની રાજધાની રાયપુરના ભાનપુરીમાં બુધવારે સ્પેસ જીમમાં કસરત કરતી વખતે ૧૭ વર્ષીય સગીરનું મોત થયું હતું. તે રોજીંદી દિનચર્યા મુજબ ટ્રેડમિલ પર દોડી રહ્યો હતો ત્યારે અચાનક તે બેભાન થઈ ગયો. તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા પરંતુ તપાસ બાદ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે ટ્રેકની સ્થાપના કરીને મામલાની તપાસ શરૂ કરી છે.ખમતરાઈ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ એસએન સિંહે જણાવ્યું કે, ૧૭ વર્ષીય સત્યમ રહેંગદલે ભાનપુરીના ધનલક્ષ્મી નગરનો રહેવાસી છે. બુધવારે સવારે તેઓ રાબેતા મુજબ જિમ ગયા હતા. તે જીમમાં ટ્રેડમિલ પર દોડી રહ્યો હતો, આ દરમિયાન તે અચાનક બેભાન થઈ ગયો અને નીચે પડી ગયો.જીમમાં હાજર સ્ટાફ તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયો, જ્યાં ડોક્ટરે યુવકને મૃત જાહેર કર્યો. હાલમાં મોતના કારણ અંગે માહિતી મળી શકી નથી. પીએમ રિપોર્ટ બાદ મોતનું કારણ જાણી શકાશે. પિતા સુભાષ રહેંગદલે મસાલા વેચવાનું કામ કરે છે. સત્યમ બે ભાઈઓમાં મોટો છોકરો હતો. તાજેતરમાં તેણે ૧૦ની પરીક્ષા પાસ કરી હતી.

# મરવા મજબૂર કર્યાના ગુનામાં પીએસઆઇ હિતેન્દ્ર પટેલની આગોતરા જામીન અરજી હાઈકોર્ટે ફગાવી

## પોલીસનું કામ લોકોની સેવા અને સુરક્ષાનું છે પરંતુ પી.એસ.આઈ. ખુદ આરોપી બની ગયા તેવુ પ્રાથમિક દષ્ટિએ જણાય છે : હાઈકોર્ટનું અવલોકન

રાજકોટ, તા.૧૬

આરોપી હિતેન્દ્ર મોહનભાઈ પટેલ કે જેઓ વિરમગામ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં પીએસઆઇ તરીકે ફરજ બજાવે છે તેની સામે ગુજરનાર દિપકભાઈ હરજીવનભાઈ ધ્રાંગધરીયાને આપઘાત કરવા ફરજ પાડેલ હોય તેવી લોધિકા પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. નોંધાતા આરોપીએ ગોંડલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી જે તા.૧૬/૦૩/૨૦૨૪ નાં રોજ નામંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીએ ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી જે અરજી પણ હાઈકોર્ટે ફગાવી દીધી છે.

કેસની વિગત મુજબ, ગુજરનાર દિપકભાઈએ આપઘાત કરતા પહેલા રાજકોટ પોલીસ કમિશ્નરને સંબોધીને વીડિયો બનાવેલ. જેમાં આરોપીએ ગુજરનાર પાસેથી દારૂના કેસમાં રૂ.૩ લાખ લઈ ગુજરનારને જેલ હવાલે કરેલ ત્યારબાદ ૧૪ તારીખે કોઈકનો દારૂ પકડાયેલ હશે તેમાં પણ ગુજરનારનું ખોટી રીતે નામ છે તેમ કહી રૂ. ૧૦ લાખની માંગણી કરતાં હોય જેથી ગુજરનારે આત્મહત્યા કરતો હોવાનું જણાવતો વીડિયો બનાવેલ. ત્યારબાદ ખાંભા ગામે મોગલ માતાનાં મંદિર પાસે ગળાફાંસો ખાઈ લીધો હતો. ધરપકડ ટાળવા આરોપી પીએસઆઇએ ગોંડલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ. જે નામંજુર થતા આરોપીએ હાઈકોર્ટ સમક્ષ આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી. જેમાં ફરિયાદીના વકીલે કરેલી દલીલો કરેલી કે, નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ તેમ છતાં આરોપી હાજર થયેલ નથી. અને ગેરકાયદેસર રીતે રજા પર ઉતરી ગયેલ છે. આરોપી પીએસઆઇને ચૂંટણી સમયે પણ હાજર થવા માટે ફરમાન કરવામાં આવેલ હોય તેમ છતાં આરોપી હાજર થયેલ ન હોય જેનાથી જણાય આવે છે કે આરોપી ભાગતો ફરે છે. જેમાં હાઈકોર્ટ ન્યાયમુર્તિ એવા નિષ્કર્ષ પર આવેલ હતા કે, રાજય તથા પોલીસનું કર્તવ્ય છે કે, તેઓ નાગરીકોની સેવા તથા સુરક્ષા પુરી પાડે. આક્ષેપો દર્શાવે છે કે, પી.એસ.આઈ. કે જેને નાગરીકોની રક્ષા કરવાની હોય તે ખુદ આરોપી બની ગયેલ છે અને પ્રાથમિક દષ્ટિએ ગુજરનારનો વીડિયો મરણોન્મુખ નિવેદન તરીકે ધ્યાને લઈ શકાય. જે વિડીયોમાં આરોપીનાં નામનો સ્પષ્ટપણે ઉલ્લેખ છે તેમજ આરોપીનું આગોતરા જામીન અરજી માટેનો કેસ ન બનતો હોય આરોપીનાં આગોતરા જામીન અરજી રદ કરતો હુકમ કર્યો હતો.

આ કેસમાં ફરિયાદી વતી રાજકોટનાં યુવા ધારાશાસ્ત્રી સ્તવન જી. મહેતા, નિકુંજ એમ. શુકલા, બ્રિજેશ ચૌહાણ, નિલરાજ રાણા, શ્યામ ત્રિવેદી તથા મદદનીશ તરીકે કશ્યપ પંડયા, નિશાંત ચાવડા, સત્યજીસિંહ જાડેજા, અને ઋષિત રોહિત રોકાયેલ હતા. હાઈકોર્ટમાં એડવોકેટ વિરાટભાઈ પોપટ તથા શ્વેતાબેન લોઢા રોકાયેલ હતા.

# ફરીવાર ડ્રાઈવઃ જાહેરમાં વાહનો પાર્ક કરી ચાની હોટલે, પાનના ગલ્લે ગપ્પા મારતા શખ્સો સામે કાર્યવાહી

## હનુમાન મઢી પાસે આવેલ જોગમાયા હોટલ, બાદશાહ પાનના માલીક અને પાંચ બાઈક ચાલકો સામે ગાંધીગ્રામ પોલીસે ગુના નોંધ્યા

રાજકોટ તા.૧૬

શહેરમાં ચાની હોટલ અને પાનના ગલ્લે જાહેરમાં આડેધડ વાહનો પાર્ક કરી ગપ્પા મારતા શખ્સો સામે ફરીવાર પોલીસે ડ્રાઈવ આદરી હનુમાનમઢી પાસે આવેલ જોગમાયા હોટલ, બાદશાહ પાનના માલીક સહીત પાંચ બાઈકચાલકો સામે ગુના નોંધ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ બી.ટી. અકબરીની રાહબરીમાં સ્ટાફ પેટ્રોલીંગમાં હતો

ત્યારે કોન્સ. મુકેશ સબાડ અને રોહીતદાન ગઢવી હનુમાનમઢી ચોક પાસે હતા ત્યારે નજીકમાં આવેલ જોગમાયા હોટલ અને બાદશાહ પાન પાસે જાહેરમાં વાહનો અડચણરૂપ થાય તે રીતે પાર્ક કરેલા હોય જેથી જોગમાયા હોટલના માલીક તુષાર બીજલ લામકા તેમજ તેમની હોટલ બહાર પાર્ક કરેલ વાહનોના માલીક ફોટોગ્રાફર કેશવ વિમલ સોની, કાર્તીક વિમલ સોની અને જીજ્ઞેશ જાહા જોગરાણા સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

તેમજ બાદશાહ પાનના માલીક સોહિલ અસ્લમ વજુગરા તેમજ તેની દુકાન સામે પાર્ક કરેલ વાહનોના માલીક ટ્રાન્સપોર્ટના ધંધાર્થી હરીશ ભગવાન ઓઝા અને ધવલ કરશન બાલાસરા સામે પણ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોરબી મચ્છુ નદીમાં ડુબી ગયેલ બે તરૂણ સહિત ત્રણ મૃતદેહ મળ્યા

## એનડીઆરએફ અને એચડી આરએફની ટીમોએ ઓપરેશન પુરૂ પાડયું

## ૨૬ કલાક ચાલેલા રેસ્કયુમાં મોરબી-રાજકોટ ફાયર બ્રિગેડની ટીમ અને હળવદના તરવૈયાઓની ટીમને મૃતદેહો શોધવા બહાર કાઢવા સફળતા મળી

(જીગ્નેશ ભટ્ટ દ્વારા) મોરબી,તા.૧૬

મોરબી નજીકના સાદુળકા ગામ પાસેથી પસાર થતી મચ્છુ નદીમાં ન્હાવા માટે સાત મિત્રો ગયા હતા દરમિયાન પાણીમાં ડૂબી જવાના કારણે બે કૌટુંબિક ભાઈ અને ભાણેજને શોધવા માટેની કવાયત ફાયર વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી હતી અને નદીમાં ડૂબી ગયેલ ત્રણ વ્યક્તિઓની ક્રમશઃ બોડી મળી આવેલ છે અને મોરબી તથા રાજકોટની ફાયર બ્રિગેડની ટીમ તેમજ હળવદના તરવૈયાઓની ટીમ અને એનડીઆરએફ તેમજ એસડીઆરએફની ટીમે ૨૬ કલાકે રેસક્યું ઓપરેશન પુરુ કરેલ છે

મોરબી નજીકના લક્ષ્મીનગર ગામે રહેતા એક જ કુટુંબના પાંચ તરૂણ અને તેની સાથે અન્ય બે આમ કુલ મળીને સાત વ્યક્તિઓ સ્વિમિંગ પુલમાં ન્હાવા જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા ત્યારબાદ તેઓ સ્વિમિંગ પૂલમાં જવાના બદલે મોરબી નજીક સાદુળકા ગામ પાસેથી પસાર થતી મચ્છુ નદીમાં હાલમાં મચ્છુ બે ડેમમાંથી પાણી છોડ્યું છે જેથી કરીને પાણીની આવક હોય ત્યાં ન્હાવા માટે તે પહોંચ્યા હતા ત્યારે પરમાર ચિરાગ તેજાભાઈ (૨૦) નામનો યુવાન પાણીમાં પડતાની સાથે જ તે તણાવવા લાગ્યો હતો જેથી કરીને તેને બચાવવા માટે થઈને ભંખોડીયા ધર્મેશ ભુપેન્દ્રભાઈ (૧૬) નામનો તરૂણ પાણીમાં પડ્યો હતો અને તે પણ તણાવવા લાગતા તેને બચાવવા માટે ભંખોડીયા ગૌરવ કિશોરભાઈ (૧૭) નામનો તરૂણ પાણીમાં પડયો હતો



આ ત્રણેય મચ્છુના પાણીમાં તા ૧૫/૫ ના રોજ બપોરે ૧૧:૩૦ વાગ્યાના અરસામાં ડુબી ગયા હતા જેથી તેને શોધવા માટે થઈને મોરબી નગરપાલિકાની ટીમને જાણ કરી હતી અને ફાયરની ટિમ બપોરના ૧૨:૩૦ વાગ્યાથી મચ્છુ નદીમાં શોધખોળ કરી રહી છે પરંતુ મોડી રાત સુધી પાણીમાં ડૂબી ગયેલ ત્રણ પૈકીનાં એકપણ વ્યક્તિનો પત્તો લાગેલ ન હતો જો કે, મચ્છુ નદીમાં પાણીમાં ડૂબી ગયેલા ત્રણેય વ્યક્તિઓને શોધવા ગાંધીનગરથી એનડીઆરએફ અને બનાસકાંઠાથી એસડીઆરએફની એક એક ટીમ મોરબી મોકલાવવામાં આવેલ હતી તેવામાં નદીમાં ડૂબી ગયેલા ત્રણ પૈકીનાં ભંખોડીયા ગૌરવ કિશોરભાઈ (૧૭) અને પરમાર ચિરાગ તેજાભાઈ (૨૦) નામના બે વ્યક્તિના પહેલા નદીમાંથી મૃતદેહ મળી આવેલ હતા જો કે, ધર્મેશ ભંખોડીયાનો પત્તો લાગ્યો ન હતો માટે શોધતા હતા તેવામાં બપોરે પોણા બે વાગ્યાના અરસામાં તેની બોડી પણ ફાયર સહિતની ટીમે શોધી કાઢેલ છે. અને ભંખોડીયા ધર્મેશ ભુપેન્દ્રભાઈ (૧૬)ની બોડી તેના પરિવારને સોંપી આપેલ છે અને ૨૬ કલાકે રેસ્ક્યુ ઓપરેશન પુરુ કરેલ છે.

# સૌરાષ્ટ્રમાં સતત બીજા દિવસે માવઠાનો માર યથાવતઃ વિજળી પડતા પાંચનાં મોત






### સુરેન્દ્રનગર જિલ્લામાં અર્ધોથી બે ઈંચ વરસાદ સાથે વિજળીએ બેનાં ભોગ લીધાઃ અમરેલીનાં કુંકાવાવ–વડિયામાં તોફાની દોઢ ઈંચ વરસાદથી વ્યાપક નુકશાનઃ રાજકોટમાં ૪૩ ડિગ્રી ગરમી બાદ સાંજે ઝાપટુ વરસ્યુઃ સોરઠમાં સવારે ઝાપટાઃ પોરબંદર અને મોરબી પંથકમાં પણ વિજળી પડતા ત્રણ મોતને ભેંટયા

રાજકોટ,તા.૧૬

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ગઈકાલે પણ બપોર સુધી કાળઝાળ તાપ બાદ સાંજે હવામાન પલ્ટા સાથે અનેક સ્થળે ગાજવિજ અને, તેજ પવન વચ્ચે કમોસમી વરસાદ વરસ્યો હતો. તેમજ પોરબંદરનાં શીશલી અને સોઢાણતા તથા સુરેન્દ્રનગરનાં મૂળી અને ચોટીલા તથા મોરબીનાં રંગપુરમાં વિજળી, ખાબકતા કુલ પાંચ વ્યકિતઓનાં મોત નિપજયા હતાં.ઉલ્લેખનીય છે કે ગઈકાલે સાંજે ઝાલાવાડનાં મુળી પંથકમાં બે ઈંચ તથા વઢવાણ–થાન પંથકમાં અર્ધો થી પોણો ઈંચ વરસાદ ગાજવિજ સાથે ખાબકયો હતો.જયારે રાજકોટ, પોરબંદર, અને મોરબી પંથકમાં પણ ગાજવિજ સાથે ઝાપટા વરસ્યા હતાં.તો, અમરેલીનાં કુંકાવાવ, વડિયા પંથકમાં દોઢ–દોઢ ઈંચ વરસાદ પડયો હતો.તેમજ બાબરા અને સાવરકુંડલા પંથકમાં મિની વાવાઝોડાએ ભારે નુકશાન કર્યું હતું.અનેક સ્થળે વૃક્ષ–વિજપોલ–દિવાલો જમીન દોસ્ત, થઈ ગયા હતાં.તથા સોરઠ પંથકમાં પણ આજે સવારે હળવા ઝાપટા વરસ્યા હતા.આથી કેરી સહિતનાં બાગાયતી પાકોને ભારે નુકશાન થયું હતું.ઉલ્લેખનિય છે કે ગઈકાલે રાજકોટમાં ચાલુ સિઝનનું સૌથી વધુ ૪૩.૨ ડિગ્રી તાપમાન બાદ સાંજે ગાજવિજ સાથે ઝાપટા વરસતા ઠંડક પ્રસરી હતી.ગઈકાલે સુરેન્દ્રનગર જિલ્લામાં માવઠાના વરસાદે તારાજી સરજી હોય તેવું લાગી રહ્યું છે કારણ કે સુરેન્દ્રનગર જિલ્લામાં સતત બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે અવકાશી ગાજવીજ સાથે વરસાદ વરસી રહ્યો છે ભારે પવન ફૂંકાઈ રહ્યો છે જેને લઈને સુરેન્દ્રનગર જિલ્લામાં વ્યાપક નુકસાન થયું છે ત્યારે ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લામાં અવકાશી વીજળી પડવાના કારણે આ માવઠાના બે દિવસ માં ત્રણ લોકોના મોત નિપજયા છે અને અંદાજિત ૧૫થી વધુ પશુઓના પણ મોત નીપજવા પામ્યા છે.

ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના ખેરાણા ગામે વીજળી પડવાના કારણે બે બળદોના મોત નીપજવા પામ્યા છે ભર ઉનાળે ચોટીલા તાલુકાના વાતાવરણમાં આવેલો પલતા બાદ ઓચિંતી ત્રાટકેલી વીજળીએ ત્રણનો ભોગ લીધો છે. ચોટીલા તાલુકાના મોકાસર ગામમાં વીજળી પડતાં ૧૮ વર્ષની યુવતીનું મૃત્યુ થયું છે.જ્યારે ખેરાણા ગામમાં વીજળી પડતાં બે બળદના મોત થયા છે. ચોટીલા તાલુકાના મોકાસર ગામના ખેતરમાં આશા વાસાણી નામની યુવતી કામ કરી રહી હતી, દરમિયાન બપોરના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો, ભારે પવન ફૂંકાવા લાગ્યો.અને અચાનક વીજળી પડતાં આશા વાસાણી નામની યુવતીનું મૃત્યુ થયું. જેને લઇને તેમના પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. આ તરફ ખેરાણા ગામે પણ વીજળી પડતાં ગોવિંદભાઇ બે બળદોના પણ મોત નિપજ્યા હતા.

ત્યારે બીજી તરફ સુરેન્દ્રનગર જિલ્લાના ખાટડી ગામે પણ એક આધેડ પર વીજળી પડી છે આ આધેડનું પણ મોત નીપજવા પામ્યું છે ત્યારે ઉલ્લેખની જગ્યાએ સાંજના સમયે જે ગાજવીજ સાથે વરસાદ થયો છે જેમાં મૂડી પંથકમાં બે ઇંચ વઢવાણમાં અડધો ઇંચ તેમજ થાનગઢમાં પણ અડધા ઇંચ સુધીનો વરસાદ નોંધાવવા પામ્યો છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં ગાજવીજ સાથે જે વરસાદ પડ્યો છે તેને તારાથી સર્જી હોય તેવું લાગી રહ્યું છે અને અવકાશી વીજળી પડવાના કારણે એક મહિલા અને એક પુરુષનું મોત નીપજવા પામ્યું છે.

અત્યારે સુરેન્દ્રનગર શહેરના મુખ્ય રોડ ઉપર આવેલા હોર્ડિંગ્સ પણ ભારે પવન સાથે વરસાદના પગલે તૂટ્યા છે જોકે આ મામલત ચીફ ઓફિસર સાથે વાત કરવામાં આવતા તેમને જણાવ્યું છે કે સુરેન્દ્રનગર શહેરી વિસ્તારોમાં જે ખાનગી માલિકીની જગ્યામાં નાખવામાં આવેલા હોડીગ છે તેની કોઈપણ પ્રકારની પરમિશન છે તે આપવામાં આવી નથી તમામ ગેરકાયદેસર રીતે નાખવામાં આવ્યા છે ટૂંક સમયમાં આ હોર્ડિંગ હટાવવામાં આવશે તેવું પણ ચીફ ઓફિસર દ્વારા જણાવવામાં આવ્યું છે ત્યારે વરસાદી અવકાશી વીજળી પડવાના કારણે ૧૫ થી વધુ પશુઓના પણ મોત નીપજવા પામ્યા છે..

દરમ્યાન માવઠા બાદ ભાવનગરમાં બે દિવસ ની હીટવેવ ની આગાહી કરવામાં આવી છે.ભાવનગરમાં ગરમીમાં વધારો થયો છે. બફારો પણ વધતા લોકો અકળાયા છે.ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન વધીને ૪૦.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૨૮.૦ ડિગ્રી રહેવા પામ્યું છે.વાતાવરણમાં ભેજ નું પ્રમાણ ૨૩% રહ્યું હતું જ્યારે પવનની ઝડપ ૧૦ કિ.મી .પ્રતિ કલાકની રહી છે.

## કમૌસમી તોફાની વરસાદ, ખેતી પાકોનો સોથ વળી ગયો : મોટું નુકશાનઃ શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠોને અસર પડી

### અમરેલી–રાજકોટ જિલ્લામાં ખેતરોમાં પાણી ભરાતા તલ, બાજરી, મગ, ડુંગળી સહિતનાં પાકો અને રાવણા,જાંબુ, કેરી સહિતનાં બાગાયતો પાકનો પણ સોથ વળી ગયોઃ વૃક્ષો, પોલ, રોડ, દિવાલો, હોર્ડિંગ્સ ધરાશાયી થતા તારાજી સર્જાઈ

રાજકોટ,તા.૧૬

હવામાન વિભાગનાં પૂર્વાનુમાન મુજબ ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છમાં ગાજવીજ સાથે તોફાની વરસાદ વરસી રહ્યો જેને પરિણામે ખેતી પાકોને મોટું નુકશાન થતાં ખેડૂતોને ચિંતા વધી છે બીજી તરફ ભારે પવન ફુંકાતા હોડિંગ્સ, રોડ, છની, પોલ સહિતની મિલ્કતોને પણ મોટું નુકશાન થતાં વરસાદે વિનાશ સર્જી દીધો છે અમરેલી-રાજકોટ જિલ્લામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે તો જૂનાગઢ, જામનગર ભાવનગર,મોરબી જિલ્લામાં વરસાદના હળવા ઝાંપટા વરસ્યા હતાં.અમરેલી જિલ્લામાં બાબરા તાલુકામાં તોફાની કમોસમી વરસાદ વરસતા મોટુ નુકશાન થયું છે. બાબરામાં વીજ પોલ, વૃક્ષો ધરાશાયી થવા સાથે પતરાના રોડ, અને દિવાલો ધરાશાયી થતાં નુકશાન થયું છે બાબરામાં વિજળી પડતા એક યુવતી દાઝી હતી. બાબરા ઉપરાંત વડીયા-કુંકાવાવમાં તોફાની વરસાદથી ખેતરોમાં પાણી ભરાયા હતા. ખેતી પાકોને મોટું નુકશાન થતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.રાજકોટ જિલ્લાના ગોંડલ, દેરડી પંથકમાં એકથી બે ઈંચ વરસાદ વરસતા ખેતરોમાં પાણી ભરાતા બાજરી, મકાઈ, મગ, તલ, ડુંગળીનાં પાકોને મોટું નુકશાન થયું છે. ખેડૂતોએ ઉનાળુ પાક તૈયાર કર્યો હોય તેવા સમયે મોઢે આવેલો કોળીયો ઝુટવાઈ જવા જેવો તાલ સર્જાયો છે.અમરેલી-રાજકોટ જિલ્લામાં નોંધપાત્ર કમોસમી વરસાદ વરસ્યો છે તો જૂનાગઢ, મોરબી, ભાવનગર, જામનગર, જિલ્લામાં વરસાદના હળવા ઝાંપટા વરસ્યા હતાં.સોરઠ પંથકમાં ભારે પવન ફુંકાવા સાથે વરસાદના હળવા ઝાંપટા વરસતા કેરી, રાવણા, જાંબુ, ચીકુના ઝાડની ડાળીઓ તુટી પડતા બાગાયચી પાકોનો પણ સોથ વળી ગયો છે. સૌરાષ્ટ્રમાં કમૌસમી વરસાદે તારાજી સર્જી દીધી છે.

ઉપરાંત રાજકોટ જિલ્લાનાં કોટડાસાંગાણી ના આજુબાજુ પંથકોમાં કમોસમી વરસાદ સવારથી બપોર સુધી કાળઝાળ ગરમી અને બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા અને એકા એક વાતાવરણ માં પલટો આવી જતા પવન અને વરસાદ શરૂ થયેલ કોટડાસાંગાણી તાલુકા ના માણેકવાડા મોટા માંડવા માં પવન સાથે વરસાદ પડેલ હતો.

## અગાભી પીપળીયામાં વીજળી ખાબકતા સાત બકરાના મોતઃ ભારે પવન ફુંકાતા વાડી વિસ્તારમાં અનેક મકાનોના પતરા ઉડયા

વાંકાનેરના અગાભી પીપળીયા ગામે વીજળી પડતા ૭ બકરાના મોત નિપજેલ છે. આ ઉપરાંત વાડી વિસ્તારમાં અનેક જગ્યાએ પતરા પણ ઉડયા હતાં. તાલુકાના અગાભી પીપળીયા ગામે પણ વીજળીના કડાકા ભડાકા સાથે ભારે પવન ફૂંકાયો હતો. આ વેળાએ ગામના સિમ વિસ્તારમાં વીજળી પડવાથી મૈસૂરભાઈ હુકાભાઈના ૭ જેટલા બકરાના મોત થયા છે.આ સાથે વાડી વિસ્તારમાં અમુક જગ્યાએ પતરા સહિતની વસ્તુઓ ઉડી ગઈ હતી.તેમ ગામના આગેવાન શિવરાજ સિંહ જાડે જાએ જણાવ્યું હતું.




(તસ્વીરઃ લિતેશ ચંદારાણા, વાંકાનેર)

## આંધી-વરસાદથી સતત બીજા દિવસે વિજવિક્ષેપઃ આઠ ફીડરોમાં ફોલ્ટ

### સૌરાષ્ટ્રમાં ૨૩૬ થાંભલા ઉખડી ગયાઃ ૨૩૩ ગામોમાં અંધારપટ બાદ પુરવઠો નોર્મલ

રાજકોટ તા.૧૬

રાજકોટમાં સતત બીજા દિવસે તોફાની પવન ફુંકાવાની સાથોસાથ હળવો વરસાદ વરસતા વિજતંત્ર દોડતુ રહ્યુ હતું. રાજકોટમાં ૮ ફીડરોમાં ફોલ્ટ થતા સંખ્યાબંધ વિસ્તારોમાં વિજપુરવઠો ખોરવાયો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં વધુ અસર હતી. જો કે, વિજતંત્ર દ્વારા તાબડતોડ કામગીરી કરીને પુરવઠો નોર્મલ કરાયો હતો.

વિજતંત્રના સૂત્રોએ કહ્યું કે રાજકોટ સીટી ડીવીઝન-૩ હેઠળના ખોખડદડ, ધર્મજીવન, વિકાસ, સાઈબાબા અને વાવડી તથા સીટી ડીવીઝન-૨ હેઠળના મીરાનગર જયારે સીટી ડીવીઝન-૧ હેઠળના પંચશીલ તથા ગીતાંજલી ફીડર ઠપ્પ બન્યા હતા. પરિણામે આ ફીડરના ડઝનબંધ વિસ્તારોમાં વિજપુરવઠો ખોરવાયો હતો.

બીજી તરફ સમગ્ર સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોમાં વિજથાંભલા ઉખડી જવા સહિતના બનાવો બન્યા હતા. રાજકોટ ગ્રામ્યના ૧૨૭ તથા અમરેલીના ૧૦૦ સહિત ૨૩૩ ગામોમાં વિજપુરવઠો ખોરવાયો હતો. રાતોરાત રીપેરીંગ કરીને તે ચાલુ કરી દેવાયો હતો.

સૌરાષ્ટ્રમાં ૨૫૧ વિજથાંભલા ડેમેજ થયા હતા તેમાં સૌથી વધુ ૧૪૬ અમરેલીના હતા. ૧૮ ટ્રાન્સફોર્મર પણ ડેમેજ થયા હતા. ૨૦૦ ફીડર ફોલ્ટમાં ગયા હતા. આજે બપોર સુધીમાં તમામ ફોલ્ટ રીપેર કરીને વિજસપ્લાય નોર્મલ કરી દેવામાં આવી હતી.

# સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

**સાંજ સમાચાર**

ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર–શનિવારના અંકમાં પ્રસિદ્ધ

★ઓછામાં ઓછી ૪ લાઈન

★ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે

★સવારના ૧૦ થી સાંજના ૮ સુધી

★અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.

- વ્યવસ્થાપક






## વેચવાનું છે

**તાત્કાલીક ફલેટ વે. નો છે**
એપલ એલીગન્સ, ૨ બેડ, હોલ, કીચન, સેમી ફર્નિ., જીમ, સ્વીમીંગ, ફુલ પાર્કિંગ, ઈશ્વરીયા પહેલા, કાલાવડ રોડ, રાજકોટ. મો. ૯૭૨૭૬ ૫૫૩૨૫ (૬૬૫૧)

**વેચવાની છે**
ઓફીસ ૧૩૫ ફુટ, નવું બિલ્ડીંગ મકકમ ચોક, ગોંડલ રોડ, ૯૫૧૦૦ ૮૭૫૫૭ (૬૬૫૩)

**દુકાન વેચવાની છે**
સ્વામીનારાયણ ચોક પાસે, કસમાં ૧૨૬ ફુટ, બહારનો ભાગ ફીમાં સાથે મળે ખાણીપીણીવાળા માટે બેસ્ટ લોકેશન, મો. ૯૪૨૯૪ ૭૨૩૭૨ (૬૬૬૧)

**ફલેટ વેચવાના છે**
૦૨ રૂમ, સીટીંગ, ડાઈનીંગ મીલપરા શેરી નં.૫, બીજા માળે, ફુલ બિલ્ટઅપ ૯૦.૫૫ ચો.વાર., રાજકોટ. મો. ૯૮૨૫૬૭૩૭૭૧(૬૫૩૨/૧)

**મકાન વેચવાના છે**
૦૨ મકાન બાજુ બાજુમાં, કુલ ૧૫૩.૯૩ વાર, જે.કે.પાર્ક, શેરી નં. ૨, આલાપ ગ્રીન પાછળ , રાજકોટ. મો.૯૮૨૫૬ ૭૩૭૭૧ (૬૫૩૨/૨)

**ફલેટ વેચવાનો છે**
૧ બીએચકે, ફલેટ, આકાર કોમ્પ્લેક્ષ, ૧૫૦ ફુટ રીંગ રોડ પર, મોદી સ્કુલ પાસે વેચવાનો છે. મીત જુઠાણી : ૯૬૦૧૬ ૦૬૬૧૬–S (વિકાસ)

**વેચવાનો છે**
ફલેટ ૧ બીએચકે, ગેસલાઈન તથા લીફટવાળા સરદારનગરમાં ૪૦૦ કારપેટ, જાગનાથમાં ૫૦૦ કાર્પેટ, મો. ૯૮૯૮૫ ૬૭૬૬૧ (૬૬૭૬)

**મકાન વેચવાનું છે**
૫૦ વાર, કિ. ૨૭, લોનેબલ, મેહુલનગર–૧, કોઠારીયા રોડ ઉપર નીચે ૨ બીએચકે બંધ શેરી, મો. ૮૮૪૯૯ ૫૩૯૦૨ (૬૬૬૪)


**એપેક્ષ એડવર્ટાઈઝીંગ**
કોમર્સ હાઉસ, ઢેબર રોડ, વન-વે, રાજકોટ.
મો. ૯૪૨૬૯ ૯૧૮૦૦


**ફલેટ વેચવાનો છે**
૧- બીએચકે., ૫૫૦ કારપેટના એવા-૨ ફલેટ જોઈન્ટ પણ થઈ શકે તેવા, જનકલ્યાણ એપાર્ટમેન્ટ, એસ્ટ્રોન ચોક નાલા પાસે, મો. ૬૩૫૨૭૨૫૨૩૩

**ફલેટ વેચવાનો છે**
૨-બીએચકે., ૬૦૦ કારપેટ, પંચનાથ પ્લોટ ૧/૭ કોર્નર, મળો: મો. ૬૩૫૨૭ ૨૫૨૩૩

## ધંધાદારી

**શ્રી યમુના પેકેજીંગ – રાજકોટ**
પ્લાસ્ટીક બોકસ–પ્લાસ્ટીક બોકસ ઝટકા મશીન બનાવવા– ઓટો પાર્ટસ ઓટો મોબાઈલ્સ– નટ બોલ્ટ– મશીન પાર્ટસ– ટ્રેકટર પાર્ટસ–જેસીબી પાર્ટસ– ટુલ્સ– હાર્ડવેર–બ્રાસ પાર્ટસ– મોબાઈલ એસેસરી– વી.એમ.સી. – સી.એન.સી. – પાર્ટસ ઈલેકટ્રોનિક પાર્ટસ– ચશ્માની ફ્રેમ તથા ગ્લાસ રાખવા, મેડીકલ (દવાઓ રાખવા) સર્જીકલમાં– પ્લેટ– સ્ક્રુ તથા નેઈલ રાખવા, સોની કામના ઓજાર– ચાંદી કામ વેક્ષ માટે–કટલેરી હોઝીયરી તથા આપની નાની મોટી ફેકટરીમાં દરેક જાતના ટુલીંગ– પાર્ટસ રાખવા માટે પ્લાસ્ટીકના હેવી બોકસ હાજર સ્ટોકમાં મેળવવા માટે– શ્રી યમુના પેકેજીંગ, રાજકોટ. મો. ૯૮૭૯૪ ૭૯૬૯૫, ૯૭૨૭૮ ૭૪૨૬૬ (૬૪૯૪)

સાંઈરામ, ઘરે બેઠા આઈ.ટી. રીટર્ન અને GST સર્વિસ મેળવો, મો. ૯૩૭૬૬ ૪૨૩૬૦ (એસ/એસ)

**ગાર્ડન માટે લોનમુવર**
ઈલેકટ્રીક તથા નેમીપુઅલ લોનમુવર ભારમલ બ્રધર્સ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનની સામે, ઢેબર રોડ, રાજકોટ. મો. ૯૮૨૫૩ ૨૦૮૨૯ (મહાદેવ)

**ઘરબેઠા ફ્રીઝ રીપેરીંગ**
સીંગલ–ડબલ ડોર ફ્રીઝ માટે શ્રી સદગુરૂ રેફ્રીજરેશન, રૈયા રોડ, મો.૯૪૨૬૨ ૩૮૨૧૪ (૬૫૯૮)

**એસી, ફ્રીઝ, વોશિંગ મશીન,** વોટર કુલર, રીપેરીંગ / સર્વિસ, મહેન્દ્રભાઈ– ૯૮૨૪૬ ૯૪૫૬૭ (૬૬૩૨)

ઘર બેઠા બત્રીસી બનાવી આપશુ તથા ફિકસ દાંત ગોલ્ડન, સિલ્વર બનાવી આપશું. દાંતના તમામ કામ માટે મળો. ભારતીબેન પંડયા : ૯૯૯૮૦ ૦૧૭૧૪ (૬૫૯૯)

## યાત્રા પ્રવાસ

**બાપા સીતારામ યાત્રા સંઘ**
(૧) ચાલો શ્રી વાછરાડાડાના દર્શન કરવા (નાના રણમાં) પ્ર. દિ. ૧, ટી. રૂા. ૬૫૧, તા. ૩૧/૫/૨૪, શુક્રવાર રાત્રે (૫–સ્થળ)
(૨) ચાલો દ્વારકા, શીવરાજપુર બીચ (૭–સ્થળ) પ્ર.દિ.૧ ટી. રૂા. ૬૫૧ તા. ૨૫/૫/૨૪ શનિવાર રાત્રે
(૩) ચાલો હાથલા (શનિદેવનું જન્મ સ્થળ અમાસને ગુરૂવાર) પ્ર.દિ. ૧ ટી. રૂા. ૬૫૧, તા. ૫/૬/૨૪, બુધવાર રાત્રે (૭ સ્થળ) બપોરે એક ટાઈમ જમવાનું, વધુ વિગત માટે સંપર્ક : ૯૭૨૩૬ ૩૮૬૨૨, ૯૦૮૧૧ ૯૬૯૬૦ (૬૬૫૯)

**રાજેશ શેઠ**
**૯૯૨૫૧ ૦૦૭૩૩**

**(ઈન્ડ. જમીન વેચવાની)**
કાલાવડ રોડથી નજીક અમરેલી, સર્વે નંબર (૪) એકર મેઈન રોડ ટચ, તાત્કાલીક બઝાર કિંમતે વેચવાની.

**(ઈન્ડ. જગ્યા વેચવાની)**
ગોંડલ નેશનલ હાઈવે ટચ, બીલીયાળા સર્વે નંબર, ૨૨,૦૦૦ વાર જગ્યા અતિ મોકાની બઝાર કિંમતે વેચાણથી આપવાની.

**(ઈન્વેસ્ટ લાયક જમીન)**
ગોંડલ નેશનલ હાઈવેથી ૧૦૦/ મીટર, ટોલનાકા પછી ૧૨ એકર, જુની શરત, ફ્રી ઝોન, ઓરસ + ચોરસ, બઝાર કિંમતે વેચવાની છે.

**(મોકાનો પ્લોટ વેચવાનો)**
જામનગર રોડ, પરાપીપળીયા, સર્વે નંબર, ૧૦૦/ફુટ રોડ, ૩૦૦૦ વાર, માર્કેટ ભાવથી આપવાનો છે.

**(શોરૂમ લાયક પ્લોટ વેચવાનો)**
ગોંડલ હાઈવે ટચ, કોઠારીયા સર્વે નંબર, ૧૩૫૦ વાર જગ્યા, ઓરસ + ચોરસ, શોરૂમ + પેટ્રોલ પમ્પ + લાયક, તાત્કાલીક બઝાર કિંમતે વેચવાનો.

**(આલીશાન બંગલો વેચવાનો)**
અમીન માર્ગ નજીક એસ્ટ્રોન સોસા., ૪ બીએચકે, ફુલ્લી ફર્નિચર સાથે, ૩૦૦ વાર જગ્યા, પ્રાઈમ લોકેશન વેચવાનો.


**કામદાર પબ્લીસીટી**
કોઈપણ દૈનિક ન્યુઝ પેપરની નાની-મોટી કે ટચુકડી જાહેરાત આપવા સંપર્ક કરો
ચંદ્રકાન્તભાઈ કામદાર-૯૮૭૯૨ ૬૬૫૧૫
નિતેશ કામદાર-૯૮૯૮૯ ૭૨૮૩૮
પ્રમુખસ્વામી આર્કેડ, ૩જા માળે, માલવીયા ચોક, રાજકોટ


## જોઈએ છે

**જોઈએ છે**
ડાયશોપ સુપરવાઈઝર– ૧ (અનુભવી), ડેલ કેમ વીએમસી પ્રોગ્રામર–૨, ઓનલાઈન ફલેટ ફોર્મના સેલિંગ ફિલ્ડના અનુભવી સ્ટાફ–૪ (મેલ/ફિમેલ), વીએમસી ઓપરેટર–૩, પ્લાસ્ટિક મોલ્ડ ડાયમેકર–૩ (અનુભવી), સીટ મેટલ ડાયમેકર–૨ (અનુભવી)ટર્નર– ૨, ફીટર–૩, ડ્રીલીંગ ઓપરેટર–૩, કન્વેસનલ મીલીંગ ઓપરેટર–૨, સેલેરી : કામના પરફોર્મન્સ પર વાહન અને રહેવાની સગવડ છે. મો. ૯૮૨૪૮ ૩૫૨૫૧– R (વિકાસ)

**જોઈએ છે**
શાપરમાં કુરીયર સર્વિસના માર્કેટીંગ માટે સ્ટાફ, મો. ૯૭૭૩૨ ૭૨૩૨૭ (૬૬૮૨)

## ભાડે આપવાનું છે

**ઓફીસ ભાડે આપવાની છે**
પીઓપી, ફર્નિચર સાથે, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, મો. ૯૯૨૫૮ ૭૫૯૧૯ (૬૫૯૩)

## વેચવાનું છે

**મકાન વેચવાનું છે**
યુનિ. રોડ, નિલકંઠનગર મેઈન રોડ, યોગેશ્વર એપા.ની બાજુમાં, ૩ બીએચકે, કોમર્શિયલ લાયક, મો. ૯૮૯૮૧ ૩૪૨૪૩ (૬૬૪૮)

**૨ બીએચકે ફલેટ વેચવાનો છે**
ફર્નિચર સાથે કિં. ૨૮, જીવરાજ પાર્ક, ૯૭૨૩૮ ૫૨૩૬૬ (૬૬૮૩)


**શશી પબ્લીસીટી**
૧/૩ લક્ષ્મીવાડી કોર્નર, રાજકોટ.
દરેક પેપરની ટચૂકડી જા.ખ. માટે મળો: પ્રકાશ ગાંગડીયા
મો: ૯૮૨૫૫ ૫૫૮૪૫, ૮૮૪૯૩ ૮૦૭૪૮


## યાત્રા પ્રવાસ

**રામા ટ્રાવેલ્સ–જેતપુર**
**ધમાકા–ધમાકા–ધમાકા**
ઉજજૈન, ઓમકારેશ્વર, ચિત્રકુટ, અલ્હાબાદ, કાશી, અયોધ્યા, હરિદ્વાર, મથુરા, રામદેવડા, અંબાજી દિવસ–૨૦ ભાડુ રૂા. ૯૦૦૦/– રહેવા– જમવા સાથે ઉપડશે. તા. ૧/૬/૨૪ (૨) દિવસ–૨૦ રૂટ ઉપર મુજબ ભાડુ રૂા. ૭૦૦૦/– (ફકત ભાડુ) મો. ૯૯૭૮૮ ૧૨૫૩૮

## ભાડે આપવાનું છે

સ્વીમીંગ પુલ સાથે ભાડેથી આપવાના છે. ઓરમવન, કસ્તુરી, ઓસ્કાર ટાવર, વસંત મારવેલ, વિહાર ૧/૨/૩ બીએચકે, ફુલ ફર્નિચર સાથે / વગર તથા ધનરંજની બિલ્ડીંગમાં ઓફીસ ભાડેથી બ્રોકર : ૭૦૬૯૬ ૩૯૮૭૮

## જોઈએ છે

**ડ્રાઈવર જોઈએ છે**
બલેનો તથા સીયાજ ગાડી ચલાવી શકે તેવા અનુભવી ડ્રાઈવર, મો. ૯૪૨૯૩ ૧૬૯૩૮

## શિવ સાગર એસ્ટેટ

**ચંદ્રકાંત શેઠ : ૯૯૭૯૧ ૯૫૮૯૬**

**(સુંદર / ફલેટ)**
યાજ્ઞિક રોડ, રામકૃષ્ણનગર ૪/ બેડ, ૨૨૦૦ ફુટ, લકઝરી ફર્નિચર દરેક રૂમમાં, એ.સી. દરેક રૂમમાં, અરજન્ટ વેચવાનો. કિંમત ૧/કરોડ/ ૨૧/લાખ, છેલ્લો ભાવ અરજન્ટ

**(મકાન / અરજન્ટ)**
ભકિતનગર સોસાયટી, ૪૨૫ વાર, કોર્નર બંગલો, ભાવ વારનાં (૫૫૦૦૦) તાત્કાલીક વેચવાનું

**(સુંદર / બંગલો)**
૪/બેડ, લકઝરી ફર્નિચર નવો બંગલો કોઠારીયા રોડ, સ્વાતિ પાર્ક, ૮૦/રોડ ચોવીસ કલાસ પાણી, કિંમત (૭૫/લાખ) ૧૦૦/વારમાં આધુનિક બાંધકામ

**(સુંદર / બંગલો)**
૧૫૦ / વાર, કોર્નર, ભકિતનગર સોસાયટી બાજુમાં, સાધના સોસાયટી, ૪ / બેડ રૂમ દરેક રૂમમાં ફર્નિચર એ.સી. સાથે વેચવાનું છે. (કિંમત / ૧ / કરોડ / ૧૧ / લાખ) અરજન્ટ

**(સુંદર / બંગલો)**
૪/બેડ રૂમ, નવો બંગલો, ગાડી પાર્કિંગ, ગાર્ડન બગીચા, કિંમત ૮૫ લાખ, તાત્કાલીક વેચવાનો, ભકિતનગર સોસાયટી, બાજુમાં ગીતાંજલી

**(મકાન / કસમાં)**
૧૦૦/વાર / ૪ / બેડરૂમ, ગુંદાવાડી / ચોવીસ કલાક પાણી, કિંમત (૬૫ / લાખ) અરજન્ટ વેચવાનું

**(મકાન / તાત્કાલીક)**
કાલાવડ રોડ, કોટેચા ચોક, ૨૦૦ / વાર, ૪ બેડરૂમ માપ ૩૦/૬૦ કિંમત ૧/કરોડ/૪૦ લાખ તાત્કાલીક વેચવાનું

**(મકાન / વેચવાનું)**
૨૦૦ / વાર, રેસકોર્સ રીંગ રોડ, પાટા પછી, સૌરભ સોસાયટી, ૩૦/૬૦ માપ ભાવ ઉઘડા / કિંમત (૧ / લાખ, ૨૫ હજાર) તાત્કાલીક

**(રેસીડેન્ટ / પ્લોટ)**
૫૬૫/વાર, ૭૦/૭૩, ૫૦/નો રોડ કોર્નર ભાવ વારનાં (૨૦૦૦૦) છેલ્લો ભાવ કોઠારીયા ગામ, કોઠારીયા રોડ, અરજન્ટ વેચવાનો

**(ખેતર / વાડી / ફાર્મ)**
૨૫/એકરમાં સુંદર વાડી, આંબાનાં બગીચા ભાવ એકરનાં (૧૫/લાખ) અરજન્ટ વેચવાની, અમદાવાદ રોડ, બામણબોર ચોકડી, કંડલા રોડ, વિનયગઢ, તાત્કાલીક વેચવાની

**(સુંદર / ફાર્મ / બગીચો)**
૫૦/વિઘામાં લાઈટ, પાણી કનેકશન ફરતો બેલાનો વંડો, ભાવ વિઘાના (૫/લાખ) તાત્કાલીક વેચવાની અમદાવાદ રોડ, ચોટીલાની આગળ

**(ઈન્ડસ્ટ્રીઝ / પ્લોટ)**
ગોંડલ રોડ, વાવડી ૩૫, પુનમ ડમ્પર, ૧૨૦૦/ વાર ભાવ વારનાં (૨૫૦૦૦) અરજન્ટ વેચવાનો

**(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)**
(૧૦,૦૦૦/વાર) ૬૦/નાં ૨/ રોડ ભાવ વારનાં (૨૫૦૦) અમદાવાદ રોડ, બામણબોર / નેશનલ રોડ, એરપોર્ટ દીવાલ નજીક અરજન્ટ વેચવાનું.

**(ઈન્ડસ્ટ્રીઝ / પ્લોટ)**
૧૪,૫૦૦ / વાર, ગોંડલ રોડ, ટોલનાકા બાજુમાં, ભાવ વારનાં ૬૫૦૦/ અરજન્ટ વેચવાનો રોડ ટચ

**(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)**
૧૦૦૦/વાર, આજી વસાહત, ૮૦/ નો રોડ, ફિલ્ડ માર્શલ બાજુમાં, સોરઠીયા વાડી ચોક ભાવ વારનાં (૨૮૦૦૦) છેલ્લો ભાવ અરજન્ટ વેચવાનો.

**(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)**
શાપર / વેરાવળ, ૨૮૦૦ / વાર / ૧૮૦૦૦ ફુટ બાંધકામ તાત્કાલીક વેચવાનો, ભાવ વારનાં (૨૦૦૦૦) શાપર રાણીમીલ નજીક તાત્કાલીક વેચવાનો.

# બજરંગ ગ્રુપ આયોજીત પરિચય પસંદગી મેળાને મળ્યો અદભૂત પ્રતિસાદ








રાજકોટ, તા.૧૬


બજરંગ ગ્રુપ દ્વારા તાજેતરમાં સૌથી મોટો પરિચય પસંદગી મેળો યોજાયો હતો. મહાનુભાવોની હાજરીમાં યોજાયેલ પરિચય મેળાને ભવ્ય સફળતા મળી હતી. હેમુ ગઢવી હોલ જ્ઞાતિજનોથી ખીચોખીચ ભરાયો હતો. આ તકે પોરબંદરના જીલ્લા વિકાસ અધિકારી કેતન કક્કડ ઉપસ્થિત રહ્યા હતા. આગામી સમયમાં પરિચય મેળાની બુક લોન્ચ કરાશે.આ સફળ આયોજન બદલ બજરંગ ગ્રુપના કિશોરભાઈ કારીયા, હસમુખ ગણાત્રા, જતીન ભીંડોરા, પરેશ સેજપાલ, સુનીલ મજીઠીયા, મનુભાઈ ખંધેડીયા, ભરત માણેક, જયંત બુધ્ધદેવ, મનુભાઈ મકવાણા, અલ્કાબેન, મીનાબેન છાગાણી, હર્ષાબેન કક્કડ, નૈરૂતિબેન, હંસાબેન, જાગૃતિબેનએ 'સાંજ સમાચાર'ની મુલાકાત લીધી હતી.

## ૧૫ વર્ષનો અનુભવ ધરાવતી ક્રિસ્ટલ સ્કૂલ વિદ્યાર્થીઓને આપે છે અદ્યતન મેદાન -લેબ લાઈબ્રેરીની સુવિધા

જામનગર રોડ પર આવેલ ક્રિસ્ટલ સ્કૂલ્સમાં પ્રવેશ માટે ઘસારો જોવા મળી રહ્યો છે. ૧૫ વર્ષનો વિશાળ અનુભવ ધરાવતી આ સંસ્થાનું વાતાવરણ બાળકને આંતરીક ઉત્સાહ પુરો પાડે છે.આ સંસ્થાની વિશેષતા એ છે કે એ દરેક બાળકને તેમની આવડત આધારિત શિક્ષણ આપવામાં આવે છે સાથે અભ્યાસની સાથે-સાથે રમત-ગમત ક્ષેત્રે પણ બાળકો શ્રેષ્ઠ સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે શાળામાં બાળ વિકાસની પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે. દરેક વાલીને શાળાનું સંપુર્ણ એકેડેમીક આયોજન પ્લાન-એ અને સર્વાંગી વિકાસ માટેનું આયોજન પ્લાન-બી વર્ષની શરૂઆતમાં સમજાવી આપવામાં આવે છે કે.જી થી ધો.૧૨ આર્ટ્સ-કોમર્સ સાયન્સ બંન્ને માધ્યમમાં રેસીડેન્સીયલ યુનીટ ધરાવતી આ સંપૂર્ણ શાળાની ભૌતીક સુવિધાઓ પણ શ્રેષ્ઠ છે.આ સાથે એનઈઈટી-જેઈઈનું તજસ શિક્ષકો દ્વારા અપાતુ અલાયદુ શિક્ષણ બાળકોના કારકિર્દી ઘડતરમાં ઉપયોગી સાબીત થાય છે. તેમ શાળાના સંચાલકો જણાવે છે.












### વડવાળી જગ્યાના મહાસિધ્ધ મહાત્મા શ્રી લોહલંગરીબાપુ ચૈતન્ય સમાધિ મંદિર તથા અન્નક્ષેત્ર દ્વારા

# 'જય શ્રીરામ'ના નાદ સાથે ગોંડલમાં ૪૨ વર્ષ બાદ પૂ. મોરારીબાપુની રામકથાનું ભવ્યાતિત આયોજનઃ શનિવારથી કથાનો પ્રારંભ

## કથા સ્થળે ૧૦૦ ફૂટ ઉંચે રાષ્ટ્રધ્વજ લહેરાશેઃ વાતાનુકુલીત ડોમમાં કથાનું આયોજનઃ દરરોજ ૨૫ હજારથી વધુ લોકો કથાનું રસપાન કરશેઃ મહાપ્રસાદની વ્યવસ્થાઃ દેશ-વિદેશથી મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડશેઃ સંતો-મહંતોની પ્રેરક ઉપસ્થિતિ

રાજકોટ, તા.૧૬

'જયશ્રી રામ'ના ગગનભેદી નાદ સાથે ગોંડલમાં ૪૨ વર્ષ બાદ પૂ. મોરારીબાપુની રામકથાનો પ્રારંભ આગામી તા.૧૮ના શનિવારથી થઈ રહ્યો છે. વડવાળી જગ્યાના મહાસિધ્ધ મહાત્મા શ્રી લોહ લંગરીબાપુ ચૈતન્ય સમાધિ મંદિર તથા અન્નક્ષેત્ર દ્વારા પૂ. મોરારીબાપુની રામકથાનું આયોજન દાસી જીવણ પાર્ટી પ્લોટ-ગોંડલ ખાતે કરવામાં આવેલ છે.

આ અંગેની વિગતો આપવા 'સાંજ સમાચાર'ના આંગણે રામમઢી (સુરત)ના મહંત સંતરામબાપુ, મહંતશ્રી ઈશ્વરદાસબાપુ (સુરત) તેમજ ગોંડલના નૈમિષભાઈ દેસાઈ, જયેશભાઈ ભોજાણી, મૌલિકભાઈ પારેખ આવેલા હતા. તેઓએ જણાવ્યું કે કથા સ્થળે ૧૦૦ ફૂટ ઉંચે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે. સેન્ટ્રલ એસી ડોમ બનાવવામાં આવશે. દરરોજ કથાનો લાભ લેવા માટે ૨૦ થી ૨૫ હજાર લોકો લેશે તેમજ ૨૫ હજાર ભાવિકો માટે પ્રસાદની વ્યવસ્થા કરાઈ છે. કથાનો સમય સવારના ૧૦ થી બપોરના એક સુધીનો રહેશે.

કથામાં દેશ-વિદેશના લોકો તેમજ સંતો-મહંતોની ઉપસ્થિતિ રહેનાર છે.

તેમણે જણાવ્યું કે પંદર દિવસ પૂર્વે ગોંડલને કથા આપવા વિનંતિ કરાઈ અને પૂ. મોરારીબાપુએ તરત જ સહમતિ આપી દીધી. ગોંડલમાં ૪૨ વર્ષ બાદ પૂ. મોરારીબાપુની રામકથા યોજાતી હોવાથી ગોંડલ તથા આસપાસના ગામડાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જેતપુર રોડ ખાતે આવેલ શ્રી દાસીજીવણ પાર્ટી પ્લોટ મુકામે પૂ. મોરારીબાપુ કંઠે શ્રીરામકથાનું ભવ્ય આયોજન ગોંડલના વાળવાળી જગ્યાના લોહલંગરી બાપુ અન્નક્ષેત્ર મહામંડલેશ્વર મહંત સીતારામબાપુની અધ્યક્ષતામાં ચેતનભાઈ સાંગાણી, યુગાન્ડાના સહયોગથી તા.૧૮ થી ૨૮ મે સુધી યોજાનાર છે. જેમાં તા.૧૮ને શનિવારે પોથીયાત્રા બપોરે ૧ વાગ્યે નીકળશે ત્યારબાદ બપોરે ૪ થી ૭ કથાનો પ્રારંભ થશે. દરરોજ સવારે ૯-૩૦ થી ૧-૩૦ સુધી કથાનું રસપાન કરાવશે. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટશે.

**મહાપ્રસાદઃ-** પૂ. મોરારીબાપુની રામકથામાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત દેશ-વિદેશથી મોટી સંખ્યામાં સંતો-મહંતો, ભક્તો ઉપસ્થિત રહેશે. જેમાં બેઠક વ્યવસ્થા અને વાતાનુકુલિત કથા મંડપ તેમજ દરરોજ ૨૫ હજારથી વધુ લોકો પ્રસાદ લઈ શકે તે માટે ડોમમાં ભોજનાલયની વ્યવસ્થા કરવામાં આવી છે.

**પોથીયાત્રાનો રૂટઃ-** તા.૧૮ને શનિવારે શરુ થનાર કથામાં બપોરે ૧ વાગ્યે વડવાળી જગ્યા ભગવતપરાથી રથ-ગાડી, બાઈક વાજતે-ગાજતે પોથીયાત્રા નીકળશે. શહેરના સરકારી હોસ્પીટલ, ટાઉન હોલ, કડીયાલાઈન, ગુંદાળા દરવાજા, બસ સ્ટેન્ડ રોડ, જેતપુર રોડ, ત્રણ ખુણીયા અને દાસીજીવણ પ્લોટ કથા સ્થળે પહોંચશે. જેમાં મોટી સંખ્યામાં સાધુ-સંતો અને ભાવિકો જોડાશે.

**વડવાળી જગ્યાનો ઈતિહાસઃ-** સૌકાઓ પહેલા ગૌમંડલ ધરા-ગોંડલને કર્મભૂમિ બનાવી સત્ય અને સંસ્કારનું સિંચન કરી ભૂખ્યાને ભોજન આપી અન્નદાન મહાદાનના સુત્રને જીવન મંત્ર બનાવનાર લોહલંગરીબાપુની જગ્યા ભગવતપરા ખાતે આવેલ છે. ૫૦૦ વર્ષથી વધારેના સમય પહેલાનું વડ વૃક્ષ હોવાથી તે વડવાળી જગ્યા તરીકે પ્રચલિત છે. અખંડ ધૂણો- શિવમંદિર અને રામજી મંદિર પણ આવેલ છે. આરતી-પ્રસાદની વ્યવસ્થા પણ રખાય છે.

**મહાશિવરાત્રી નિમિત્તે જૂનાગઢ મેળામાં અનોખો સેવાયજ્ઞ**

દર વર્ષે જૂનાગઢ સ્થિત શિવરાત્રી મેળામાં સાધુ-સંતોની સેવા માટે પંડાલ નાખી ૬ દિવસ સુધી સતત ભંડારની વ્યવસ્થા કરવામાં આવે છે જેમાં ત્રણેય ટાઈમ ભોજન-ભજન દ્વારા અનોખી ભક્તિ કરવામાં આવે છે અને મોટી સંખ્યામાં સાધુ-સંતો જોડાઈ છે. વધુ માહિતી માટે બન્ટીભાઈ ભોજાણી-૯૮૨૫૨ ૨૬૨૨૬, નૈમિષ દેશાણી-૯૪૨૯૧ ૧૨૨૩૦નો સંપર્ક કરવો.

# સહારા ઈન્ડિયા કંપનીએ એજન્ટ અને જમાકર્તાની સાથે છેતરપીંડી કરી છે : કલેકટર-સીપીને આવેદન

## એજન્ટોની વેદના : કંપની રૂપિયા આપતી નથી, અને રોકાણકારો અમને ઘરે આવી ધમકીઓ આપે છે : યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી : ગાંધી ચીંદયા માર્ગે આંદોલનની ચીમકી



રાજકોટ, તા.૧૬

આજે સહારા ઈન્ડિયાના એજન્ટો અને રોકાણકારો દ્વારા પોલીસ કમિશનર અને જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રોષ સાથે આક્ષેપો કર્યા હતા કે, સહારા ઈન્ડિયા કંપનીએ એજન્ટ અને જમાકર્તાની

સાથે છેતરપીંડી કરી છે. એજન્ટોએ વેદના સાથે જણાવ્યું કે, કંપની રૂપિયા આપતી નથી, અને અમુક રોકાણકારો અમને ઘરે આવી ધમકીઓ આપે છે. આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા માગ કરી ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલનની ચીમકી અપાઈ છે.

સહારા ઈન્ડિયા સંસ્થાથી પીડિત રોકાણકારોએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, અમે સહારા ઈન્ડિયા પરીવારના કાર્યકર છેલ્લા બાર વર્ષથી પરેશાનીનો સામનો કરી રહ્યા છીએ. છેલ્લા ત્રણ વર્ષથી અમારી પાકતી મુદતનું પેમેન્ટ અમને મળતું નથી. જે અનુસંધાને સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર ગૃહમંત્રી અમિતભાઈ શાહના પ્રયાસોથી સીઆરસીએસ સહારા રીફંડ પોર્ટલ ખોલવામાં આવેલું. જે તા. ૧૮-૭-૨૦૨૩ લોન્ચ કરવામાં આવેલું. કંપનીના જણાવ્યા મુજબ ૪૫ દિવસમાં ખાતામાં રૂ.૧૦,૦૦૦ જમા થવાના હતા અને બાકીની રકમ વ્યાજ સહિત ૯ મહિનામાં એકાઉન્ટમાં જમા થઈ જશે. તેવી ખાતરી અપાઈ હતી. ૯ મહિના જેવો સમય થઈ ગયો પણ કોઈ રકમ જમા થઈ નથી. જેમાં અમારા તથા જમાકર્તાના ખાતામાં એકપણ રૂપિયા આવેલ નથી. અમારા વર્ષોની કમાણી, મરણ મૂળી સહારામાં ફસાઈ જતાં અમારી તથા અમારા જમાકર્તાઓની હાલત ખૂબ જ કફોળી તથા દયનીય બની ગઈ છે, અમારી સહનશકિતની હદ હવે પુરી થાય છે. અમારા હકકના જે પૈસા છે તે પરત અપાવવામાં અમને તંત્ર મદદરૂપ થાય. અમારી હાલત અત્યારે ખૂબ જ નાજુક છે અને જરૂર પડયે અમે ગાંધી ચિંધ્યા માર્ગનો રસ્તો અપનાવો પડે તેવી હાલત થશે. કંપની તરફથી એજન્ટ અને જમાકર્તાની સાથે બહુ જ મોટી છેતરપીંડી કરવામાં આવી છે. જમાકર્તા અમને ધમકી આપે છે અને પૈસાની માંગણી અમારી પાસે કરે છે. ઘરે આવીને ઝઘડા કરે છે. અમારા પરિવારની જાન જોખમમાં છે અને અમારી સાથે કોઈ અઘટીત ઘટના બની જશે તો તેનો જવાબદાર કોણ ? સહારા ઈન્ડિયામાં રાજકોટ ખાતે સેક્રેટરી મેનેજર યાદવ છે અને રીજીનલ મેનેજર અજીતસિંહ ચાવડા છે. અમે આ લોકોને પણ વ્યથા કહીં, પણ આશ્વાસન સિવાય કોઈ મદદ મળી નથી. આગામી દિવસોમાં અમારા પ્રશ્નોનો હલ નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે અમારે આંદોલન કરવાની ફરજ પડશે.

# કાલે ભારત સાધુ સમાજનાં અધ્યક્ષ પૂ.મુકતાનંદજી બાપુનો ૬૬મો પ્રાગટયોત્સવ ઉજવાશેઃ ગૌ શાળામાં યજ્ઞનું આયોજન

## ગુજરાત સહિત અન્ય રાજયોમાં ૭૧ સ્થળોએ રકતદાન કેમ્પ, ૪૦ સર્વરોગ નિદાન કેમ્પઃ ૧૦ પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમો સાથે દેહદાન-ચક્ષુદાનનાં સંકલ્પો લેવડાવાશેઃ સેવકગણોમાં જન્મ દિવસ ઉજવવા અનેરો ઉત્સાહ

જુનાગઢ તા.૧૬

વિસાવદર નજીક આવેલ ચાંપરડા સુરેવધામ આશ્રમના મહંત અને બ્રહ્માનંદ શૈક્ષણિક સંકુલના સંસ્થાપક અને શ્રીપંચ અગ્નિ અખાડાના સભાપતી તેમજ ભારત સાધુ સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ પુ.મુકતાનંદજી મહારાજનો આવતીકાલે ૬૬માં પ્રાગટયોત્સવની સેવક સમુદાય દ્વારા સેવા દિવસ તરીકે ઉજવવામાં આવનાર છે.

તા.૧૭-૫-૧૯૫૯ના રોજ વિસાવદર ખાતે બ્રહ્મ પરિવારમાં જન્મ થયેલ. બાળપણમાં વિસાવદર નજીક આવેલ સરસઈ ગામે પ્રાથમિક શિક્ષણ મેળવેલ ત્યારથી જ પુ.બાપુ સરસઈ ગઢમાં આવેલ નાગદેવતા મંદિરની પુજા વિધી કરતા.

પુ.મુકતાનંદબાપુએ ચાંપરડા સુરેવધામ આશ્રમના મહંત પુ. ભગવતીનંદજી બાપુના સાનિધ્યમાં રહી સેવા સમર્પણ કરી નાની વયે તેર વર્ષની ઉંમરે ભગવતીનંદ બાપુ પાસે દિક્ષા ગ્રહરણ કરી સંત અમલનો માર્ગ અપનાવ્યો અને માનવ સેવાની ધુણી ધખાવી.



દિક્ષા ગ્રહણ કર્યા બાદ પુ.બાપુ ચાંપરડાથી ખુલ્લા પગે ચાલી નર્મદા પદયાત્રા પરિક્રમા કરી ત્યારબાદ જામનગર જીલ્લાના ટપકેશ્વર મહાદેવ ખાતે તપ સાધના કરી તેમજ વડવાળા ગામ પાસેના જંગલેશ્વરના સાનિધ્યમાં તેમજ ગીરનારની છત્રછાયામાં પણ તપસ્યા કરેલ. આશરે પાંચ દાયકા પહેલા પુ. ભગવતીનંદબાપુ બ્રહ્મલીન થતા પુ.મુકતાનંદ બાપુની ચાપરડા સુરેવધામ આશ્રમના મહંત પદે આરૂઢ થયેલ ત્યારથી માનવ સેવા એજ પ્રભુ સેવા ચરિતાર્થ કરવા ચાંપરડામાં વિનામૂલ્યે અન્ન ક્ષેત્ર અને જય અંબે મલ્ટી સ્પે. હોસ્પીટલનું નિર્માણ કરી મોટો સીટીમાં મળતી તબીબી સેવાઓ પણ આ હોસ્પીટલમાં ઉપલબ્ધ કરાઈ છે. છેલ્લા એક દાયકામાં વિવિધ રોગના નિષ્ણાંત તબીબો દ્વારા આ વિસ્તારના હજારો દર્દીઓને વિનામૂલ્યે નિદાન સારવાર આપી રહ્યા છે અને આ જય અંબે હોસ્પીટલ ગરીબ દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબીત થઈ રહી છે.

આ ઉપરાંત ચાંપરડા ગાંધીનગરના પેથાપર મેંદરડા સહીતના ગામોમાં તરછોડાયેલ વૃધ્ધો માટે વૃધ્ધાશ્રમ વર્ષોથી શરૂ કરવામાં આવેલ છે ત્યાં વૃધ્ધોને પરીવારની જેમ રાખવામાં આવે છે. પુ. બાપુ દ્વારા ધાર્મિક સ્થળોએ યાત્રા કરાવે છે. અન્ન વસ્ત્ર તબીબી સારવાર પણ આપવામાં આવે છે. અને આ વૃધ્ધો પુ.મુકતાનંદબાપુમાં સાક્ષાત ભગવાનના દર્શન કરે છે. અને બાપુને જોવા ત્યાં સીધા તેના ચરણ સ્પર્શ કરવા દોડી જાય છે એ નજરે જોવા મળે છે.

કચ્છમાં આવેલ વિનાશક ભુકંપમાં માતા પિતાની છત્રછાયા ગુમાવેલ ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને દતક લઈ ભરણપોષણ અભ્યાસની જવાબદારી પણ બાપુ નિભાવી રહ્યા છે. ઉપરાંત ઉતરાખંડમાં આવેલ ભયાનક વાવાઝોડામાં લોકોને મકાન બનાવી આપેલ, અનાજ કરીયાણાની કીટ રોકડ સહાય પણ પુ.બાપુ દ્વારા કરાઈ હતી.

પુ.બાપુના જન્મોત્સવને લોકસેવા દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે સૌરાષ્ટ્ર ગુજરાત મધ્યપ્રદેશ પંજાબ સહીતના રાજયોમાં વિવિધ જગ્યાએ ૭૧ રકતદાન કેમ્પ ૪૦ સર્વરોગ નિદાન કેમ્પ ૧૦ પર્યાવરણ જાગૃતી કેમ્પ તથા વિવિધ જગ્યાએ દેહદાન ચક્ષુદાન સંકલ્પો લેવાશે તેમજ પુસ્તકાલય લાઈબ્રેરી ખુલ્લી મુકવામાં આવશે તેમ સંજયભાઈ વઘાસીયાએ જણાવેલ છે.

## રાઠોડ પરિવારનું ગૌરવ



રાઠોડ તપસ્વી સુરેશભાઈએ ધોરણ ૧૦માં તમામ વિષયમાં એ-૧ ગ્રેડ સાથે ૯૭.૪૦ પીઆર મેળવી ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરી પરિવારનું ગૌરવ વધારેલ છે.

## રવિવારે બ્રહ્મસેનાની કારોબારી બેઠક

શિક્ષણ, રોજગાર, સંપર્ક સેતુ, સ્વ રક્ષણ તથા સંગઠન દ્વારા ૨૫ વર્ષથી કાર્યરત બ્રહ્મસેનાની કારોબારી બેઠક તા.૧૯ રવિવારના રોજ સવારે ૧૦-૩૦થી ૧૧-૩૦ દરમિયાન સરસ્વતી સ્કુલ, બ્રાહ્મણીયાપરા-૧૫ ગોવિંદબાગ, શાક માર્કેટ નજીક સંત કબીર રોડ રાજકોટ ખાતે યોજાશે.

# રોજ છાસ વિતરણ : રવિવારથી આપાગીગાના ઓટલાનો નવો સેવાયજ્ઞ

## કાલે રેશનકાર્ડ અને કૂપન પર ફોર્મ વિતરણ : ૨૫ દિવસ સુધી રોજ એક લીટર છાસ અપાશે : ભાર્ગવભાઈ સોલંકી

રાજકોટ, તા. ૧૬

શ્રી આપાગીગાનો ઓટલો ચોટીલા દ્વારા સમગ્ર સૌરાષ્ટ્રમાં અલગ અલગ પ્રકારની સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવતી હોય છે. ઓટલે સંપૂર્ણપણે વિનામૂલ્યે ૨૪ કલાકનું અન્નક્ષેત્ર ધમધમતુ હોય છે. રહેવા, જમવા, ચા, પાણી, નાસ્તાની વ્યવસ્થાઓ સંપૂર્ણ વિનામૂલ્યે આપવામાં આવે છે. મહાશિવરાત્રીના મેળામાં પણ મેળા દરમ્યાન ૭ દિવસ સુધી સંપૂર્ણ વિનામૂલ્યે મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવતુ હોય છે. રાજકોટમાં શ્રાવણ માસ દરમ્યાન જન્માષ્ટમી નિમિતે મીઠાઈ તેમજ ફરસાણનું પણ વિતરણ કરવામાં આવતું હોય છે. માનવતાવાદી પ્રવૃતિઓને સાથે લઈ ચોપડા વિતરણ, ઈનામ વિતરણ વગેરે અનેક પ્રકારના સામાજીક કાર્યક્રમો કરવામાં આવતા હોય છે.

સંપૂર્ણપણે વિનામૂલ્યે છાસ વિતરણનો કાર્યક્રમ આવતા સતત ૨૫ દિવસો સુધી રાજકોટ ડેરીની (૧ લીટર લુઝ છાસ) મધ્યમ તેમજ ગરીબ વર્ગના લોકોને આ કાળઝાળ ગરમીમાં ઉપયોગી થવાની ભાવનાથી છાસ આપવામાં આવશે. જેના ફોર્મ વિતરણનો તા. ૧૭-૫ શુક્રવારે સવારે ૯.૩૦થી ફોર્મ હશે ત્યાં સુધી વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. છાસ એ મધ્યમ વર્ગનું અમૃત પીણુ કહેવાય છે. ત્યારે દરેક સમાજને ઉપયોગી થવાય તે હેતુથી કોઈપણ પ્રકારના જ્ઞાતિજાતિના ભેદભાવ વગર





તા. ૧૯-૫ રવિવાર સવારથી છાસનું વિતરણ કરવામાં આવશે. ફોર્મ માટે ઓરીજીનલ રાશનકાર્ડ (કુપન) તેમજ આધાર કાર્ડની ઝેરોક્ષ લઈને આવવાની રહેશે. ફોર્મ વિતરણ શુક્રવારે સવારે ૯.૩૦થી ફોર્મ હશે ત્યાં સુધી શ્રી ગોપીનાથ કોમ્પ્લેક્ષ, ભાર્ગવભાઈ નરેન્દ્રભાઈ સોલંકીનું કાર્યાલય, ગાયત્રીનગર મેઈન રોડ ખાતેથી આપવામાં આવશે તેમ જણાવાયું છે.

# સમસ્ત ઘેટીયા પરિવારના પિતૃ સ્મરણાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

## હિરેનભાઈ ભટ્ટ વ્યાસાસને બિરાજી તા. ૨૪ થી ૩૦ સુધી જ્ઞાનરૂપી કથાનું રસપાન કરાવશે

### શ્રીનાથજીની ઝાંખી, કાનગોપી મહોત્સવ, (હાસ્ય ડાયરા સહીતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

રાજકોટ તા. ૧૬

સમસ્ત ઘેટીયા પરિવાર દ્વારા ઘેટીયા પરિવારના પિતૃના સ્મરણાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન સ્પીડવેલ પાર્ટી પ્લોટ, શ્રીનાથધામ હવેલી સામે, અંબીકા ટાઉનશીપ ખાતે તા. ૨૪ મે શુક્રવાર થી તા. ૩૦ મે ગુરૂવાર સુધી કરવામાં આવ્યું છે. કથા શ્રવણનો સમય બપોરે ૩:૩૦ થી ૬:૩૦ કલાકનો રહેશે. શાસ્ત્રી હિરેનભાઈ ભટ્ટ (ઉપલેટાવાળા) આ ભાગવત સપ્તાહના વ્યાસાશને બિરાજશે. જેઓ પોતાની સંગીતમય સુમધુર શૈલીમાં ભાગવત ભાગીરથી કથા ગંગાનું રસપાન કરાવશે.

સમસ્ત ઘેટીયા પરિવારના સહીયારા સાથથી સેવા, સંગઠન અને સહકારની ભાવનાથી આયોજીત આ શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞમાં તા. ૨૪ થી ૩૦ સુધી કથા દરમ્યાન અનેક પાવનકારી પ્રસંગોની વિશેષ ઉજવણી કરવામાં આવશે. જેમાં તા.૨૪ ના શ્રીનાથધામ હવેલી થી સ્પીડવેલ પાર્ટી પ્લોટ સુધીની પોથી યાત્રા તથા કથાપ્રારંભ, તા. ૨૬ ના રોજ નૃસિંહ પ્રાગટય, તા. ૨૭ ના રોજ વામન અવતાર જન્મોત્સવ, શ્રી રામ જન્મોત્સવ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ,નંદ મહોત્સવ, તા. ૨૮ ના રોજ ગોર્વધનલીલા, તા. ૨૯ ના રોજ રૂક્ષ્મણી વિવાહ, તા. ૩૦ ના રોજ સુદામા ચરીત્ર જેવા સુંદર ધાર્મિક પ્રસંગોની ભવ્ય ઉજવણી કરાશે.ઘેટીયા પરિવાર દ્વારા આયોજીત આ ભાગવત સપ્તાહમાં તા. ૩૦ ના રોજ સાંજે ૬ કલાકે સમસ્ત ઘેટીયા પરિવારનું સ્નેહમિલન યોજાશે. ઘેટીયા પરિવારના પિતૃના સ્મરણાર્થે યોજાનાર આ શ્રીમદ ભાગવત સપ્તાહ દરમ્યાન તા. ૨૫ ના રોજ નીતીન લીંબડ પ્રસ્તૃત શ્રીનાથજીની ઝાંખી, તા. ૨૭ ના રોજ કાનગોપી મહોત્સવ, તા. ૨૯ ના રોજ ગુંણવંત ચુડાસમા તથા સંદીપ પ્રજાપ્રતીનો હાસ્ય દરબાર જેવા સાંસ્કૃતીક મનોરંજક કાર્યક્રમ યોજાશે.

રાજકોટના આંગણે સ્પીડવેલ પાર્ટી પ્લોટ ખાતે આયોજીત આ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના સુંદર આયોજનને સાર્થક બનાવવા મુખ્ય આયોજક સમીતીના નરેન્દ્રભાઈ ઘેટીયા, હિતેન્દ્રભાઈ ઘેટીયા, કાંતિભાઈ ઘેટીયા, અમુભાઈ ઘેટીયા, દિનેશભાઈ ઘેટીયા, રમેશભાઈ ઘેટીયા, ચિમનભાઈ ઘેટીયા, બાબુભાઈ ઘેટીયા, બિપીનભાઈ ઘેટીયા, મિલાપભાઈ ઘેટીયા, પાર્થભાઈ ઘેટીયા, યોગેશભાઈ ઘેટીયા, ચિમનભાઈ ઘેટીયા પિયુષભાઈ ઘેટીયા, વિપુલભાઈ ઘેટીયા ના માર્ગદર્શન હેઠળ વ્યવસ્થાપક સમિતીના જયેશભાઈ ઘેટીયા, પ્રિતેશભાઈ ઘેટીયા, જસવંતભાઈ ઘેટીયા, નીતીનભાઈ ઘેટીયા, ગૌતમભાઈ ઘેટીયા, મિહીરભાઈ ઘેટીયા, પ્રકાશભાઈ ઘેટીયા, અશોકભાઈ ઘેટીયા, ભગરીતભાઈ ઘેટીયા, જીતેન્દ્રભાઈ ઘેટીયા, મનસુખભાઈ ઘેટીયા, કૌશિકભાઈ ઘેટીયા, રાજુભાઈ ઘેટીયા, રજનીકાંત ઘેટીયા સહીતના સભ્યો જહેમત ઉઠાવી રહયા છે.

**રામજન્મ, કૃષ્ણજન્મ, નંદ મહોત્સવ, ગોર્વધનલીલા, રૂક્ષ્મણી વિવાહ જેવા વિવિધ પ્રસંગોની વિશેષ ઉજવણી થશે**

# પિતૃઓના મોક્ષાર્થે આવતીકાલથી શ્રીમદ ભાગવત કથાનું આયોજન

રાજકોટ તા.૧૬

મનહરપ્લોટ શેરી નં.૧ ખાતે શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞનું કાલથી તા.૨૩ સુધી આયોજન કરવામાં આવ્યું. આ ભાગવદ કથાનું આયોજન મનહર પ્લોટ શેરી નં.૧ના ભાઈઓ તેમજ બહેનોના સહયોગથી તા.૧૭-૫-૨૦૨૪ શુક્રવારથી તા.૨૩-૫-૨૦૨૪ ગુરૂવાર સુધી સર્વે પિતૃઓના મોક્ષાર્થ આયોજન કરવામાં આવ્યું. કથાનો સમય બપોરે ૩થી સાંજે ૭ વાગ્યા સુધીનો રહેશે.

આવતીકાલથી પંચદેવની પુજા દ્વારા બપોરે ૩ કલાકે પોથીયાત્રા મહાકાલેશ્વર મંદિરથી કથા સ્થળ સુધી નીકળશે તેમજ કથા દરમ્યાન તા.૧૮ શનિવારના કપીલ જન્મ પ્રાગટય તા.૧૯ને રવિવારે શ્રી વામન જન્મ પ્રાગટય તા.૨૦ને સોમવાર શ્રીરામ જન્મ પ્રાગટય આજ દિવસે શ્રી કૃષ્ણ જન્મ પ્રાગટય તેમજ ૨૧ને મંગળવારના ગોવર્ધન લીલા મહોત્સવ તા.૨૨ને બુધવાર શ્રી કૃષ્ણ-રૂક્ષ્મણીના વિવાહ તા.૨૩ ગુરુવાર સુધીમા ચરિત્ર, પરીક્ષિત મોક્ષ સહીતના માંગલીક પ્રસંગો યોજાશે. કથા પુર્ણાહુતિ તા.૨૩ને ગુરુવારના રોજ થશે. વ્યાસપીઠ ઉપર સાધુશ્રી તેજસબાપુ નિમાવત (બગદાણાવાળા) શ્રીમદ ભાગવત કથાનું રસપાન કરાવશે.

## પડધરીમાં તોતિંગ વૃક્ષ ધરાશાયી

રાજકોટઃ સૌરાષ્ટ્ર પંથકમાં ગઈકાલે ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. ત્યારે રાજકોટ જિલ્લાના પડધરી ગામે ગઈકાલે ભારે પવન ફૂંકાયો હતો. જેમાં પડધરીમાં આવેલ સરકારી અધિકારી- કર્મચારીઓના સરકારી કવાર્ટર નજીક આવેલ એક વર્ષો જૂનું તોતિંગ વૃક્ષ ધરાશાયી થયું હતું. જોકે બનાવમાં કોઈ જાનહાની થઈ નથી.





### બે મહિનાના વિજબીલ આવતા તેટલા નાણાં ૧૦ જ દિવસમાં ખત્મ થઈ જતા હોવાનો દાવો

# પ્રિ-પેઈડ સ્માર્ટમીટરથી વિજ ખર્ચ વધી ગયો! વડોદરા-જામનગરમાં હોબાળો

## વડોદરામાં ગ્રાહકોએ વિજકચેરીએ હંગામો સર્જયોઃ જામનગરમાં આવેદનપત્ર પાઠવાયુ



રાજકોટ તા.૧૬

વિજચોરી-ગેરરીતિ સહિતના દુષણો રોકવા માટે વિજતંત્ર દ્વારા રાજયભરમાં પ્રિ-પેઈડ સ્માર્ટ મીટર લગાવવાનું શરૂ કરવામાં આવ્યુ છે. પરંતુ આ સ્માર્ટમીટરના ચકકર ખૂબ ઝડપી કરે છે અને વિજખર્ચ બે-ત્રણ ગણો થઈ ગયો હોવાના દાવા સાથે વડોદરા તથા જામનગરમાં હંગામો સર્જાયો છે. બે મહિનાના સરેરાશ બીલના આધારે પ્રિ-પેઈડ કરાવાયુ હતું. પરંતુ આ નાણાં ૮-૧૦ દિવસમાં જ ખત્મ થઈ જતા હોવાની દલીલ સાથે વડોદરામાં વિજકચેરીએ ધસી જઈને ગ્રાહકોએ હંગામો કર્યો હતો. જામનગરમાં પણ સમાન ઘટનાક્રમ સર્જાયો હતો. વિજગ્રાહકો દ્વારા તપાસની માંગ સાથે આવેદનપત્ર આપ્યુ હતું.

ગુજરાતમાં આવતા બે વર્ષમાં તબકકાવાર વર્તમાન વિજમીટરના સ્થાને પ્રિ-પેઈડ સ્માર્ટમીટર લગાવવાનો પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે. પીજીવીસીએલ હેઠળ આવતા સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકોટ, જામનગર તથા વેરાવળ-સોમનાથમાં આ પ્રક્રિયા શરુ થઈ ગઈ છે. મધ્ય ગુજરાત વિજ કંપનીએ વડોદરા જેવા શહેરોમાં પ્રિપેઈડ સ્માર્ટ મીટર લગાવવાનું શરૂ કર્યુ છે. અન્ય વિજ કંપનીઓ પણ પોતપોતાના કાર્યક્ષેત્રમાં વિજમીટર લગાવી રહી છે. હવે આ સ્માર્ટમીટર સામે જ વાંધો ઉઠવા લાગ્યો છે ત્યારે તંત્રના વલણ પર મીટ છે.

વીજ કંપની દ્વારા જુના મીટરો બદલીને તેના સ્થાને નવા પ્રિ-પેઈડ સ્માર્ટ મીટરો લગાવાની શરૂઆત કરી દેવામાં આવી છે જેમાં પાયલોટ પ્રોજેકટના ભાગરૂપે વડોદરામાં અત્યાર સુધીમાં શહેરના અલગ અલગ વિસ્તારોમાં ૧૫,૩૭૨ સ્માર્ટ મીટરો લગાવી દેવામાં આવ્યા છે.જેમાં મોટાભાગના આવસ યોજનાઓમાં છે. સ્માર્ટ મીટર લગાવ્યાને હજુ એક મહિનો પણ નથી થયો તે પહેલા જ મીટરો સામે ગંભીર ફરિયાદ ઉભી થઇ છે અને અત્યાર સુધી આવતા વીજ બિલ કરતા ૩ થી ૪ ગણુ બિલ આવતુ હોવાના આક્ષેપો સાથે આજે ગોરવા અને અકોટા વિસ્તારના સ્માર્ટ મીટર ધારક વીજ ગ્રાહકોએ વીજ કંપનીની ઓફિસ ઉપર પહોચીને હોબાળો મચાવી દીધો હતો.

બે મહિનાની સરેરાશ પ્રમાણે કરેલુ રિચાર્જ ૧૦ દિવસમાં જ ખતમ થઇ ગયું આ તો કોન્ટ્રાક્ટરનો મામલો છે તેમ કહી વીજ કંપનીએ હાથ અધ્ધર કર્યા હતા

વડોદરામાં લગાવેલા ૧૫૦૦૦થી વધુ સ્માર્ટ મીટરો પૈકી અકોટામાં ૪,૫૧૧ અને ગોરવામાં ૩,૧૪૩ મીટરો લગાવાયા છે. દરમિયાન આજે સવારે પહેલા સુભાનપુરા વિસ્તારમાં આવેલ સ્વામી વિવેકાનંદ હાઇટ્સ (પ્રધાનમંત્રી આવાસ યોજના)ના લગભગ ૧૦૦થી વધુ રહિશોનું ટોળુ વીજં કંપનીની કચેરીએ પહોંચી ગયુ હતુ અને સ્માર્ટ મીટરો ખામી યુક્ત હોવાથી તેઓએ કરેલુ બે મહિનાનું રીચાર્જ ૧૦ દિવસમાં જ ખતમ થઇ ગયુ હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો.

સુભાનપુરા સ્વામી વિવેકાનંદ હાઇટ્સમાં રહેતા ભૂમિકાબેનનું કહેવું છે કે અમે આવાસ યોજનામાં રહીએ છીએ. કોઇ બંગલામાં નથી રહેતા. સ્માર્ટ મીટરો માટે અમારા ઘર જ કેમ પસંદ કરવામાં આવ્યા. જૂના મીટરમાં અમારૃ બે મહિનાનું બિલ રૃ.૭૦૦ થી ૮૦૦ આવતુ હતું. સ્માર્ટ મીટર લાગ્યું ત્યારે મે રૃ.૨૦૦૦નું રિચાર્જ કરાવ્યું હતું. પરંતુ ૧૨ દિવસમાં જ ૨૦૦૦ રૃપિયા વપરાઇ ગયા. મારો છોકરો દવાખાનામાં હતો આજે તેને લઇને ઘરે આવ્યા ત્યારે ખબર પડી કે રીચાર્જ પુરુ થઇ ગયુ છે અને કનેકશન બંધ થઇ ગયુ છે.

રહીશોએ સ્માર્ટ મીટરનો વિરોધ કરી નવા મીટર લગાડવા માંગણી કરી છે.

## સૌરાષ્ટ્રમાં રાજકોટ તથા સોમનાથ વેરાવળમાં પણ સ્માર્ટમીટર લગાવાય રહ્યા છેઃ બે વર્ષમાં સમગ્ર રાજયમાં પ્રિ-પેઈડ મીટર લગાવવાનો ટાર્ગેટ

### રાજકોટમાં કોઈ સમસ્યા નથીઃ ગ્રાહકોને ટ્રેનીંગ અપાય છેઃ જોડાણ પણ 'કટ્ટ' કરાતા નથી

પ્રિ-પેઈડ સ્માર્ટમીટરથી વિજખર્ચ અનેકગણો વધી ગયો હોવાના દાવા સાથે સર્જાયેલા ઉહાપોહ વચ્ચે પીજીવીસીએલના અધિકારી આર.જે.વાળાએ જણાવ્યુ હતું કે રાજકોટમાં હજુ કોઈ ફરિયાદો મળી નથી. સ્માર્ટ મીટરો પર્યાપ્ત લેબ ચકાસણી બાદ જ લગાવવામાં આવે છે. ગ્રાહકોને પ્રિ-પેઈડ પ્રક્રિયાની પર્યાપ્ત ટ્રેનીંગ પણ અપાય છે. પ્રિ-પેઈડમાં ૧૦૦ રૂપિયા બાકી છે ત્યારે મેસેજ મોકલવાનું શરૂ કરી દેવાય છે. ગ્રાહક સમયસર રીચાર્જ ન કરે તો ૩૦૦ રૂપિયા માઈનસ થાય ત્યાં સુધી જોડાણ કટ્ટ થતુ નથી અને વિજપુરવઠાને કોઈ અસર થતી નથી. અમુક સ્થળોએ ફરિયાદો ઉઠયાનું ધ્યાનમાં છે પરંતુ રાજકોટમાં આવી સમસ્યા નથી.

પીજીવીસીએલ દ્વારા અત્યાર સુધીમાં ૮૪૦૦ જેટલા સ્માર્ટમીટર લગાવી દેવામાં આવ્યા છે. હાલ દરરોજ સરેરાશ ૫૦૦ મીટર લગાવવામાં આવે છે.

### ભારતીયોની ૩૫૦૦૦ મિલ્કતોનું મૂલ્ય ૧૭ અબજ ડોલર

# દુબઈમાં પ્રોપર્ટી ખરીદવામાં ભારતીયો નંબર વન

### વૈભવી વ્યકિતઓમાં વ્હાઈટ કોલર, ઉદ્યોગપતિઓ, ડ્રગ્સ માફીયા, મની લોન્ડરર, મોસ્ટ વોન્ટેડનો સમાવેશ

દુબઇ, તા. ૧૬

હાલમાં એક ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ જર્નાલિસ્ટ્સ દ્વારા દુબઈના પ્રોપર્ટી માર્કેટને લઈને એક ખુલાસો કર્યો છે જે નોંધનીય છે.આ ઓર્ગેનાઈઝેશનના ૬ મહિનાના અભ્યાસ કર્યા પછી જણાવ્યું હતુંકે દુબઈમાં પાકિસ્તાનીઓની ૨૨ હજાર પ્રોપર્ટી છે. તેની કિંમત ૧૨.૫ અબજ ડોલર છે. જ્યારે ભારત આ યાદીમાં નંબર વન છે. ભારતીયોએ દુબઈમાં ૧૭ બિલિયન ડોલરની પ્રોપર્ટી ખરીદી છે. આ સિવાય આ લિસ્ટમાં દુનિયાના ઘણા વ્હાઈટ કોલર લોકોના નામ છે જેમની સામે ઘણા કેસ પેન્ડિંગ છે. જેમાં ડ્રગ માફિયા, મની લોન્ડરર અને મોસ્ટ વોન્ટેડનો સમાવેશ થાય છે.

દુબઈમાં સ્ટીલ અને કોંક્રીટના જંગલોમાં, ઘણા એવા વ્હાઈટ કોલર વ્યક્તિઓએ વૈભવી મિલકતો ખરીદી છે જેમની કમાણી તેમના વતનમાં શંકાસ્પદ લાગી રહી છે. આ યાદીમાં ઉદ્યોગપતિઓ, ડ્રગ માફિયાઓ, મની લોન્ડરર્સ, આર્મી જનરલો સહિત સમાજના ઘણા કથિત ઉચ્ચ વર્ગનો લોકોનો સમાવેશ થાય છે. આ પાવરફુલ લોકોની યાદીમાં ભારત,પાકિસ્તાનના ધનકુબેરોનો પણ સમાવેશ થાય છે. જેમણે કરોડો-અરબોની કમાણીથી દુબઈના સૌથી ધનિક વિસ્તારોમાં પોતાની હવેલીઓ ખરીદી છે.

આ ડેટાને નોર્વેની નાણાંકીય સંસ્થા ઈ૨૪ અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એન્ડ કરપ્શન રિપોર્ટિંગ પ્રોજેક્ટ સાથે શેર કરવામાં



આવ્યો હતો. આ સંસ્થાઓએ દુનિયાભરની મીડિયાએજન્સીઓ સાથે મળીને તથ્યોને શોધ્યા અને તેની તપાસ કરી હતી. આ પછી એક રિપોર્ટ પ્રકાશમાં આવ્યો જેનું નામ 'દુબઈ અનલોક્ડ' રખાયું છે. આ તપાસમાં ૫૮ દેશોના ૭૪ ભાગીદારોનો સમાવેશ થાય છે.

એક ખાનગી અહેવાલ પ્રમાણે, ૨૦૨૨ સુધીમાં દુબઈમાં રેશિડેન્શિયલ પ્રોપર્ટીના માલિકોમાં ભારતીયો પહેલા નંબર પર આવે છે. ડેટા લીક જણાવે છે કે દુબઈમાં ભારતીયોની ૩૫૦૦૦ પ્રોપર્ટી છે અને આ પ્રોપર્ટી ૨૯૭૦૦ ભારતીયોના નામે છે. ૨૦૨૨ માં આ પ્રોપર્ટીનું કુલ મુલ્ય ૧૭ અરબ ડોલર હોવાનું અનુમાન લગાવાયું હતું.

# ગુગલમાં સર્ચની પદ્ધતિ બદલી જશેઃ CEO પિચાઈએ એઆઈ ટુલવાળા અનેક નવા ફીચર્સ જાહેર કર્યા

### જેમિની એઆઈ લાંબા દસ્તાવેજોને સંક્ષિપ્ત કરી ૩૫ ભાષાઓમાં ઉપલબ્ધ કરાવશેઃ આસ્ક ફોટોઝ એઆઈ ટુલ મુશ્કેલ સવાલોના જવાબનું કામ સરળ કરી દેશે

કેલિફોર્નિયા (અમેરિકા) તા.૧૬

કેલિફોર્નિયાના માઉન્ટેન વ્યુમાં સ્થાનિક સમય અનુસાર મંગળવારે ગુગલની એક મોટી ઈવેસ્ટ આઈઓનું આયોજન કરવામાં આવ્યું છે. અલ્ફાબેટના સીઈઓ (ચીફ એકઝીકયુટીવ ઓફિસર) સુંદર પિચાઈએ ઈવેન્ટની શરૂઆત કરી હતી.



ઈવેન્ટમાં જે રીતે જેમિનીના ફીચરની જાણકારીઆપવામાં આવી હતી તેનાથી એવુ માનવામાં આવી રહ્યું છે કે ટુંક સમયમાં સર્ચ કરવાની પદ્ધતિમાં મોટો ફેરફાર જોવા મળશે.

પિચાઈએ નવા જેમિની એઆઈ સંચાલીત ફીચરના બારામાં જાણકારી આપી હતી તેમાં ગુગલ સર્ચ અને ગુગલ ફોટો માટે સર્ચ ઓવર વ્યુ અને આસ્ક ફોટો, જેમિની ૧.૫ ફલેશ, પ્રોજેકટ એસ્ટ્રા, જેમિની એઆઈસાઈડ પેનલ સામેલ છે.

સીઈઓએ ગુગલ તરફથી લાવવામાં આવનારા આગામી નવા ફીચર અને સેવાઓની જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે એન્ડ્રોઈડ સ્માર્ટફોનમાં એઆઈ સર્ચની સુવિધા આપવામાં આવશે.

**જેમિની એઆઈ અપડેટઃ** ગુગલે પોતાના એઆઈ મોડેલ જેમિની માટે અપડેટ જાહેર કર્યા છે. આ લાંબા દસ્તાવેજોને સંક્ષિપ્ત કરીને ૩૫ ભાષાઓમાં ઉપલબ્ધ કરાવશે. આ ઈવેન્ટમાં ગુગલે એઆઈ પાવર્ડ સર્ચ એન્જીન લોન્ચ કરીને આર્ટિફીશિયલ ઈન્ટેલીજન્સ ટુલને કંપનીના અન્ય ઉત્પાદનો સાથે જોડવાની જાહેરાત કરી હતી. ગુગલ આ ઈવેન્ટને ૨૦૦૮થી દર વર્ષે આયોજીત કરી રહી છે.

**આસ્ક ફોટોઝઃ** ગુગલનું આ નવું આસ્ક ફોટોઝ એઆઈ ટુલ, વોઈસ આસીસ્ટંટ જેવા ઓડિયો ફીચર્સને સક્ષમ બનાવવાને લઈને મુશ્કેલ સવાલોનો જવાબ આપવા સુધીના કામો સરળતાથી કરશે.

**પ્રોજેકટ એસ્ટ્રાઃ** ગુગલનું આ ફીચર આપને બતાવશે કે આપના રૂમમાં કયો સામાન ખોટી જગ્યાએ રાખ્યો છે. સુંદર પિચાઈએ આ નવા ઉત્પાદનની જાહેરાત કરી હતી.

ઓપન એઆઈના સોરાને ટકકર આપશે ગુગલનું વીઈઓ: આ એક મીનીટથી વધુ લાંબો વિડીયો બનાવવાની ક્ષમતા રાખે છે. જેને કરવા માટે સોરાની ટીમ કોશિશ કરી રહી છે. નવું એઆઈ મીડીયા ક્રિએશન એન્જીન વ્યુ ૧૦૮૦ પિકસમાં હાઈ કવોલિટીનો વિડીયો બનાવવાની ક્ષમતા રાખે છે. ગુગલનો દાવો છે કે આ ટુલ યુઝરના કમાન્ડને આસાનીથી સમજી શકે છે. કંપનીએ જણાવ્યું હતું કે હાલમાં ૧૫ લાખથી વધુ ડેવલપર્સ કંપની ૧.૫ વર્ઝનનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત પિચાઈએ નવું એઆઈ ટુલ અલ્ફાફોલ્ડ ૩ ના બારામાં પણ જણાવ્યું હતું.

## મ્યુચ્યુઅલ ફંડના રોકાણકારોને મોટી રાહતઃ સેબીએ કેવાયસી માટે આધાર-પાન લિંકની શરત હટાવી

### જો કે 'કેવાયસી-વેલિડેટેડ' સ્ટેટસ મેળવવું હોય તો રોકાણકારે પાન-આધારને લિંક કરવું જરૂરી



મુંબઈ: માર્કેટ રેગ્યુલેટર સેબીએ મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોને મોટી રાહત આપી છે. મ્યુચ્યુઅલ ફંડમાં લેવડ દેવડ માટે કેવાયસી રજીસ્ટર્ડ સ્ટેટસ મેળવવા માટે પાનને આધાર સાથે જોડવાની આવશ્યકતાને હટાવી દીધી છે. જો 'કેવાયસી વેલિડેટેડ' સ્ટેટસ પ્રાપ્ત કરવું છે તો રોકાણકારોએ પાન-આધારને હજુ પણ લિંક કરવું જરૂરી રહેશે.

કેપિટલ માર્કેટ રેગ્યુલેટર સેબીએ ૧ એપ્રિલથી લાગુ થયેલ 'આપના ગ્રાહકોને જાણો' (કેવાયસી)ના રિવાઈઝડ રૂલમાં ઢીલ આપી છે. એકસપર્ટસનું કહેવું છે કે આથી લાખો રોકાણકારોને ફાયદો થશે, જેમના મ્યુચ્યુઅલ ફંડ હોલ્ડ થઈ ગયા હતા અને તેમની રિ-કેવાયસી નહોતી થઈ.

રોકાણકાર આધાર, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ કે વોટર આઈડી જેવા અન્ય ઓફીશ્યલ વેલિડ ડોકયુમેન્ટસ (ઓવીડીસી)ની સાથે કેવાયસી પુરા કરીને કેવાયસી રજીસ્ટર્ડ સ્ટેટસ સ્થિતિ હાંસલ કરી શકે છે. જો રોકાણકારનું કેવાયસી વેલિડેટેડ છે તો તેનાથી પડશે કે તેમના મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી બન્ને કેવાયસી રજીસ્ટ્રેશન એજન્સી (કેઆરએ) દ્વારા માન્ય છે.

શું છે સેબીનું સંશોધન: ઓનલાઈન ઓળખ વેરિફીકેશન સેવા ફર્મ સાઈનજીના સીઈઓ અંકીત રતને જણાવ્યું હતુ કે નવા માળખા અંતર્ગત હવે કેઆરએ અધિકૃત ડેટાબેઝથી પાન, નામ, સરનામું, ઈમેલ અને મોબાઈલ નંબરનું વેરિફીકેશન કરાવી શકાય છે. જો આ વિવરણ ખરું મળે તો તેને વેરીફાઈડ રેકોર્ડ માનવામાં આવશે. સંશોધીત માર્ગદર્શન અંતર્ગત એકસચેંજો ડિપોઝીટરી સંબંધી ઈન્ટરમિડીયેટ યુનિટસને મેના અંત સુધી પોતાની સિસ્ટમમાં જરૂરી ટેકનીકમાં ફેરફાર કરવાનું કામ સોંપાયું છે.

## ભગવાન શિવના ત્રિશુલ પર વિજળી પડીઃકચ્છના મંદિરમાં ફિલ્મો જેવુ દ્રશ્ય સર્જાયું



ભુજ,તા.૧૫

આ ધરતી પર આવી અનેક કુદરતી ઘટનાઓ બનતી રહે છે જે આપણને ઘણીવાર અચંબિત કરી દે છે. તાજેતરમાં કચ્છ જિલ્લામાં પણ આવી જ કુદરતી ઘટના જોવા મળી હતી. કચ્છમાં વીડી ગામ નામનું એક નાનકડું ગામ છે. આ ગામમાં એક શિવ મંદિર છે. આ શિવ મંદિરનો એક વીડિયો બધાને ચોંકાવી રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે શિવ મંદિરમાં સ્થાપિત ભગવાન ભોલેનાથની વિશાળ મૂર્તિની આસપાસ અદભૂત રીતે વીજળી ચમકી રહી છે. જેમાં એક ક્ષણ માટે મૂર્તિમાં સ્થાપિત ત્રિશૂળ પર વીજળી પડતી જોઈ શકાય છે. વીજળી પડતાં જ તે ત્રિશૂળમાંથી પસાર થઈને પૃથ્વીમાં પ્રવેશ કરે છે. આ સમગ્ર વીડિયોમાં ભગવાન શિવનું ઉગ્ર સ્વરૂપ જોવા મળે છે. એવું લાગે છે કે આપણે કોઈ ફિલ્મનું કોઈ દ્રશ્ય જોઈ રહ્યા છીએ. જેમ કે ફિલ્મોમાં બતાવવામાં આવ્યું છે કે જ્યારે કોઈ ચમત્કાર થાય છે, ત્યારે ભારે વરસાદ શરૂ થાય છે અને ભગવાનના મંદિરની આસપાસ વીજળી પડવા લાગે છે. આ શિવ મંદિરમાં પણ લોકોને આવું જ દ્રશ્ય જોવા મળ્યું. કોઈ વ્યક્તિએ આ અદ્ભુત દ્રશ્યને પોતાના કેમેરામાં રેકોર્ડ કર્યું, જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે.

# આ જીવોની આયુષ્ય ૧૦૦-૨૦૦ વર્ષથી પણ વધુ છે !

## માછલીઓનું આયુષ્ય ઘણુ લાંબુ હોય છે

**આજની ફાસ્ટ લાઈફમાં ૧૦૦ વર્ષ સુધી જીવતા બહુ ઓછા લોકો છે, પરંતુ શું તમે જાણો છો કે હજુ પણ ઘણા એવા પ્રાણીઓ છે જે ૧૦૦થી ૨૦૦ વર્ષથી વધુ જીવે છે. આ પ્રાણીઓમાં, કેટલાક એવા છે કે જેઓ તેમની ૨૦૦ વર્ષથી વધુ ઉંમરના કારણે અમર માનવામાં આવે છે.**



### રઘેચી રોકફિશ

રઘેય રોકફિશ સૌથી લાંબી જીવતી માછલીઓમાંની એક છે. તેમની ઉંમર ૨૦૫ વર્ષ સુધીની હોઈ શકે છે. તે વૈજ્ઞાનિક રીતે Sebastes aleutianus તરીકે ઓળખાય છે જે ઉત્તર પેસિફિક મહાસાગરમાં જોવા મળતી આકર્ષક માછલીની પ્રજાતિ છે. તે કદમાં મોટું છે, લગભગ ૯૭ સેન્ટિમીટર (૩૮ ઇંચ) લાંબુ અને ૧૫ કિલોગ્રામ (૩૩ હબ) સુધીનું વજન ધરાવે છે. તેમનો રંગ ભૂરો અથવા લાલ હોય છે, જેના કારણે તેઓ તેમના ખડકાળ નિવાસસ્થાન સાથે સારી રીતે ભળી જાય છે. આ માછલીઓ માંસાહારી છે અને અન્ય માછલીઓ, સ્કિવડ અને ક્રસ્ટેશિયનનો શિકાર કરે છે.




Turritopsis dohrnii એક પ્રકારની જેલીફિશ છે. જેના શરીરમાં ન તો મગજ છે કે ન તો હૃદય. તે પૃથ્વી પર એકમાત્ર અમર પ્રાણી માનવામાં આવે છે. આ એટલા માટે પણ છે કારણ કે જ્યારે તે વૃદ્ધ થવા લાગે છે, ત્યારે તે ફરીથી યુવાન દેખાવા લાગે છે. તે આ ક્રિયાને ઘણી વખત રીપીટ કરી શકે છે. તે એક દરિયાઈ ગોકળગાય પ્રજાતિ છે જે પશ્ચિમ પેસિફિક મહાસાગરમાં જોવા મળે છે, ખાસ કરીને જાપાનની આસપાસના પાણીમાં. આ પ્રજાતિ તેના ખાસ શેલ માટે જાણીતી છે, જેમાં શંકુ આકારનું માળખું છે જે ઊંચા, સર્પાકાર ટાવર જેવું લાગે છે. શેલ સામાન્ય રીતે કથ્થઈ અથવા પીળા રંગના જટિલ લાલ અથવા ભૂરા નિશાનો સાથે હોય છે, જે તેને દરિયાઈ વાતાવરણમાં એક સુંદર અને આકર્ષક પ્રાણી બનાવે છે.




ગલાપાગોસ કાચબો વિશ્વના સૌથી મોટા જીવંત કાચબાઓમાંનો એક છે અને તે લાંબી ઉંમર માટે પ્રખ્યાત છે. તેઓ સરેરાશ ૧.૨ મીટર (૪ ફૂટ) ની લંબાઈ સુધી પહોંચે છે અને ૨૫૦ કિગ્રા (૫૫૦ પાઉન્ડ) થી વધુ વજન ધરાવે છે. આ કાચબા ૧૦૦ વર્ષથી વધુ જીવી શકે છે. આમાંના કેટલાક ૧૭૦ વર્ષથી વધુ જૂના હોવાનો અંદાજ છે. તેની ૧૫ પેટાજાતિઓ છે, દરેક દ્વીપસમૂહના વિવિધ ટાપુઓ પર જોવા મળે છે. કમનસીબે, આમાંથી ત્રણ પેટાજાતિઓ લુપ્ત થઈ ગઈ છે. ગાલાપાગોસ કાચબો મુખ્યત્વે શાકાહારી છે, ઘાસ, પાંદડા, કેક્ટસ અને ફળો ખાય છે. તેઓને લુપ્ત થવાનો ખતરો છે, અને સંરક્ષણ પ્રયાસોમાં રહેઠાણ સંરક્ષણ, સંવર્ધન કાર્યક્રમો અને શિકારી નિયંત્રણનો સમાવેશ થાય છે.



### એન્ટાર્કટિક સ્પોન્જ

એન્ટાર્કટિક સ્પોન્જ એ આકર્ષક જીવો છે જે દક્ષિણ મહાસાગરના ઠંડા, ઘેરા પાણીમાં જીવે છે. આ સરળ પરંતુ અવિશ્વસનીય રીતે અનુકૂલનક્ષમ જીવોએ પૃથ્વી પરના સૌથી કઠોર વાતાવરણમાંના એકમાં ટકી રહેવાની અસાધારણ રીતો વિકસાવી છે. કદાચ તમે પણ આ જીવની ઉંમર સાંભળીને આશ્ચર્યચકિત થઈ જશો. એન્ટાર્કટિકાના ઠંડા પાણીમાં રહેતો આ જીવ દર વર્ષે ૦.૨ મીમી વધતો રહે છે. ખાસ વાત તેમની ઉંમર છે. એક રિપોર્ટ અનુસાર આ જીવો ૫ હજારથી ૧૫ હજાર વર્ષ સુધી જીવી શકે છે. તેઓ ઠંડા તાપમાનને ખૂબ સહન કરે છે, શૂન્યથી નીચેના પાણીમાં ટકી રહેવા માટે સક્ષમ છે. તેમના શરીરમાં ખાસ પ્રોટીન સંયોજનો હોય છે જે બરફના સ્ફટિકોને તેમના કોષો બનવા અને નુકસાન કરતા અટકાવે છે.






### કોઈ માછલી

કોઈ માછલી, જેને જાપાની કૌટુંબિક વંશપરંપરાગત વિરાસત માનવામાં આવે છે, તે ૨૦૦ વર્ષોથી વધુ લાંબુ જીવી શકે છે.

તુઆયરા જેનું વૈજ્ઞાનિક નામ સ્ફેનોડોન પંકટેટસ છે, તે ન્યુઝીલેન્ડનો એક અનોખો અને પ્રાચીન સરિસૃપ છે. તેને ઘણીવાર 'જીવંત જીવાશ્મ' કહેવામાં આવે છે કારણ કે તે લગભગ ૨૦૦ કરોડ વર્ષોથી પૃથ્વી પર હાજર છે અને ડાયનાસોરના સમયથી થોડો બદલાયો છે. તેઓ સરેરાશ ૬૦ વર્ષ જીવે છે, પરંતુ તે ૧૦૦ વર્ષથી વધુ જીવી શકે છે. તેમના માથાની ટોચ પર પેરિએટલ આંખ અથવા ત્રીજી આંખ હોય છે, જે પ્રકાશ પ્રત્યે સંવેદનશીલ હોય છે અને કદાચ તેમને દિવસ-રાતના ચક્ર અને હવામાનમાં થતા ફેરફારોને સમજવામાં મદદ કરે છે. તેઓ ઠંડુ તાપમાન પસંદ કરે છે અને રાત્રે સક્રિય હોય છે. અનન્ય જડબા: તુઆતારાના ઉપરના જડબામાં દાંતની બે પંક્તિઓ હોય છે, જે તેમને ખોરાક ચાવવામાં મદદ કરે છે. તુઆયરા ફક્ત ન્યુઝીલેન્ડમાં જ જોવા મળે છે, મુખ્યત્વે નાના ટાપુઓ પર જ્યાં તેઓ શિકારી ઓછા જોવા મળે છે. તેઓ એક સમયે ભૂમિ પર વ્યાપકપણે જોવા મળતા હતા, પરંતુ શિકારીઓ અને વસવાટના નુકશાનને કારણે તેમની સંખ્યામાં ભારે ઘટાડો થયો છે. હાલમાં, તુઆયરા એક સંરક્ષિત પ્રજાતિ છે અને તેના સંરક્ષણ માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

# સહકારી ક્ષેત્રમાં સૌનો સહકાર છે : સંમતિથી નાફેડના ડિરેકટરની ચૂંટણી બિનહરીફ થઈ : મને કોઈ નારાજગી હતી નહીં : કુંડારીયા

## દેશની સૌથી મોટી સહકારી સંસ્થાની ચૂંટણીમાં પક્ષે અન્ય કોઈને મેન્ડેટ આપ્યો હોત તો હું પણ ખસી જાત : ગુજરાતના ૨૯૮ પૈકી ૧૯૮ મતદાર માત્ર રાજકોટ-મોરબીના છે



રાજકોટ, તા. ૧૬

દેશની સૌથી મોટી સહકારી સંસ્થા નાફેડના ડિરેકટર તરીકે સૌરાષ્ટ્રના આગેવાન અને પૂર્વ સાંસદ મોહનભાઇ કુંડારીયા બિનહરીફ ચૂંટાયા છે. અન્ય ચાર ઉમેદવારે સંમતિથી ફોર્મ પાછા ખેંચ્યા છે અને સૌરાષ્ટ્ર-ગુજરાતના સહકારી ક્ષેત્રમાં અસ્તિત્વની લડાઇનો કોઇ પ્રશ્ન નથી તેવું તેઓએ જણાવ્યું છે.

આજે સવારે પ્રેસ કોન્ફરન્સમાં વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે દર પાંચ વર્ષે આ સંસ્થાની ચૂંટણી થાય છે અને તા.૨૧ના રોજ મતદાન હતું. દેશભરમાં ૫૫૬, ગુજરાતમાં ૨૯૮ અને તે પૈકી ૧૯૮ મત તો સૌરાષ્ટ્રમાં છે. તેમાં પણ સૌથી વધુ મતદારો રાજકોટ અને મોરબી વિસ્તારમાં છે. આ સંજોગોમાં સહકારી આગેવાનોએ મળીને આ બેઠક પર તેઓ બિનહરીફ થાય તેવો નિર્ણય કર્યો હતો. પૂરા દેશમાંથી ૨૧ ડિરેકટર હોય છે. ગુજરાતમાંથી બીજા ડિરેકટર ધારાસભ્ય જેઠાભાઇ ભરવાડ પણ બિનહરીફ થયેલા છે. આ સંસ્થામાં વલ્લભભાઇ, રમણીકભાઇ ધામી જેવા દિગ્ગજોએ સેવા આપી છે.

ઇફકોમાં બનેલી ઘટના અંગે પૂછવામાં આવતા તેઓએ કહ્યું હતું કે સહકારી ક્ષેત્રમાં લડાઇ ન હોય. મધ્ય ગુજરાત , ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના આગેવાનોએ શાંતિથી સર્વસંમત રીતે આ ચૂંટણી બિનહરીફ કરવા મન બનાવ્યું હતું. મેન્ડેટનો નિર્ણય પક્ષ લે છે જો અન્ય કોઇ સભ્યને મેન્ડેટ મળ્યો હોત તો તેઓ પણ ફોર્મ પાછું ખેંચી લેત. ઇફકોમાં ચૂંટણી લડનારા તમામ લોકો પક્ષના જ સહકારી આગેવાનો છે. આ સંસ્થામાં બિનહરીફ ચૂંટાવાનું તેમને ગૌરવ છે.

૨૦૧૪માં જયારે કેન્દ્રમાં ભાજપની સરકાર આવી અને તેઓ કૃષિ મંત્રી બન્યા ત્યારે કોંગ્રેસે મુકેલી નાફેડ બંધ કરવાની ફાઇલ ધ્યાન પર આવી હતી. તેઓએ તુરંત આ વાત વડાપ્રધાનના ધ્યાને મુકી હતી. દેશમાં સૌથી વધુ ખેતપેદાશોની ખરીદી કરતી આ સંસ્થા ખોટમાં હતી. વડાપ્રધાને આ સંસ્થા ચાલુ રાખવાનો નિર્ણય લીધો અને ગત વર્ષે આ સંસ્થાએ ૨૫૦ કરોડનો નફો કર્યો છે.

નારાજગી અંગે તેમણે કહ્યું હતું કે પોતે કયારેય નારાજ થયા નથી. સૌએ સાથે મળીને તેમને બિનહરીફ થવાનું સૂચન કર્યુ હતું અને તે મુજબ સૌની સંમતિથી આ ચૂંટણી બિનહરીફ થઇ છે.

## NPPAની ૧૪૩ મી બેઠકમાં લેવાયો નિર્ણય

# ડાયાબિટીસ ઈન્ફેકશન, એલર્જી જેવી અનેક બિમારીઓની ૪૧ દવાઓ થશે સસ્તી



નવી દિલ્હી, તા.૧૬

ભારત સરકારે અમુક રોગોની સારવારમાં વપરાતી દવાઓના ભાવમાં રાહત આપવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્ર સરકારે ૪૧ દવાઓ અને ૬ ફોર્મ્યુલેશનની કિંમતો નક્કી કરી છે. આ પછી સુગર, પેઈન, હાર્ટ, લીવર, એન્ટાસીડ, ઈન્ફેકશન, એલર્જી, મલ્ટીવિટામીન, એન્ટીબાયોટીક્સની કિંમતો નક્કી કરવામાં આવી છે, જેના કારણે ૪૧ દવાઓ સસ્તી થશે અને તમારે આ દવાઓ માટે ઓછો ખર્ચ કરવો પડશે.


નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી ઓફ ઈન્ડિયા એટલે કે NPPAની ૧૪૩મી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે અને આ માટે ગેઝેટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. NPPA એ એક સરકારી નિયમનકારી એજન્સી છે જે ભારતમાં ફાર્માસ્યુટિકલ દવાઓના ભાવને નિયંત્રિત કરે છે.

ભારતમાં ડાયાબિટીસના ૧૦ કરોડથી વધુ દર્દીઓ છે અને વિશ્વમાં ડાયાબિટીસના સૌથી વધુ દર્દીઓ ધરાવતા દેશોમાં ભારત પણ આગળ છે. દેશમાં ડાયાબિટીસ સામાન્ય બની ગયો છે અને દવાઓ અને ઈન્સ્યુલિન પર નિર્ભર એવા ઘણા દર્દીઓ માટે આ નવા સમાચાર કેટલાક કામના સાબિત થઈ શકે છે. સામાન્ય રીતે, ચેપ અને એલર્જી સિવાય, આ મલ્ટીવિટામિન્સ અને એન્ટિબાયોટિક્સની કિંમતો ઉંચી હોય છે જેના કારણે સામાન્ય સારવારનો ખર્ચ પણ ઊંચો થઈ જાય છે. આથી સામાન્ય લોકોને આ ૪૧ દવાઓ સસ્તી થવાથી રાહત મળશે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં પણ NPPAએ ડાયાબિટીસ અને હાઈપરટેન્શન બંનેમાં વપરાતી ૬૯ દવાઓની કિંમતોમાં ઘટાડો કર્યો હતો. NPPA એ આ રોગોમાં વપરાતી ૬૯ દવાઓના ફોર્મ્યુલેશનની છૂટક કિંમત નક્કી કરી હતી અને ૩૧ ફોર્મ્યુલેશનની દવાઓની કિંમતો નક્કી કરી હતી.

# રાજસ્થાન રોયલ્સ સતત ચોથી IPL મેચ હાર્યું: પંજાબની ૫ વિકેટે જીત; કેપ્ટન સેમ કરનની ફિફટી, ૨ વિકેટ ઝડપી





## રાજસ્થાન રોયલ્સનું પ્લેઓફમાં બીજા નંબરે રહેવાનું ગણીત બગડયું

ગુવાહાટી :

IPL-૨૦૨૪ની ૬૫મી મેચમાં પંજાબ કિંગ્સે રાજસ્થાન રોયલ્સને ૫ વિકેટે હરાવ્યું હતું. પંજાબે બુધવારે સિઝનની ૫મી મેચ જીતી હતી. ટીમે ૧૦ પોઈન્ટ મેળવ્યા છે. બીજી તરફ પ્લેઓફમાં પહોંચી ગયેલું રાજસ્થાન સતત ચોથી મેચ હારી ગયું હતું.

રાજસ્થાને તેના બીજા હોમ ગ્રાઉન્ડ, ગુવાહાટીમાં ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યો. ટીમે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૪૪ રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબે ૧૮.૫ ઓવરમાં ૫ વિકેટે લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. કેપ્ટન સેમ કુરેને ૬૩ રનની અણનમ ઈનિંગ રમી હતી. ૨ વિકેટ પણ લીધી હતી. તેને પ્લેયર ઓફ ધ મેચ પસંદ કરવામાં આવ્યો હતો.

**ખેલાડીઓનું પ્રદર્શનઃ**

સેમ કરનનું ઓલ રાઉન્ડ પરફોર્મન્સ - ૪૧ બોલમાં અણનમ ૬૩ રન અને ૨ વિકેટ ઝડપી.

RR તરફથી રિયાન પરાગે ૩૪ બોલમાં ૪૮ રનની ઈનિંગ રમી હતી. રવિચંદ્રન અશ્વિને ૨૮ રન બનાવ્યા હતા. કેપ્ટન સંજુ સેમસન અને ટોમ કોહલર-કેડમોરે ૧૮-૧૮ રનનું યોગદાન આપ્યું હતું. પંજાબ તરફથી કેપ્ટન સેમ કરન, હર્ષલ પટેલ અને રાહુલ ચાહરે બે-બે વિકેટ ઝડપી હતી. નાથન એલિસ અને અર્શદીપ સિંહને એક-એક વિકેટ મળી હતી.

રિલી રૂસો અને જીતેશ શર્માએ ૨૨-૨૨ રન બનાવ્યા હતા. રાજસ્થાન તરફથી અવેશ ખાન અને યુઝવેન્દ્ર ચહલે ૨-૨ વિકેટ ઝડપી હતી.

# બેંગલોરમાં યલો એલર્ટઃ ભારે વરસાદની આગાહી

## તંત્રએ એડવાઈઝરી જાહેર કરી

બેંગ્લોર,તા.૧૬

ગાર્ડન સિટીને ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા ૧૬ મેના રોજ ભારે વરસાદ, વાવાઝોડા અને વીજળી માટે યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ચેતવણી જારી કરવામાં આવી છે. આઈએમડી તરફથી ''યલો એલર્ટ'' એ હવામાન ચેતવણી સૂચવે છે જે લોકોને સાવચેત રહેવાની સલાહ આપે છે અથવા સંભવિત પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ માટે તૈયાર.



બેંગલુરુમાં, ૧૬ મે થી ૨૧ મે સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૬, ૧૭ અને ૧૯ મેના રોજ વરસાદ સાથે આંશિક વાદળછાયું વાતાવરણ રહેશે. ૧૮ મેના રોજ ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી છે. ૨૦ અને ૨૧ મે સુધી વરસાદ અથવા વાવાઝોડા સાથે હવામાન આંશિક વાદળછાયું રહેશે. આ સમયગાળા દરમિયાન તાપમાન ૨૩ ડિગ્રી સેલ્સિયસથી ૩૩ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેશે.

શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં તાપમાન મહત્તમ ૩૩ ડિગ્રી સેલ્સિયસથી લઘુત્તમ ૨૨-૨૩ ડિગ્રી સેલ્સિયસ રહેશે રહેવાસીઓએ વરસાદની સંભાવના માટે તૈયાર રહેવા સુચના કર્યા છે.

બેંગલુરુ મહાનગરા પાલીકે (બીબીએમપી), વરસાદને કારણે થયેલા નુકસાનને ઘટાડવા માટે એક્શનમાં આવી છે. બેંગલુરુ ટ્રાફિક પોલીસે ટ્રાફિક ફ્લોને મેનેજ કરવા અને અસરગ્રસ્ત માર્ગો પર મુસાફરોને અપડેટ કરવા માટે અથાક મહેનત કરી રહી છે.

# અમદાવાદ-ઈન્દોર હાઈવે પર ભીષણ અકસ્માતઃ ડમ્પર પાછળ કાર ઘુસી જતા ૮ લોકોના મોત





ઈન્દોર (મધ્યપ્રદેશ) તા.૧૬

ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર બુધવારની રાત્રે લગભગ સાડા દસ વાગ્યે રસ્તાના કિનારે રેતી ભરીને ઉભેલા એક ડમ્પર સાથે પુરઝડપે આવેલી કાર ઘુસી જતા ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ ભીષણ દુર્ઘટનામાં આઠ લોકોના અરેરાટીભર્યા મોત નિપજયા હતા. જેના વાહન સાથે કાર ટકરાઈ હતી તેનાં ચાલક ફરાર થઈ ગયો છે. આ અકસ્માતમાં એક વ્યક્તિ ઘાયલ થયો હતો.


ઘટનાસ્થળે હાજર લોકોએ જણાવ્યું હતું કે જીપ કારમાં ૯ લોકો સવાર હતા જે પુરઝડપે જઈ રહી હતી. રસ્તાની બાજુમાં રેતી ભરેલું ડમ્પર ઉભુ હતું.

જેની પાછળ જીપ કાર જોરદાર ટકરાઈ અકસ્માત એટલો ખતરનાક હતો કે કાર ડમ્પરમાં ઘુસી ગઈ. તેમાં બેઠેલા લોકો તેમાં જ ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં પોલીસને ખૂબ જ જહેમત કરવી પડી હતી.

પોલીસે જણાવ્યું હતુ કે આશંકા છે કે ડમ્પર રેતીથી ભરેલુ હતુ અને ઘટનાસ્થળે રેતી વિખેરાઈ હતી. જેના કારણે આ અકસ્માત થવાની આશંકા છે. કારમાં સવાર લોકો બાગટાંડાથી ગુના થઈ રહ્યા હતા ત્યારે આ કરુણાંતિકા સર્જાઈ હતી. અકસ્માત બાદ ડમ્પર ચાલક નાશી છુટયો હતો. મૃતકમાં સામેલ એક શખ્સ પાસેથી પોલીસ કાર્ડ પણ મળ્યું છે. હાલ પોલીસે આ મામલામાં વિશેષ તપાસ હાથ ધરી વાહનચાલકની તલાશમાં લાગી છે. આ અકસ્માતમાં મૃતકોમાં એક પોલીસનો સમાવેશ થાય છે.

# શું ટીમ ટી-૨૦ વર્લ્ડ કપમાં બુમરાહ-સુર્યા પર જ ભરોસો કરવો પડશે ?

## ભારતીય ટીમની જાહેરાત બાદ આઈપીએલમાં પ્રદર્શન




વર્ષ ૨૦૦૭માં મહેન્દ્રસિંહ ધોનીની ટીમે પ્રથમ ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. હવે ૧૭ વર્ષ બાદ ઇતિહાસનું પુનરાવર્તન કરવાની પડકાર ભારતીય ટીમના ખભા પર છે. ટીમની જાહેરાત ૩૦ એપ્રિલે કરવામાં આવી હતી. તે પછી માત્ર વિરાટ કોહલી, જસપ્રિત બુમરાહ અને સૂર્યકુમાર જ એવા ખેલાડી છે જેમણે આઇપીએલમાં સતત પ્રદર્શન કર્યુ છે. કેપ્ટન રોહિત શર્મા અને વાઇસ કેપ્ટન હાર્દિક પંડયા સહિત અડધી ટીમ ઇન્ડિયા ફોર્મની શોધમાં લાગી રહી છે.

૨ જુનથી અમેરિકા અને વેસ્ટ વિન્ડીઝમાં આયોજિત થનારી વર્લ્ડ ટી-૨૦ની શરૂઆત થવાની છે. ટીમ ઇન્ડિયાની જાહેરાત બાદ ભારતીય ટીમના ખેલાડીઓ આઇપીએલમાં ત્રણ-ત્રણ મેચ રમી ચુકયા છે. બુમરાહ પાસે છે. સચોટ પોર્કર, ધીમા અને બાઉન્સર બોલનો એવો ફફડાટ રહ્યો છે કે બેટસમેન માટે રમવું અઘરૂ પડી જાય છે.

ભારતની ટીમની જાહેરાત બાદ તે દરેક મેચમાં વિકેટ લઇ રહ્યો છે. સિરાજ પણ શરૂઆતમાં ધીમો જણાતો હતો પરંતુ બાદમાં મેચમાં છ વિકેટ લીધી છે.જોકે તે બુમરાહ જેટલો પ્રભાવશાળી રહ્યો નથી. તેમના સિવાય વિરાટ કોહલી શરૂઆતથી જ જબરદસ્ત ફોર્મમાં છે અને તેણે આઇપીએલમાં સૌથી વધુ ૬૬૧ રન બનાવ્યા છે. બીજી તરફ કેપ્ટન રોહિત અને વાઇસ કેપ્ટન હાર્દિકની નિષ્ફળતા ચિંતાનું કારણ બની હતી.

રોહિત છેલ્લી કેટલીક મેચોમાં બિલકુલ ફોર્મમાં દેખાતો નહોતો. છેલ્લી ત્રણ મેચમાં તેણે માત્ર ૩૪ રન બનાવ્યા છે. એ જ રીતે હાર્દિકે ટીમની જાહેરાત થયા બાદ રમાયેલી ત્રણ મેચમાં માત્ર ત્રણ રન બનાવ્યા છે. સ્પિનર યુઝવેન્દ્ર ચહલ પણ ફોર્મ ગુણવતો જોવા મળી રહ્યો છે. તે ત્રણ મેચમાં માત્ર બે જ વિકેટ લઇ શકયો હતો. મધ્યમ ક્રમમાં છેલ્લા ચાર મેચમાં બે વખત તો ખાતુ પણ ખોલાવી શકયો નથી.

ચાર મેચમાં બે વખત પણ સ્કોર નથી કરતો, શિવમ દુબેને શરૂઆતમાં ચોગ્ગા-છગ્ગા માર્યા હતા પરંતુ હવે રવિન્દ્ર જાડેજાની પણ આ સ્થિતિ છે. છેલ્લી ચાર મેચોમાં તેણે એકવાર ૪૩ રન બનાવ્યા અને ત્રણ વિકેટે લીધી. બાકીની ત્રણ મેચમાં તે ખરાબ રીતે નિષ્ફળ રહ્યો હતો.

# વાહનનું પીયુસી સર્ટીફિકેટ નહીં હોય તો પેટ્રોલપંપમાં જ કેમેરો પકડી પાડશે

## પીયુસી વેલિડ નહીં હોય તો ૧૦ હજારનો દંડ



નવીદિલ્હી,તા.૧૬

વાહનોના લીધે થતાં પ્રદુષણમાં ઘટાડો કરવા સરકાર સીએનજી, એલએનજી, ઈલેકિટ્રક, તથા બાયો ફ્યુલ સંચાલિત વાહનોને પ્રોત્સાહન આપી રહી છે. બીજી બાજુ ટ્રાફિક પોલીસ પણ પ્રદુષણમાં ઘટાડો કરવા અનેક પ્રયાસો કરી રહી છે. જેના માટે પુણેમાં એક ઓટોમેટેડ સિસ્ટમ વિકસિત કરવામાં આવી રહી છે.

આ સિસ્ટમ એવા વાહનો પર નજર રાખશે, જેનું પોલ્યુશન અંડર કંટ્રોલ (પીયુસી) સર્ટિફિકેટ એકસપાયર થઈ ચૂક્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ સિસ્ટમ પુણેના પેટ્રોલ પંપ પર લાગૂ કરવામાં આવશે, જેમાં એક કેમેરો ફીટ કરવામાં આવશે. તે પેટ્રોલ ભરાવવા આવતા વાહનોની સિસ્ટમમાં નોંધાયેલા ડેટાને ઓળખી સરળતાથી તે વાહનની પીયુસી વેલિડિટી જણાવશે.

નોંધનીય છે, પીયુસી ન ધરાવતા તેમજ એક્સપાયર થઈ ગયેલા વાહનો પર રૂ. ૧૦૦૦૦નો દંડ ફટકારવાની જોગવાઈ પણ છે. આ યોજના દિલ્હીમાં પણ લાગૂ થશે.

પર્યાવરણને સુરક્ષિત રાખવા જવાબદાર નાગરિક તરીકે પોતાના વાહનની પીયુસી વેલિડિટી હંમેશા ચેક કરવી જોઈએ. અને જો એકસપાયર થઈ જાય તો તાત્કાલિક ધોરણે તપાસ કરી નવુ સર્ટિફિકેટ મેળવી લેવુ જોઈએ. મોટાભાગના પેટ્રોલ પંપ પર પ્રદુષણ તપાસ કેન્દ્ર (પીયુસી સેન્ટર)ની સુવિધા છે. જ્યાં તમે વાહનના પોલ્યુશન લેવલની તપાસ કરી માન્ય પીયુસી પ્રાપ્ત કરી શકો છો.

# લગ્નમાં મળેલી ભેટોની પણ યાદી બનાવો, અલાહાબાદ હાઈકોર્ટે આપી સલાહ

## લગ્નમાં મળેલી ભેટો દહેજ નથી, આ ભેટોની યાદીમાં વર-કન્યાની સહી કરાવવી જોઈએઃ હાઈકોર્ટ



અલાહાબાદ,તા.૧૫

હાલના સમયમાં લગ્ન બાદ થતા વિવાદોના કેસો વધી રહ્યા છે ત્યારે અલ્હાબાદ હાઈકોર્ટે એક કેસની સુનાવણી દરમિયાન મહત્વપૂર્ણ સલાહ આપી છે. જેમાં કોર્ટે કહ્યું હતું કે 'લગ્નમાં મળેલી ભેટોની યાદી બનાવવી જોઈએ અને તેના પર વર અને કન્યા બન્નેની સહીં કરાવવી જરૂરી છે. જેનાથી લગ્ન પછી થતા વિવાદો અને મામલાઓમાં મદદ મળશે.'હાઈકોર્ટે દહેજ પ્રતિબંધ કાયદો, ૧૯૮૫ને ટાંકીને કહ્યું હતું કે 'આ કાયદામાં એવો પણ નિયમ છે કે વર-કન્યાને મળેલી ભેટની યાદી પણ બનાવવી જોઈએ. જેનાથી વર-કન્યાને શું મળ્યું હતું તે સ્પષ્ટ થશે. આ ઉપરાંત કોર્ટે કહ્યું કે 'લગ્ન દરમિયાન મળેલી ભેટને દહેજના દાયરામાં રાખી શકાય નહીં.'

જસ્ટિસ વિક્રમ ડી. ચૌહાણની બેન્ચે પૂછયું કે 'દહેજની માંગના આરોપો લગાવનારા લોકો પોતાની અરજી સાથે આવી યાદી કેમ નથી બનાવતા? દહેજ નિષેધ અધિનિયમને તેની સંપૂર્ણ ભાવનાથી અનુસરવામાં આવે તે જરૂરી છે. આ સિવાય હાઈકોર્ટે કહ્યું કે 'આ નિયમ દહેજ અને ભેટ વચ્ચેનો તફાવત સમજાવે છે. લગ્ન દરમિયાન વર કે કન્યાને મળેલી ભેટને દહેજમાં સમાવી શકાય નહીં. તેમજ સ્થળ પર જ મળેલી તમામ ભેટોની યાદી બનાવવી જોઈએ અને તેના પર વર અને કન્યા બંન્નેની સહી હોવી જોઈએ. જેનાથી ભવિષ્યમાં બિનજરૂરી આરોપોને અટકાવી શકાય છે.'

હાઈકોર્ટે બાર અને બેંચના અહેવાલ અનુસાર કહ્યું હતું કે, 'કેન્દ્ર સરકાર દ્વારા દહેજ પ્રતિબંધ કાયદો, ૧૯૮૫ એ ભાવનાથી બનાવવામાં આવ્યો હતો કે ભારતમાં લગ્નમાં ભેટ આપવાનો રિવાજ છે. ભારતની પરંપરાને ધ્યાનમાં રાખીને ભેટ અલગ રાખવામાં આવી છે. આ જ કારણ છે કે જ્યારે યાદી બનાવવામાં આવશે તો બિનજરૂરી આરોપોથી બચી શકાશે. ઘણીવાર લગ્ન પછી વિવાદ થાય ત્યારે આવા આક્ષેપો કરવામાં આવે છે.'

# યુનેસ્કોના મેમોરી ઓફ ધ વર્લ્ડ રિજનલ રજીસ્ટરમાં રામચરિતમાનસ અને પંચતંત્રનો કરાયો સમાવેશ




નવીદિલ્હી,તા.૧૫

પ્રાચીન રામચરિતમાનસ હસ્તપ્રતો અને ૧૫મી સદીની પંચતંત્ર દંતકથાઓ સહિત એશિયા-પેસિફિકના ૨૦ હેરિટેજ સ્થળોનો ૨૦૨૪ માટે યુનેસ્કોના મેમોરી ઓફ ધ વર્લ્ડ રિજનલ રજિસ્ટરમાં સમાવેશ કરવામાં આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે, આ નિર્ણય મેમોરી ઓફ ધ વર્લ્ડ કમિટી ફોર એશિયા એન્ડ ધ પેસિફિકની ૧૦મી સામાન્ય બેઠકમાં લેવામાં આવ્યો હતો.

આ બેઠક ૭મી અને ૮મી મે દરમિયાન મંગોલિયાની રાજધાની ઉલાનબાતારમાં બોલાવવામાં આવી હતી.આ બેઠકનું આયોજન મોંગોલિયાના સંસ્કૃતિ મંત્રાલય, યુનેસ્કો માટેના મોંગોલિયન નેશનલ કમિશન અને બેંગકોકમાં યુનેસ્કો પ્રાદેશિક કાર્યાલય દ્વારા કરવામાં આવ્યું હતું.

આ વર્ષે વંશાવળીના રેકોર્ડમાં ખાસ સમાવેશ કરવામાં આવ્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. આમાં મોંગોલિયાના ખાલખા મોંગોલ પરિવાર અને તેમના વંશનો સમાવેશ થાય છે, ચંગીઝ ખાનનું ઘર. ચીનના હુઇઝોઉ અને મલેશિયાના કેદાહ રાજ્યના સમુદાય અને પારિવારિક ઇતિહાસનો પણ સમાવેશ થાય છે.આ વર્ષે નોંધાયેલા રેકોર્ડમાં વિજ્ઞાન અને સાહિત્યને પણ સ્થાન આપવામાં આવ્યું છે. બાંગ્લાદેશી નારીવાદી વિજ્ઞાન સાહિત્ય લેખક રોકેયા એસ. હુસૈનને પણ આમાં ઓળખવામાં આવી હતી. તેમણે તેમની ૧૯૦૫ ની વાર્તાઓ સુલતાન ડ્રીમમાં શોધ થઈ તે પહેલા જ હેલિકોપ્ટર અને સોલાર પેનલ બંનેની કલ્પના કરી હતી.

# કેરળમાં હેપેટાઈટિસ-એ વાયરસનો કહેરઃ ૧૨ના મોતઃ ૨૦૦૦થી વધુ કેસ

## તંત્રની ભૂલના કારણે ફેલાયો હેપેટાઈટીસઃપાણીમાં કલોરિન ન નખાયાનો ખુલાસો



કોઝીકોડ(કરેલ) તા.૧૫

કેરળમાં હેપેટાઈટિસ એ વાયરસ ખૂબ કહેર વરતાવી રહ્યો છે. આ વર્ષમાં અત્યાર સુધીમાં કેરળમાં હેપેટાઈટિસ એ ના ૧૯૭૭ કેસ સામે આવ્યા છે. ૧૨ લોકોના મોત નીપજ્યા છે. આ સિવાય પ્રદેશમાં ૫૫૩૬થી વધુ શંકાસ્પદ કેસ પણ સામે આવ્યા છે. જોકે તેની પુષ્ટિ તંત્ર તરફથી કરવામાં આવી નથી. આ તમામ દર્દી તે છે જે સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ગયા નથી.

કેરળના આરોગ્ય મંત્રી વીણા જ્યોર્જે હેપેટાઈટિસ એ ના પ્રકોપને જોતા કોઝિકોડ, મલપ્પુરમ, ત્રિશુર અને એર્નાકુલમમાં એલર્ટ જારી કર્યું છે. આ જિલ્લામાં સૌથી વધુ કેસ સામે આવ્યા છે. તમામ જિલ્લાના જાહેર જળાશયોમાં ક્લોરીન નાખવામાં આવી રહ્યું છે. આ સિવાય રેસ્ટોરન્ટમાં પણ ઉકાળેલું પાણી જ ઉપયોગ કરવામા આવી રહ્યુ છે.

આરોગ્ય મંત્રાલય અનુસાર પ્રદેશમાં આ વર્ષે છેલ્લા ૭ વર્ષની તુલનામાં સર્વાધિક મામલા નોંધાયા છે. હેપેટાઈટિસ એ ના નિષ્ણાત એનએમ અરુણે જણાવ્યું કે તાજેતરના વર્ષોમાં રાજ્યમાં પાણીની ગુણવત્તામાં ખૂબ ઘટાડો આવ્યો છે. જાણકારી અનુસાર હેપેટાઈટિસ એ સંક્રમિત વ્યક્તિઓના મળથી ફેલાતો રોગ છે. ઘણા સ્થળો પર પાઈપલાઈનોના લીકેજના કારણે આ મળ શુદ્ધ જળના સંપર્કમાં આવી જાય છે. ઉનાળામાં પાણીના અનિયમિત પુરવઠાના કારણે આ સ્થિતિ વધુ ખતરનાક થઈ જાય છે. જાણકારી અનુસાર સૌથી વધુ કેસ એર્નાકુલમ જિલ્લાના વેંગૂર પંચાયતથી સામે આવ્યા છે. ત્યાં ૧૭ એપ્રિલ બાદથી અત્યાર સુધી ૨૦૦ લોકો સંક્રમિત થયા છે. તેમાંથી ૪૧ લોકો ગંભીર રીતે બીમાર છે અને હોસ્પિટલમાં દાખલ છે. એક યુવકનું મોત નીપજ્યું છે. વધુ જાણકારી આપતા શિલ્પા સુધીશે જણાવ્યું કે મહામારી રાજ્ય જળ સત્તા મંડળ દ્વારા પુરવઠામાં આવેલા દુષિત પાણીના કારણે હેપેટાઈટિસ એ જેવી બીમારી ફેલાઈ છે. તેમણે જણાવ્યું કે પાણીમાં ક્લોરીન નાખવામાં આવ્યુ નહોતું.તંત્રની ભૂલના કારણે આ રોગ ફેલાયો છે.

# ડેંગ્યુની બીજી રસીને ડબલ્યુએચઓની મંજૂરી



**બે ડોઝવાળી આ રસી ચાર પ્રકારના ડેંગ્યુથી બચાવશે**

જિનિવા તા.૧૬

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ) એ ગઈકાલે ડેંગ્યુની બીજી રસીને પણ મંજુરી આપી હતી. ડબલ્યુએચઓનું આ પગલું વિશ્વભરના લાખો મચ્છરજનિત બીમારીથી બચાવવામાં મદદ કરી શકે છે.

ડબલ્યુએચઓએ બુધવારે જણાવ્યું હતું કે તેણે જાપાની ફાર્માસ્યુટીકલ કંપની ટાકેડા દ્વારા નિર્મિત ડેંગ્યુની રસીને મંજુરી આપી દીધી છે. ડેંગ્યુના વધુ પ્રકોપવાળા ક્ષેત્રોમાં ૬થી૧૬ વર્ષના બાળકોને આ રસી આપવાની ભલામણ કરવામાં આવી છે. બે ડોઝવાળી આ રસી ચાર પ્રકારના ડેંગ્યુથી બચાવશે. ટાકડોની ડેંગ્યુની રસી ક્યુડેંગાને ૨૦૨૨માં યુરોપીય મેડીસીન એજન્સી દ્વારા મંજુરી આપવામાં આવી હતી.

ડબલ્યુએચઓની મંજુરીનો મતલબ છે કે ડોનર અન્ય સંયુક્ત રાષ્ટ્ર એજન્સીઓ ગરીબ દેશો માટે રસી ખરીદી શકે છે. ટાકેડાની રસી ડેંગ્યુથી પીડિત થવા પર હોસ્પિટલમાં દાખલ થવા પર લગભગ ૮૪ ટકા અને લક્ષણો રોકવામાં ૬૧ ટકા અસરકારક છે. લગભગ ૧૨૦ લેટિન અમેરિકી અને એશિયાઈ દેશોમાં ગંભીર બીમારી અને મૃત્યુનું મુખ્ય કારણ ડેંગ્યુનો કોઈ ખાસ ઈલાજ નથી.






# યુવાનોમાં હાર્ટએટેક બાદ હવે બ્રેઈનસ્ટ્રોકના કેસોમાં ચિંતાજનક વધારો

**ભારતમાં દર ચાર મિનિટે બ્રેઈન સ્ટ્રોકથી એકનું મોતઃ યુવાનોમાં બ્રેઈન સ્ટ્રોક માટે બેઠાડું જીવન, હાઈ બીપી, હાઈપર ટેન્શન જવાબદાર**



નવીદિલ્હી,તા.૧૫

છેલ્લા કેટલાક વર્ષથી હાર્ટએટેકની સાથે બ્રેઈન સ્ટ્રોકના કેસમાં પણ ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. વિશેષ કરીને યુવાનોમાં બ્રેઈન સ્ટ્રોકનું પ્રમાણ ચિંતાજનક રીતે વધ્યું છે. અમદાવાદની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં સ્ટ્રોકના કેસમાં બમણો વધારો જોવા મળ્યો છે. અગાઉ વૃદ્ધોમાં બ્રેઈન સ્ટ્રોકના કેસ વધારે જોવા મળતાં અને યુવાનોમાં તેનું પ્રમાણ સામાન્ય હતું.

હવે ૪૦થી ઓછી વયના યુવાનોમાં પણ બ્રેઈન સ્ટ્રોકના કેસમાં વધારો જોવા મળ્યો છે. છેલ્લા કેટલાક વર્ષમાં યુવાનોમાં બ્રેઈન સ્ટ્રોકના પ્રમાણમાં બમણો વધારો થયો છે. આ અંગે ડોકટરોના મતે હાર્ટ એટેકમાં જે રીતે લોકોમાં જાગૃતિ વધી રહી છે તે રીતે બ્રેઈન સ્ટ્રોક અંગે પણ જાગૃતિ વધે તેવા પ્રયાસ હાથ ધરવા જોઈએ.

સ્ટ્રોકના લક્ષણોમાં જોઈએ તો મોંઢું,

(અનુસંધાન છઠ્ઠા પાને)

# મંજૂરી વગરના ૨૦ હોર્ડિંગ્સ મળ્યા : નોટીસો

**મનપાનો સર્વે ચાલુ : જામનગર રોડ, નવા રીંગ રોડ પર કાર્યવાહી : મનપા સલામતીનું ક્રોસ વેરીફીકેશન કરશે**

રાજકોટ, તા. ૧૬

રાજકોટમાં બે દિવસથી સાંજે ભારે પવન ફુંકાઇ રહ્યો છે ત્યારે મનપાએ ચોમાસામાં કરવાની હોર્ડિંગ ચકાસણીની સઘન કામગીરી આ વખતે પખવાડીયુ વહેલી શરૂ કરી દેવી પડી છે. પૂરા શહેરમાં હોર્ડિંગ બોર્ડ અંગે ચાલતા સર્વેમાં પશ્ચિમ રાજકોટની ભાગોળે મંજૂરી વગરના ૨૦ હોર્ડિંગ્સ ખડકાઇ ગયાનું બહાર આવતા મનપાએ નોટીસ આપીને તપાસ આદરી છે.

રાજકોટમાં મનપાની મંજૂરીવાળા સાડા પાંચસો જેટલા હોર્ડિંગ છે. મુખ્ય રાજમાર્ગો પર મહાકાય હોર્ડિંગ રહેલા છે. સ્ટીલ અને વિનાઇલ ફ્રેમ પર મારવામાં આવે છે. એજન્સીએ સમયાંતરે સલામતી અંગેનું સર્ટીફીકેટ રજૂ કરવાનું હોય છે. ૨ થી પાંચ વર્ષની મુદતના આ સર્ટીફીકેટ હોય છે પરંતુ ચોમાસાની ઋતુમાં મનપા જરૂર પડે ત્યારે ફરીથી સ્ટ્ર. રીપોર્ટ કરાવે છે. બે દિવસથી ફુંકાતા ભારે પવન વચ્ચે મનપાનો સર્વે ચાલુ છે ત્યારે શહેરની ભાગોળે જામનગર રોડ, નાગેશ્વર, નવા રીંગ રોડ તરફ વીસેક જેટલા બોર્ડ મંજૂરી વગર ખડકાયાનું ધ્યાન પર આવ્યું છે. આથી એજન્સીને નોટીસ આપવામાં આવ્યાનું એસ્ટેટ વિભાગે જણાવ્યું હતું.

મુખ્ય માર્ગો પર વિશાળ બોર્ડ હોય મનપા પોતાના સ્ટ્રકચરલ એન્જી. મારફત પણ તેની ક્રોસ ચકાસણી કરાવી રહી છે. જાહેર સલામતી માટે સાડા પાંચસો જેટલી સાઇટસના સર્ટીફીકેટ ચકાસવામાં આવ્યા છે. દરમ્યાન દબાણ હટાવ શાખા હવે મંજૂરી વગરના બોર્ડ-બેનર ઉતારવા સાથે દંડ પણ કરે છે. જેથી આ પ્રવૃતિ થોડી નિયંત્રણમાં આવી છે. હવે બોર્ડ માટે આવા વિનાઇલ બનાવનારા ધંધાર્થીને પણ પ્રિન્ટર, પ્રકાશક, પાર્ટીના નામ લખવા એસ્ટેટ વિભાગ સૂચના આપનાર છે.





**બેડી ચોકડીએ વિશાળ દિશા સૂચક બોર્ડ થાંભલા સહિત ધરાશાયી**

શહેરના ભાગોળે આવેલી બેડી ચોકડી ખાતે હાઇવે રોડ પર વાહન ચાલકો માટે દિશા સૂચક વિશાળ પોલ સાથેના બોર્ડ લગાવવામાં આવેલ છે. ગઈકાલે સાંજે વરસાદ સાથે ભારે પવન આવતા આ વિશાળ બોર્ડ ધરાશાયી થયું હતું. સદનસીબે કોઈ જાન હાનિ થઈ નહોતી. (તસવીરઃ જીજ્ઞેશ પ્રજાપતિ)

# આર.ટી.ઓ.નું સર્વર આજથી ફરી બે દિવસ ઠપ્પઃ રાજયભરમાં ભારે દેકારો

**ડ્રાઈવિંગ ટેસ્ટ સહિતની તમામ ઓનલાઈન કામગીરી બંધ થઈ જતા હજારો અરજદારો ભારે તડકામાં હેરાન થયા**

રાજકોટ તા.૧૬

વારંવાર જુદી-જુદી ક્ષતિઓનાં કારણે ઠપ્પ થઈ જતુ આરટીઓનું સર્વર ફરી એકવાર આજથી બે દિવસ માટે સારથી પોર્ટલનાં ડેટાબેઝ, મેઈન્ટેનન્સનાં બહાના હેઠળ બંધ કરવામાં આવતા રાજકોટ સહિત રાજયભરમાં આજ સવારથી જ આરટીઓને લગતી તમામ ઓનલાઈન કામગીરી ખોરવાઈ જતા અરજદારોમાં દેકારો મચી ગયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ રાજયભરમાં આરટીઓનું સર્વર પંદર દિવસ સુધી ઠપ્પ થઈ જતા રાજયવ્યાપી દેકારો મચી ગયો હતો ત્યાં ફરી આજથી બે દિવસ સુધી રાજયભરમાં આરટીઓની તમામ ઓનલાઈન કામગીરી ખોરવાઈ જતા, અરજદારોનો મરો થયો છે.

દરમ્યાન આરટીઓ વિભાગની સતાવાર યાદી મુજબ રાજકોટ જિલ્લાની મોટરીંગ પબ્લીકને જણાવવાનું કે વડી કચેરીની સૂચના મુજબ અત્રેની કચેરી ખાતે લાયસન્સ અંગેની કામગીરી હેતુ કાર્યરત સારથી પોર્ટલ ઈમરજન્સી ડેટાબેઝ મેઈન્ટેનન્સની કામગીરી હેતુ આજે તા.૧૬/૫ અને તા.૧૭/૫ સુધી બંધ રહેશે. તમામ અરજદારોની એપોઈન્ટમેન્ટ અન્ય દિવસ માટે પુનઃ આયોજીત કરવામાં આવશે. આ સમસ્યાના શક્ય એટલા જલ્દી સમાધાન માટે એન.આઈ.સી. ટીમ સતત પ્રયત્નશીલ છે.

દરમ્યાન આજથી આરટીઓનું સર્વર ફરી ઠપ્પ કરી દેવાતા ખાસ કરીને ડ્રાઈવિંગ ટેસ્ટ, નામ-સરનામા ચેન્જ, ડુપ્લીકેટ લાયસન્સ, રિન્યુઅલ, એન્ડોર્સમેન્ટ વિગેરે તમામ મહત્વની ઓનલાઈન કામગીરી બંધ થઈ જતા હજારો અરજદારોને ખાસ કરીને આજે ધોમધખતા તડકામાં આરટીએસ કચેરીનાં ધક્કા થતા ભારે રોષ ફેલાયો હતો.











